
# શ્રી રંગ જન્મશતાબ્દી સંકેત શતક

## ઉપાસનાકાંડ




શ્રીરંગોઽસ્તિ મમૈક આશ્રયતરુ રંગં ભજે સર્વદા
રંગેણૈવ મમાસ્તિ જીવનબલં રંગાય સર્વં મમ ।
રંગાદેવ વહન્તિ વિદ્યદણવો રંગસ્ય ભક્તાય વૈ
રંગે ચૈવ મમાસ્તુ ચિત્તમચલં ભો રંગ રક્ષાં કુરુ ।।

(રચયિતા : સ્વ. શ્રી જયંતીલાલ આચાર્ય)

લેખક

**પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય**

# ઉત્તમ પ્રાર્થના

હે પ્રભુ !

સંજોગો વિકટ હોય ત્યારે,
સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ.

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે,
હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવાં તે મને શીખવ.

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે,
શાંતિ કેમ રાખવી તે મને શીખવ.

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે,
ખંતથી એમાં કેમ લાગ્યા રહેવું તે મને શીખવ.

કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે,
તેમાંથી મારા ખપનું કેમ ગ્રહણ કરી લેવું તે મને શીખવ.

પ્રલોભનો, પ્રશંસા અને ખુશામત મળે ત્યારે,
તટસ્થ કેમ રહેવું તે મને શીખવ.

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે,
શ્રદ્ધા ડગુમગુ થઈ જાય,
નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે,
ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતીક્ષા
કેમ કરવી તે મને શીખવ.

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬

આવૃત્તિ : તૃતીય
જેઠ વદ બીજ, સં. ૨૦૬૨,
મંગળવાર, ૧૩મી જૂન, ૨૦૦૬.
(પ.પ.સ્વામીમહારાજ દંડગ્રહણ દિન)

પ્રત : ૫૦૦

**પ્રેમ અમૃત વર્ષ**

**રૂપિયા પચીસ**

# આશીર્વચન

માનવ જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ છે, જન્મ મરણના ફેરામાંથી છૂટકારો મેળવવાનું છે. હિંદુધર્મના તત્ત્વજ્ઞાનના ત્રણ પાયા છે : નિષ્કામ કર્મ, ઉપાસના અને જ્ઞાન. નિષ્કામ કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કર્યા પછી ઉપાસના દ્વારા વિક્ષેપને દૂર કરવાનો છે અને પછી જ્ઞાન દ્વારા આવરણનો નાશ થતાં વ્યક્તિ મુક્તિનો અનુભવ કરે છે.

પરમ તત્ત્વની પાસે (ઉપ) બેસવાની (આસન) સાધનાને જ ઉપાસના કહેવામાં આવે છે. મળ દૂર કરી ચિત્તશુદ્ધિનું કાર્ય પ્રમાણમાં સરળ છે જ્યારે ઉપાસના દ્વારા વિક્ષેપ દૂર કરવાનું કાર્ય ઘણું કપરું છે.

ભગવાન સદ્‌ગુરુ રંગ અવધૂત ગુરુમહારાજ વિરચિત શ્રીગુરુલીલામૃતના ઉપાસના કાંડના પચ્ચીસ દોહરાનું આ વિવરણ સાધકોની ઉપાસનાને વધુ સાત્ત્વિક અને નિષ્ઠાવાળી બનાવવામાં મદદરૂપ બનશે એવી શ્રદ્ધા છે.

પોતાના માતાપિતાના સ્મરણાર્થે આ પુસ્તક પ્રકાશિત કરવાની સૌ.દક્ષાની વૃત્તિ પ્રશંસનીય છે.

સાચી ઉપાસના દ્વારા ગુરુમહારાજના સાચા સંતાનો બનવાનો પ્રયત્ન કરીએ તો ગુરુમહારાજના આશીર્વાદ મળે જ. ગુરુમહારાજના આશીર્વાદને કારણે જ આવું પુસ્તક પ્રકાશિત થઇ શકે. એમના આશીર્વાદ હોય પછી અન્યના આશીર્વાદની અપેક્ષા શા માટે?

એમના આશીર્વાદમાં શું મારા આશીર્વાદ નથી?

**ૐ**
**પ્રેમ**

અવધૂત કુટિર
લીંચ (ઉ.ગુ.) - ૩૮૪૪૩૫
(૦૨૭૬૨-૨૮૨-૩૪૩)

# લેખકનું નિવેદન

શ્રીરંગ જન્મશતાબ્દિ વર્ષમાં ઉપાસના કાંડના પચ્ચીસ દોહરાને આવરી લેતું સંકેત શતક પરિવારમાં પ્રશંસા પામ્યું. ઉત્સાહ મળવાથી કર્મકાંડના પાંત્રીસ અને જ્ઞાનકાંડના એકતાલીસ દોહરાનું વિવરણ કરતાં અલગ પુસ્તકો પ્રકાશિત થયાં. ઉપાસના કાંડની બીજી આવૃત્તિ પણ ખલાસ થઈ ગઈ. આ બધાનું પ્રેરક બળ વિદેશમાં વસતા શ્રીશૈલેશભાઈ ગાંધી હતાં.

તૃતીય આવૃત્તિનું પ્રકાશન પ્રેમ અમૃત વર્ષમાં થઈ રહ્યું છે એ મારે મન ભારે આનંદની વાત છે. નારેશ્વરના પૂજાધિકારી સ્વ.રતિલાલ પંડ્યા અને એમના ધર્મપત્ની સ્વ.કમળાબેન પંડ્યાની સ્મૃતિમાં એમના પુત્રી સૌ.દક્ષાબેન પંડ્યા આ પુસ્તિકાનું પ્રેરક બળ બન્યા છે એ પણ સુભગ યોગ છે.

પૂ.પ્રેમ અવધૂતજીનો એમના કુટુંબ પ્રત્યેનો નિર્વ્યાજ પ્રેમ પણ આ પ્રકાશનની મહેક છે. એમણે આશીર્વચન લખી આપી અમને ઋણી બનાવ્યા છે.

વાચકોના અભિપ્રાયો અને સૂચનો આવકાર્ય છે.

અમદાવાદ
નિર્જળા એકાદશી
સં.૨૦૬૨
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬

**કુલીન ઉપાધ્યાય**

# સંકેત : ૧

**માટે ચાલ્યો ધર્મ જે, ના કરવો પ્રતિબદ્ધ;**
**વધારવો ઊલટો યથાશક્તિ રહી અમત્ત.**

(અ.૧૦૭ દો.૩૫)

ભગવાન રંગાવધૂત વિરચિત શ્રીગુરુલીલામૃતમાં જ્ઞાન, કર્મ અને ઉપાસના એવા ત્રણ કાંડ છે. ઉપરોક્ત દોહરો ઉપાસના કાંડમાંથી લીધો છે.

શ્રીગુરુલીલામૃતમાં ગુરુ એ જ્ઞાનનું સૂચક છે, લીલા એ કર્મનું સૂચક છે અને અમૃત એ ઉપાસનાનું સૂચક છે. આ જ્ઞાન, કર્મ અને ઉપાસના 'શ્રી' યુકત હોવાં જોઈએ એ સૂચવવા માટે 'શ્રીગુરુલીલામૃત' નામ યોજ્યું છે.

હિન્દુ ધર્મના પાયામાં નિષ્કામ કર્મ દ્વારા ચિત્તની શુદ્ધિ, ઉપાસના દ્વારા વિક્ષેપનો નાશ અને જ્ઞાન દ્વારા આવરણ દૂર કરવાનું હોય છે. આ આવરણ દૂર થાય એટલે મુક્તિનો અનુભવ થાય.

આ દોહરો જે પ્રસંગના અનુસંધાનમાં લખાયો છે તે પ્રસંગ આ પ્રમાણે છે. માણગાંવ નામના ગામમાં ભાસ્કર ભટ્ટ ઓળકર નામે એક પ્રામાણિક બ્રાહ્મણ રહેતો હતો. સહ્યાદ્રિનો ઘાટ ઊતરીને જે બ્રાહ્મણ માણગાંવ આવે તેને આ ભાસ્કર ભટ્ટ ભોજન આપતો હતો. કાળક્રમે એની પત્નીનું મૃત્યુ થતાં ઘરનો વહીવટ દીકરાની વહુના હાથમાં આવ્યો. પુત્રવધૂને બ્રાહ્મણો જમાડવાનું ગમતું ન હોવાથી તે ઘરમાં કલેશ કરવા લાગી. આખરે ભાસ્કર ભટ્ટ ઘર છોડીને જતા રહ્યા. એક દિવસ સહ્યાદ્રિનો ઘાટ ઊતરીને ભૂખ્યો અને થાકેલોપાકેલો બ્રાહ્મણ ભાસ્કર ભટ્ટને ઘરે આવ્યો. ઘર અંદરથી બંધ

ઉપાસના દ્વારા વિક્ષેપને દૂર કરવાનો છે.

હતું. સાંકળ ખખડાવવા છતાં કોઈએ ઘર ખોલ્યું નહિ તેથી કંટાળીને એ બ્રાહ્મણ જોડેના ઘરે ગયો. આ ટેંબેનું ઘર હતું. વાસુદેવને બ્રાહ્મણે પૂછ્યું કે ભાસ્કર ભટ્ટના ઘરમાં કોઈ છે છતાં બારણું કેમ ખોલતું નથી? ભાસ્કર ભટ્ટનાં પુત્રવધૂ વિશે વાત કરી ત્યારે એ બ્રાહ્મણે કહ્યું કે એની પુત્રવધૂએ આ ઠીક નથી કર્યું. આપણા પૂર્વજોએ શરૂ કરેલો ધર્મ વધારવો જોઈએ, બંધ ના કરવો જાઈએ.

આ દોહરામાં પૂ.શ્રી **ત્રણ** વાતો કહેવા માંગે છે.

(૧) ઘરમાં ચાલ્યો આવતો ધર્મ બંધ કરવો નહિ.
(૨) બને તો યથાશક્તિ એમાં વધારો કરવો.
(૩) આ ધર્મની વૃદ્ધિ નિરભિમાની બનીને કરવી.

ધૃ- ધારયતિ ઉપરથી ધર્મ શબ્દ આવ્યો છે. જે સમાજને ધારણ કરે, સમાજને ટકાવી રાખે તે ધર્મ.

**ધર્મ એટલે મનુષ્યની અંદર રહેલા દૈવી અંશનું પ્રગટીકરણ.** જીવન શા માટે જીવવું અને જીવન કેવી રીતે જીવવું એ ધર્મ શિખવાડે છે. આમ ધર્મ એ જીવન જીવવાનું વિજ્ઞાન છે અને જીવન જીવવાની કળા પણ છે.

ધર્મમાં માનવતાનું ઉદાત્તીકરણ છે. પૂ.શ્રીરંગ અવધૂત જણાવે છે તેમ માનવતાવિહોણો ધર્મ હોઈ જ ન શકે. માનવતાની પરાકાષ્ટા એટલે જ દેવત્વની પ્રાપ્તિ અને એ પ્રાણીમાત્રમાં, અરે ! વસ્તુમાત્રમાં, નિગૂઢ દેવત્વની અનુભૂતિ એટલે જ આત્મસાક્ષાત્કાર કે સ્વાનુભૂતિ.

ધર્મનો એક અર્થ 'ફરજ' પણ થાય છે. ધર્મ દ્વારા દૈવી ગુણો ખીલવવાના હોય છે. સહન કરવાની વૃત્તિ, કોઈને માટે ઘસાઈ છૂટવાની વૃત્તિ, જતું કરવાની વૃત્તિ વગેરે વિકસાવવાની છે. ધર્મ સમાજને સંગઠિત કરે છે.

પૂ.શ્રીઅવધૂતજી જણાવે છે કે: **ધર્મ એ ભિન્ન મનના માનવીઓને બાંધનારો વજ્રરસ છે.**

ઉપાસના એટલે પરમ તત્ત્વની પાસે (ઉપ) બેસવું (આસન).

આપણા વડીલો દ્વારા શરૂ થયેલું સત્કાર્ય આપણે સતત આગળ ધપાવીએ એ **પહેલી** વાત. યુવાનીના અભિમાનમાં અવિવેકી બનીને એ કાર્ય બંધ કરવાનું નથી. વડીલો દ્વારા આચરાતા ધર્મને શ્રદ્ધાથી સ્વીકારીને, વડીલો પ્રત્યેના ઋણના સ્વીકારરૂપે એ પરંપરા જાળવી રાખવાની છે. યુવાની દીવાની છે એ ધ્યાનમાં રાખી ખોટા તર્કો કરી, આ બધું તો ખોટું છે, નકામું છે કે અંધશ્રદ્ધાવાળું છે એમ કહીને ધર્મકાર્ય બંધ કરવાનું નથી. **'વિનાશકાળે વિપરીત બુદ્ધિ'** એ ન્યાયે વ્યક્તિ જ્યારે વડીલો દ્વારા ચાલ્યો આવતો ધર્મ બંધ કરે ત્યારે સમજવાનું કે કાંઈ અનિષ્ટ થવાની તૈયારી થઈ રહી છે.

માણસ આપદ્કાલમાં પણ પરંપરા જાળવી રાખે તો તે સાચો માનવી. ગોસ્વામી તુલસીદાસજી લખે છે કે:

**પરહિત સરિસ ધર્મ નહિ ભાઈ |**
**પરપીડા સમ નહિ અધમાઈ ||**

**ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી |**
**આપતકાલ પરખીયે ચારી ||**

આમ પરંપરાથી ચાલ્યા આવતા ધર્મને બંધ કરવા સામે પૂ.શ્રી લાલબત્તી ધરે છે.

**બીજી વાત** એ કે બને તો ધર્મ થોડો વધારવો. બાપ-દાદાથી ચાલ્યા આવતા ધર્મનું સંરક્ષણ એ પહેલી વાત અને સંવર્ધન એ બીજી વાત. સારું છે તો સ્વીકારો. સ્વીકારો તો સાચવો અને સાચવો તો તેનું સંવર્ધન કરો, એમાં વધારો કરો.

સાચા ધર્મનો સ્વીકાર અને તેનું સંવર્ધન વ્યક્તિને માટે તો આશીર્વાદરૂપ છે જ પરંતુ એનાં સંતાનોમાં પણ સારા સંસ્કારનું સિંચન કરે છે. બાળક આચાર જોઈને શીખે છે, ઉપદેશથી શીખતું નથી.

વિક્ષેપ એટલે મનનું આમ તેમ ભટકવું-ચંચળતા.

ધર્મકાર્યમાં ઘસાવાનું હોય છે પણ એમાં જ માનવતા મહેકતી હોય છે. ધર્મકાર્યો કરવાનું કામ એ અત્તર લગાવવાનું કામ છે. બીજાને તો સુગંધી મળતાં મળે પણ લગાડનારને તો સૌથી પહેલાં સુગંધી મળે છે.

ધર્મકાર્ય દ્વારા ઘરમાં સાત્ત્વિક વાયુમંડળ સર્જાતું હોય છે. મનનો સુમેળ સર્જાવવાથી તન પણ સ્વસ્થ રહેતું હોય છે. **યતો ધર્મસ્તતો જય ।** એ મહાભારતનું વાક્ય યાદ રાખવા જેવું છે. આપણે ધર્મને સાચવીશું તો એ સચવાએલો ધર્મ આપણને સાચવશે. **ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।**

**ત્રીજી અને છેલ્લી વાત** એ છે કે ધર્મમાં વધારો કર્યા પછી એનું અભિમાન ન થવું જોઈએ. અભિમાન એ સુરાપાન છે. જેમ દારૂ પીવાથી માણસ ભાન ભૂલે છે તેમ અભિમાનથી પણ માણસ ભાન ભૂલે છે. "દયા ધર્મકા મૂલ હૈ, પાપમૂલ અભિમાન" નો અર્થ જ એ છે કે માણસ અભિમાની થતાં વિવેકનો નાશ થાય છે અને તે પાપ કાર્ય તરફ ગતિ કરે છે.

સત્કાર્ય કે ધર્મકાર્ય કર્યા પછી નમ્રતા આવવી જોઈએ. પોતે તો નિમિત્તમાત્ર છે એવી ભાવના થવી જોઈએ અને પોતાને ધર્મકાર્ય કરવા માટે નિમિત્ત બનાવનાર પ્રભુનો પાડ માનવો જોઈએ. જેમ ઝાડને ફળ લાગવાથી તે નમે છે તેમ સાચા ધર્મવૃદ્ધિરૂપ કાર્ય કરનાર પણ નમ્ર બનવો જોઈએ.

અભિમાની વ્યક્તિ બીજાને તુચ્છ સમજે છે. એની સાથે માનવતાવિહોણું વર્તન કરે છે. પોતે કરે તે સાચું અને પોતે કહે તે જ સાચું એવી દૃષ્ટિ આવવાથી એ પતનનો પંથ પકડે છે. એની વાણી અને આંખ બંને વિષમય બને છે, જે એના જીવનને વિષમ બનાવે છે.

રાવણ, દુર્યોધન, કંસ બધાં અભિમાનમાં જ મર્યા.

વિક્ષેપ દૂર કરવાથી ચિત્ત એકાગ્ર બને છે.

આપણને મળેલી સંપત્તિનો સન્મતિથી ઉપયોગ કરીએ. બધા માટે પ્રેમ રાખીએ અને વર્તનમાં સરળતા દાખવીએ. નેણ અને વેણ મીઠાં રાખીએ અને દરેક સાથે વર્તન કરતી વખતે એનામાં રહેલા પરમાત્માનો સ્વીકાર કરીએ.

રૂના ઢગલાને બાળી નાંખવા અગ્નિનો એક તણખો પૂરતો છે એમ સત્કાર્યના ઢગલાને ભસ્મીભૂત કરવા થોડું અભિમાન પૂરતું છે.

'ધર્મ'નું પાલન કરવું, ધર્મકાર્યની વૃદ્ધિ કરવી વગેરેમાં લક્ષ્મીને પવિત્ર કરવાની પણ શુભદૃષ્ટિ છે. **ધર્મથી કમાવવું અને આવી કમાણીમાંથી થોડું ધર્મમાં વાપરવું એ સુખી થવાનો રાજમાર્ગ છે.** પોતાની કમાણીમાં અન્યના હકકનો સ્વીકાર કરવો એ માનવતાવાદી વિચારધારા છે. કોઈપણ વ્યક્તિ જે જીવન જીવે છે તે માટે તે અનેક વ્યક્તિઓની મદદ લે છે. આપણી જરૂરિયાતો સંતોષવા માટે અનેક વસ્તુઓની જરૂર પડે છે. ખેડૂત અનાજ પકવે છે, વણકર વસ્ત્ર વણે છે, કડિયો મકાન ચણે છે, વગેરે. આવી વાતોની યાદી બનાવીએ તો આપણે કેટલાના ઋણી છીએ તેનો ખ્યાલ આવશે. જન્મ આપનાર માતા-પિતા, પ્રેમ આપનાર ભાઈ-બહેન, જ્ઞાન આપનાર ગુરુ કે સર્વ સમર્પણ કરનાર પત્ની. આ બધાંના ઋણના સ્વીકારરૂપે ચાલ્યા આવતા ધર્મનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનું છે.

માનનીય શ્રી દીનદયાળ ઉપાધ્યાયે 'ધર્મ'ને સાચા અર્થમાં સમજાવવા એક સરસ વાત કરી છે. મહાભારતમાં 'યતો ધર્મસ્તતો જય' લખ્યું છે. તેઓ જણાવે છે કે મહાભારતના યુદ્ધમાં દ્રોણ, કર્ણ, દુર્યોધન, જયદ્રથ વગેરેને જે રીતે મારવામાં આવ્યા તેમાં ભારોભાર કપટ છે, યુદ્ધના નિયમનો ભંગ છે. તો પછી પાંડવોનો વિજય થાય કેવી રીતે? પછી એ પ્રશ્નનો જવાબ આપવા તેઓ બીજો પ્રશ્ન પૂછે છે. "પરંતુ તમે ધર્મ કોને કહો છો?" અને એમનું આગવું દૃષ્ટિબિંદુ

સમજાવતાં તેઓ કહે છે કે અશ્વત્થામાનું મૃત્યુ એ દ્રોણનું અંગત દુ:ખ હતું પરંતુ એને મહત્ત્વ આપીને પક્ષનું મહત્ત્વ ભૂલી જવામાં શું અધર્મ ન હતો? સૂર્યની પૂજા કરીને ઊઠતી વેળા આવેલા બ્રાહ્મણને દાન આપવાનું કર્ણનું કાર્ય સારું હતું. પણ બ્રાહ્મણના વેશમાં ઈન્દ્રને જોયા પછી કવચ અને કુંડળ આપી દેવામાં પોતાનું દાનેશ્વરીપણું જાળવવાની નેમ હતી. પણ આ દાન ભવિષ્યમાં પક્ષને કેટલું ભારે પડી જશે તેનો એણે વિચાર ન કર્યો. પોતાના વ્યક્તિગત હિતમાં પક્ષના હિતને અવગણ્યું એ ખુલ્લો અધર્મ હતો. જ્યારે કદી જૂઠું નહિ બોલનાર યુધિષ્ઠિરે પક્ષ માટે ‘અશ્વત્થામા હત: | નરો વા કુંજરો વા’| બોલવાનું સ્વીકાર્યું અને પરિણામે પક્ષ મજબૂત બન્યો પણ વ્યક્તિગત નુકસાન થયું. એમનો રથ જમીનથી અદ્ધર રહેતો હતો તે જમીન પર આવી ગયો. કર્ણ પાસે જઈને કુંતીએ કપરું રહસ્ય પ્રગટ કર્યું અને કહ્યું કે તું મારી કુંવારી અવસ્થામાં જન્મેલું સંતાન છે. કર્ણએ કુંતીને શાપ આપ્યો. આવો શાપ સ્વીકારીને પણ કુંતીએ પક્ષ મજબૂત બનાવ્યો.

પક્ષ એ વ્યક્તિ કરતાં મહાન છે. બહુજનહિતાય અને બહુજનસુખાય માટે વ્યક્તિ જ્યારે પોતાનું વ્યક્તિગત હિત જતું કરે ત્યારે એ સાચો ધર્મ પાળે છે.

આ દોહરા દ્વારા ગુરુમહારાજ વડીલો દ્વારા થતાં કલ્યાણકારી કાર્યો ચાલુ રાખવાનો અને નમ્ર બનીને એમાં વધારો કરવાનો સંકેત આપે છે. આપણે એ સંકેત ઝીલીએ અને એ પ્રમાણે જીવીએ.

# સંકેત : ૨

**ઉપાસનામાર્ગે ચઢાવે રાખીને પ્રેમ,**
**કરે કર્મ શ્રેષ્ઠો યથા વર્તે લોકો તેમ !**

(અ.૧૦૯ દો.૭૮)

પરમહંસ પરિવ્રાજકાચાર્ય વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજે નૃસિંહવાટિકામાં અઢાર-વીસ વર્ષની ઉંમરે નારાયણ સ્વામીના સમારાધના ઉત્સવ નિમિત્તે જવાનું શરૂ કર્યું. નૃસિંહવાટિકામાં દત્ત ભગવાનનું દર્શન થયું અને સ્વપ્નમાં મંત્રદીક્ષા મળી. ગોવિંદ સ્વામીએ એ મંત્રનું વિધાન પોથીના અમુક પાના પર છે તે લખી લો એમ કહ્યું. ગોવિંદ સ્વામીની આજ્ઞા મુજબ ઉપનિષદ્ ભાષ્યનો અભ્યાસ શરૂ કર્યો. વાસુદેવાનંદજી દત્તનું અર્ચન કરે, જપ કરે, ધ્યાન ધરે અને ઉપનિષદ્‌નો વિચાર કરે. આ પ્રસંગને અનુલક્ષીને પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ આ દોહરો લખે છે.

આ દોહરામાં શ્રેષ્ઠ પુરુષોના સદ્‌વર્તનની વાત છે. આવા પુરુષો દ્વારા ભગવાન લોકસંગ્રહનું કાર્ય કરાવતો હોય છે. જગત છોડીને જે જગદીશને પામવા માટે નીકળી પડ્યા હોય અને જેણે જગદીશનાં દર્શન કર્યાં હોય તેની જવાબદારી અન્ય માણસો કરતાં અનેક ગણી વધી જાય છે. આવા દેવપુરુષોએ સમાજને દોરવાનો છે. સમાજ એના તરફ દૃષ્ટિ રાખીને ડગ ભરતો હોય છે. અમુક પ્રકારના નિયમો પાળવાની એમને જરૂર ન હોય તો પણ સમાજને માટે એ નિયમો પાળે છે. પોતાનું આચરણ જોઈને બીજા એવું આચરણ કરે અને સમાજને સુખી કરે એવી એમની ઇચ્છા હોય છે. સારો શિક્ષક વિદ્યાર્થીને પ્રેરણા મળે એટલા માટે પણ લાઇબ્રેરીમાં જઈને બેસતો હોય છે.

મળ દૂર કરવો સરળ છે, વિક્ષેપ દૂર કરવો ખૂબ કપરો છે.

વાસુદેવાનંદજી પગરખાં પહેરતા નહિ અને ખુલ્લા પગે ચાલીને જતા. વાહનમાં બેસતા નહિ. માથે છત્રી ઓઢતા નહિ. તિતિક્ષાનો ગુણ કેળવીને તેઓ સમાજને સહનશીલતાનો પાઠ શિખવાડતા.

આ દોહરામાં પૂ.શ્રીએ બે વાત દર્શાવી છે.

**એક** તો સ્વામીમહારાજ લોકોને **પ્રેમથી** ઉપાસના માર્ગે ચઢાવતા અને **બીજું** શ્રેષ્ઠ પુરુષોનું વર્તન જોઈને લોકો પોતાનું વર્તન ગોઠવે છે એટલે શ્રેષ્ઠ પુરુષો ઊંચા પ્રકારનું વર્તન કરે છે.

લોકોને ઉપાસનાના માર્ગે લઈ જવું એ એક વાત અને તેમને પ્રેમથી એ માર્ગે લઈ જવું એ બીજી વાત. જ્યારે વ્યક્તિ સાત્ત્વિક ઉપાસના માટે સમાજને તૈયાર કરવા માંગતો હોય ત્યારે આ પ્રેમનું તત્ત્વ અતિ જરૂરી છે. પોતે સિદ્ધ છે અને બીજા પામરજન છે એવો હીન ખ્યાલ લાવીને બીજાને તિરસ્કારવા એ બરોબર નથી. દરેકમાં પરમાત્મા બિરાજે છે એવા વિચારથી વર્તનાર કોઈનો તિરસ્કાર નહિ કરે. એનાથી આગળ જઈને પોતે જ બધામાં વ્યાપી રહ્યો છે એવો ભાવ જાગવાથી પોતાનો તિરસ્કાર કોઈ નહિ કરે.

**"આંખમાં અમી તો દુનિયા ગમી અને જીભમાં અમી તો દુનિયા નમી"** એ સ્થિતિ પામવા માણસનું હૃદય નિર્વ્યાજ પ્રેમથી ઊભરાતું હોવું જોઈએ.

પૂ.શ્રી અવધૂતજીએ કહેલું કે દત્તજયંતીના ઉત્સવ વખતે કોઈ માનવીનો તો નહિ જ પરંતુ કૂતરાનો પણ તિરસ્કાર કરશો નહિ. આ બધાં દત્તનાં જ સ્વરૂપો છે.

તાંત્રિક ઉપાસના કદાચ શરૂઆતમાં મનગમતાં પરિણામ આપે પણ અંતે તો વ્યક્તિને દુઃખી જ કરે છે એટલે લોકો એના તરફ ન આકર્ષાય એ માટે પણ લોકોને પ્રેમથી સાત્ત્વિક ઉપાસના પ્રતિ લઈ જવાનું છે.

જેને પ્રેમ કરતાં આવડે તેને જ ઉપાસના કરતાં આવડે.

**બીજું** આવા સત્પુરુષો લોકોને સન્માર્ગે વાળવા ઉપદેશ નથી આપતા પરંતુ પોતાના આચરણ દ્વારા લોકોને દોરવણી આપે છે. **"વૃત્તિથી વૃત્તિ ઘડાય", "આચાર એ જ ઉપદેશ"** કે **"બિન કથની કરની કર બંદે, ઉધરે સંત હજારો હૈ"** જેવા સૂત્રોને ધ્યાનમાં રાખીને સંતજન પોતાનું જીવન ઘડે છે.

વાણી એ વિકાર છે. ગુરુ તો મૌન રહીને શિષ્યના સંશયોને હરી લે છે. **ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં, શિષ્યાસ્તે છિન્ન સંશયા: ।**

સત્પુરુષો જગતને જુએ છે ત્યારે 'વાસુદેવં સર્વમિતિ'ની ભાવના રાખે છે. "સીયારામમયી સબ જગ જાની"ની ભાવના રાખીને બધાંને સીતા કે રામના રૂપમાં જુએ છે પરંતુ વર્તન કરતી વખતે તંદુરસ્ત સમાજની રચના માટે જરૂરી હોય તેવું વર્તન કરે છે. ગીતાજી કહે છે:

**વિદ્યાવિનયસંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ |**
**શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતા: સમદર્શિન: ||**

(અ.૫ શ્લોક-૧૮)

વિદ્યાવાન બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરીમાં અને ચાંડાળમાં પંડિતો સમદષ્ટિવાળા હોય છે. અહીં દષ્ટિમાં સમાનતાની વાત છે, વર્તનમાં નહિ. વર્તન કરતી વખતે બ્રાહ્મણને પગે લાગવાનું હોય પણ કૂતરીને નહિ.

આમ પંડિતો સમદર્શિન: હોય છે, સમવર્તિન: નથી હોતા.

વ્યક્તિ આદર્શ જીવન જીવે એટલે એની સુગંધ આપોઆપ ફેલાવા માંડે. સંત અને સંતરાની સુગંધથી જ લોકો આકર્ષાઈને એની પાસે દોડી જશે. પૂ.શ્રી પત્રમંજૂષામાં લખે છે કે **"બોલે તેનાં બોર વેચાય પણ શું ન બોલે એનાં સંતરાં ન વેચાય?"**

જે જગતમાં આપણે રહીએ છીએ એ જ જગતમાં સંતો પણ રહે છે. આપણને દુ:ખમય જણાતું જગત એમને દુ:ખમય જણાતું

નથી. આનું કારણ જગતને જોવાની એમની વિશિષ્ટ દૃષ્ટિ છે. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે:

**વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના;**
**વાંચવું ન અન રહે, મિટે સમૂળ વાંછના!**

**(અવધૂતી આનંદ- ભજન ૧૪૮)**

આના માટે શું કરવું જોઈએ? પૂ.શ્રી જણાવે છે કે:

**દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા.**

'વિષ્ણુ સહસ્રનામ'માં વિષ્ણુનાં હજાર નામોમાં સૌથી પહેલું નામ "વિશ્વ" છે.

**વિશ્વં વિષ્ણુ વષટ્કારો ભૂત ભવ્ય ભવત્પ્રભુઃ ।**

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને શ્રેષ્ઠ વર્તનનું અને તે પણ શ્રેષ્ઠ પુરુષોના શ્રેષ્ઠ વર્તનનું મહત્ત્વ સમજાવે છે. ઘરનો વડીલ, ગામનો સરપંચ કે દેશનો વડાપ્રધાન આદર્શ જીવન જીવે તો એમનું જોઈને લોકો પણ આદર્શ જીવન જીવવા પ્રેરાશે એવો સંકેત આપી આપણને સારું વર્તન કરવાનું દિશાસૂચન કરે છે.

જો શ્રેષ્ઠ ગણાતો પુરુષ, શ્રેષ્ઠ વર્તન કરશે તો જ સમાજ આદર્શ સમાજ બની શકશે. જે જ્ઞાન આચરણમાં ઊતરતું નથી એ જ્ઞાન બકરીના ગળે લટકતાં આંચળ જેવું છે. એ જોવા પૂરતા જ આંચળ છે, બાકી એમાંથી દૂધ ટપકતું નથી.

પૂ.શ્રીનો સંકેત ઝીલીએ અને શ્રેષ્ઠ વર્તન કરવાનો સંકલ્પ કરીએ.

□

તૃષ્ણાને કારણે મન આમ તેમ ભટકે છે.

## સંકેત : ૩

**તપોનિધિ છો આપ તો! વદો ન શાપવચન;**
**જેનાં જેવાં કર્મ તે ફળ તેવું તત્ક્ષણ-**
**પામે નિજ કર્મે કરી; બેઠો ઈશ સમર્થ-**
**કરવા શિક્ષા દુષ્ટને! કરો ક્રોધ ક્યાં વ્યર્થ?**

(અ.૧૧૦ દો.૧૧૨-૧૧૩)

આ દોહરા જે પ્રસંગના સંદર્ભમાં લખાયા છે તે પ્રસંગ આ પ્રમાણે છે. સહ્યાદ્રિના ઘાટ પર આંજરે નામનું ગામ હતું. આંજરે ગામ પાસે રામતીર્થ નામના સ્થળે એક તપોનિષ્ઠ સંત રહેતા હતા. તેમનું નામ આંજરેકર બુવા. મહારુદ્ર હનુમાનના પરમ ઉપાસક. હનુમાનજીએ આંજરેકર બુવાને પ્રસન્ન થઈ વચન-સિદ્ધિનું વરદાન આપ્યું હતું અને જરૂર પડે ત્યારે મારું ધ્યાન ધરજે એવું પણ કહ્યું હતું.

એક વાર તેઓ ફરતા ફરતા પાડગાંવમાં જઈ ચઢ્યા. દત્તમંદિરના એક ખૂણામાં દત્ત ભગવાનની એક મૂર્તિ પડી રહેલી જોઈને એની વ્યવસ્થિત સ્થાપના કરવાનું ગામ લોકોને જણાવ્યું. ગામ લોકોએ મૂર્તિ સ્થાપવાનું સ્વીકાર્યું અને આંજરેકર બુવાને વિનંતિ કરી કે આપના હસ્તે જ મૂર્તિ-સ્થાપન કરો. આંજરેકર બુવાએ કહ્યું કે હું આ મૂર્તિ-સ્થાપન ઉત્સવમાં હાજર રહીશ. પાડગાંવના ગોસાવી જાગીરદારને આ ન ગમ્યું. એણે વાજાંવાળાને ઉત્સવમાં વાજાં વગાડવા જતા રોક્યા. આંજરેકર બુવાએ વાજાંવાળાને કહ્યું કે જો તમે વાજાં વગાડવા નહિ આવો તો તમે દુ:ખમાં સપડાશો. આમ છતાં વાજાંવાળા આવ્યા નહિ અને ગામમાં મહાન રોગ ફેલાયો અને એમાં સૌ પ્રથમ વાજાંવાળા જ ઝડપાયા. વાજાંવાળા ગભરાયા અને બુવાની માફી માંગી. આંજરેકર બુવાએ કહ્યું કે જો ઉત્સવની સમાપ્તિ સુધી વાજાં વગાડશો તો હું તમારી રોગની ભીતિ હરી લઈશ. વાજાંવાળા વાજાં

મનરૂપી ઈમારતના ત્રણ પાયા : તૃષ્ણા, વિચાર અને અહંકાર.

વગાડવા આવ્યા. આ જાણીને જાગીરદારના પેટમાં તેલ રેડાયું. એણે બીજો દાવ અજમાવ્યો. એણે બ્રાહ્મણોને કહ્યું કે તમે ઉત્સવમાં જમવા જતાં પહેલાં વિચાર કરજો કારણકે રસોઈ કરનાર બ્રાહ્મણ પતિત છે. બ્રાહ્મણો  જમવા ના ગયા એટલે બધું જ રાંધેલું અન્ન શુદ્રોને ખવડાવી દીધું. આંજરેકર બુવા દુ:ખી થઇ જંગલમાં જતા રહ્યા. આ વાત જાણી એટલે વાસુદેવ આંજરેકર બુવાને માણગાંવ લઈ આવ્યા. પાડગાંવના લોકો પર ઉપરાછાપરી આફતો આવવા માંડી. લોકો દુ:ખી દુ:ખી થઇ ગયા. પાડગાંવના દુ:ખી લોકો માણગાંવ આવીને આંજરેકર બુવાની માફી માગવા લાગ્યા. વાસુદેવે - શાસ્ત્રીબુવાએ પાડગાંવના લોકોને આશ્વાસન આપ્યું અને આંજરેકર બુવાને લઈને દત્તમૂર્તિની સ્થાપના કરવા પાડગાંવ ગયા. વાસુદેવ અને આંજરેકર બુવા દત્તમંદિરે ઉતર્યા છે એવું જાણતાં જ જાગીરદાર ધૂંઆપૂંઆ થતો બે બ્રાહ્મણ સાથે આવ્યો અને ક્રોધથી આંજરેકર બુવાને ગમેતેમ બોલવા માંડ્યો કે તું પાખંડી છે, તું ધતિંગ કરે  છે, તારી દાઢી ખેંચી નાંખીશ, ચાલ અહીંથી તરત જતો રહે. આ સાંભળીને આંજરેકર બુવાનો પિત્તો ગયો અને ક્રોધથી શાપવચન બોલવા તત્પર થયા ત્યારે વાસુદેવાનંદજીએ એમને ઠંડા પાડતાં આ દોહરા કહ્યા.

આ દોહરામાં પૂ.શ્રી **ત્રણ** વાત સમજાવે છે.

**પહેલું** તો આપ તપોનિધિ છો તેથી આપથી શાપવચન ન બોલાય. **બીજું** જે જેવાં કર્મ કરે છે તેનું ફળ તે જ ઘડીએ તેને મળે છે અને **છેલ્લે** ખોટું કરનાર દુષ્ટને શિક્ષા કરવા માટે ઈશ્વર બેઠો છે અને તે સમર્થ છે. એટલે માણસે નકામો ક્રોધ કરવાની જરૂર નથી.

સૌ પ્રથમ તો જે તપોનિધિ છે તેની પાસેથી સમાજ પ્રેમ અને સહનશીલતાની અપેક્ષા રાખે છે. સંતપુરુષે પોતે શાંત રહીને બીજાને શાંતિ આપવાની હોય છે. **શાંતિ પમાડે તેને સંત કહીએ** એ વાક્યાનુસાર સંતે બીજાને શાંતિ આપવાની છે. વ્યક્તિ પોતે શાંત

હશે તો જ બીજાને શાંતિ આપી શકશે. ઇન્દ્રિયનું દમન કરનાર દાન્ત કહેવાય પણ મનનું શમન કરનાર શાંત કહેવાય.

ભગવાન વિષ્ણુ માટેનો ધ્યાનનો શ્લોક છે એમાં સર્વપ્રથમ ગુણ શાંત જ દર્શાવાયો છે.

**શાંતાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં**
**વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ્ ।**
**લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યમ્**
**વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥**

પૂ.ભવાનીશંકરે ગુરુમહારાજ માટે લખેલો શ્લોક પણ ‘શાન્તં’થી જ શરૂ થાય છે ને !

**શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં**
**દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।**
**સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતમ્**
**સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥**

સામાન્ય રીતે શાપ આપનાર તપસ્વી હોય છે એટલે એના શાપની અસર થાય જ. એ જેને શાપ આપે છે એ વ્યક્તિ સામાન્ય છે અને એણે કોઈ ગુનો કર્યો હોય છે. શાપ આપવા પાછળ એને શિક્ષા કરી સુધારવાની દૃષ્ટિ હોય છે. એ સુધરે એટલું જ નહિ પણ અન્ય લોકો પણ એમાંથી સારું શીખે એવી દૃષ્ટિ હોય છે.

શાપ આપનાર વ્યક્તિ સામેની વ્યક્તિના વર્તનથી ખિન્ન થયેલી હોય છે અને એ ખિન્નતાનું ક્રોધમાં રૂપાંતર થતાં જ તે સામી વ્યક્તિને શાપ આપે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કામ, ક્રોધ અને લોભ -એ ત્રણને નરકનાં દ્વાર કહ્યાં છે.

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।**
**કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ત્રયં ત્યજેત્ ॥**

(અ.૧૬ શ્લોક.૨૧)

સાચો સંત જીવનમાં વસંત પ્રગટાવે.

કામ, ક્રોધ અને લોભમાં ક્રોધ સહુથી વધારે ખરાબ છે. કામમાં વ્યક્તિને ક્ષણિક પણ આનંદ તો મળે જ છે. લોભીને લોભથી સંતોષની લાગણી થાય છે. એકઠી કરેલી સંપત્તિને જોઇને એને આનંદ થાય છે. પરંતુ ક્રોધમાં તો ક્રોધ કરનાર અને જેના પર ક્રોધ કર્યો હોય તે બંનેને દુ:ખ અને નુકસાન થાય છે, મન બગડે છે. એમાં પણ સૌથી પહેલું અને સૌથી વધારે નુકસાન ક્રોધ કરનારને થાય છે. એક વાર ક્રોધ કરનારના મોં પરની કેટલી નસો ખેંચાય છે? મોં લાલ લાલ થઇ જાય એટલે શરીરના અન્ય ભાગનું લોહી ક્રોધને કારણે મોં તરફ ધસી આવે છે.

વળી ક્રોધથી લાભ શું? જે થઇ ગયું છે તે સુધરતું નથી. ક્રોધ હંમેશાં ભૂતકાળ પરત્વે હોય છે. ક્રોધ થવાનાં કારણો અને તેનાથી થતાં નુકસાનનો અભ્યાસ એવું સૂચવે છે કે સામાન્ય માણસે પણ બને ત્યાં સુધી ક્રોધ ન કરવો જોઇએ તો પછી તપોનિધિ સંતથી તો ક્રોધ થાય જ કેમ?

પૂ.શ્રીએ અહીં એક સુંદર સંકેત કર્યો છે. જો વ્યક્તિ છાશવારે અકારણ ક્રોધ કર્યા જ કરતો હોય તો પછી એની જ્ઞાનની વાતો એ ચામડાની જીભનું નર્તન માત્ર છે. એનાથી કોઇ ભલીવાર વળતો નથી. **નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમ તણી સરવાણી** એ સંતની પહેચાન છે.

**બીજી વાત** એ કે જે માણસ જેવું કર્મ કરે છે તેને એ કર્મ જ સારું કે નરસું ફળ આપે જ છે. વ્યક્તિ શાપની બીકે સારું વર્તન કરે એ ઠીક નથી. બીકથી થતાં સદ્‌વર્તન કરતાં સમજથી થતું સદ્‌વર્તન ઇચ્છનીય છે. હું જે કંઇ કર્મ કરીશ તેનું તે પ્રમાણેનું ફળ મારે ભોગવવાનું હોય તો મારે સારું જ કર્મ કરવું જોઇએ જેથી મને સારું ફળ મળે. આવી સમજથી વ્યક્તિ સદ્‌વર્તન કરે એ ઇચ્છનીય છે. સામ, દામ, ભેદ અને દંડ પૈકી લાલચ (દામ) કે બીક (દંડ)થી કાર્ય કરવાને બદલે સમજ (સામ)થી કાર્ય થવું જોઇએ. જો કર્મનું ફળ મળવાનું જ હોય

તો પછી ખોટું કરનારને આપણે શું કામ શિક્ષા કરવાનું વિચારવું જોઈએ? કોઈ એક માણસ કોલસા ખાતો હોય (અયોગ્ય વર્તન કરતો હોય) તો એનું જોઈને આપણે શું કામ કોલસા ખાવાનું શરૂ કરવું જોઈએ? આપણે તો આપણા મોંમાં પાન જ (સદ્‌વર્તન) રાખવું જોઈએ.

એક ભક્તને એક દુર્જને કડવાં વેણ કહ્યાં અને ઝઘડો શરૂ કર્યો. પછી તો મારામારી શરૂ થઈ. ભક્તે સામી વ્યક્તિને છૂટો પથ્થર માર્યો અને ક્રોધથી વળતો હુમલો કર્યો. વાત પત્યા પછી ભક્ત મંદિરમાં જઈને ભગવાન આગળ ફરિયાદ કરવા લાગ્યો કે હે ભગવાન! હું આટલાં વર્ષોથી તારી ભક્તિ કરું છું તો પણ તું આજે મદદે કેમ ન આવ્યો? ભગવાને કહ્યું કે ભાઈ! હું મદદે તો આવ્યો હતો પરંતુ બેમાં ભક્ત કોણ છે તે હું પારખી શક્યો નહિ. વર્તનથી તો બંને સરખા જ જણાતા હતા.

કર્મનાં ફળ ભોગવવાં જ રહ્યાં અને ફળ આપ્યા વગર કર્મ રહેતું જ નથી. શ્રીગુરુલીલામૃતના દીપક આખ્યાનમાં પૂ.શ્રી લખે છે કે :

**દેવ ઋષિ કિન્નર ભલે, હોય જ્ઞાની કે મૂઢ;**
**અટલ કાયદો કર્મનો, કોઈ ન પામે છૂટ.**

(અ.૩ દો.૪૬)

આપણે કર્મ કરતી વખતે સાવધ રહીએ અને સાચું હોય તે જ કરીએ તો એનું સારું જ ફળ મળશે. સત્સંગનો મહિમા એ જ છે કે સત્પુરુષનો સંગ કરવાથી આપણને સાચી દૃષ્ટિ મળે છે અને આપણે ખોટું કરતાં અટકી, સાચું કરતાં થઈએ છીએ.

ત્રીજી વાત એ છે કે પરમ કૃપાળુ પરમાત્મા સર્વ સમર્થ છે અને દુષ્ટોને શિક્ષા કરવા માટે તે સમર્થ છે. પરમેશ્વરની શક્તિમાં વિશ્વાસ રાખીને આપણે એના કાર્યમાં હસ્તક્ષેપ કરવાનો નથી. ભગવાને ગીતામાં પ્રતિજ્ઞા કરતાં કહ્યું છે કે :

બે તૃષ્ણાઓ વચ્ચેના શુદ્ધ આનંદની અવસ્થા એ જ બ્રહ્મ છે.

**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ |**
**ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ||**

(અ.૪ શ્લોક.૮)

આપણે સાધુ બનવાનું છે પરંતુ દુષ્ટને શિક્ષા કરવાનું હાથમાં લેવાનું નથી. જેમ કાયદામાં વિશ્વાસ રાખીને નાગરિકે કાયદાનું પાલન કરવાનું હોય છે, પરંતુ કાયદો હાથમાં લેવાનો હોતો નથી, તેમ શાપવચન આપીને બીજાને શિક્ષા કરવાનો આપણને અધિકાર નથી એવું વિચારવું એ જ સાચી વિચારધારા છે.

મોટા ભાગના ઝઘડામાં આપણે કાયદો હાથમાં લઈ, સામી વ્યક્તિને શિક્ષા કરવાનું વિચારતા હોઈએ છીએ એ જ શાપનું મૂળ કારણ હોય છે. આપણને ખોટું લાગે એટલે એ ખોટું અને આપણને સાચું લાગે તે જ સાચું એ ઝઘડાની જનની છે. સાહિત્યકાર ધૂમકેતુ 'પોસ્ટ ઓફિસ' નામની વાર્તામાં લખે છે કે :

"જો માણસ પોતાની દૃષ્ટિ છોડીને બીજાની દૃષ્ટિથી જુએ તો અર્ધું જગત શાંત થઈ જાય."

**કર ભલા હોગા ભલા** એ સૂત્રાનુસાર આપણે સાચું કરવાનું, સારું કરવાનું. કોઈ ખોટું કરતો હોય તો તેને સમજાવવાનો પરંતુ કાયદો હાથમાં લઈને તેને શિક્ષા કરવાની નથી.

આપણા ગુરુમહારાજ સમર્થ છે અને ખોટું કરનારને શિક્ષા કરવા સમર્થ છે એવી ભાવના રાખી ગુરુમહારાજના મિશનને પ્રેમથી અને બંધુત્વની ભાવનાથી આગળ વધારવાનું છે. વહીવટકારોનો વાંક હોય, વહીવટમાં નરી બિનકાર્યક્ષમતા હોય તો પણ એને સુધારવા આપણે કાયદો હાથમાં લેવાનો નથી. ધાર્મિક સંસ્થાઓ તૂટી છે તેના મૂળમાં આ સમજનો અભાવ છે.

આ દોહરા દ્વારા ગુરુમહારાજ આપણને સાધુ બનવાનું સૂચવે છે અને બીજું બધું એ સંભાળશે એટલે આપણે વાદ-વિવાદ-વિતંડાવાદથી દૂર રહેવું એવો સંકેત આપે છે.

વાસના એટલે સૂક્ષ્મરૂપમાં રહેલી ઈચ્છા-તૃષ્ણા.

# સંકેત : ૪

**સંતવચન સમ વર્તતાં શ્રદ્ધાભાવે આંહ્ય,**
**રહે દુ:ખ ના સ્વપ્નમાં ! જડે ન શોધ્યું ક્યાંય!!**

(અ.૧૧૪ દો.૬૭)

જીવમાત્ર આનંદની શોધમાં ફરે છે. આમ તો જીવનું મૂળ સ્વરૂપ જ આનંદનું છે પરંતુ અવિદ્યાવશ ભ્રમણાથી એ દુ:ખની લાગણી અનુભવે છે. કથાપ્રસંગ આ પ્રમાણે છે.

સાવંતવાડી પાસેના એક ગામડામાં એક શૂદ્ર રહેતો હતો. તેને શરીરે કોઢ નીકળ્યો હતો. કંટાળીને માણગાંવમાં વાસુદેવ ગુરુ પાસે ગયો અને પોતાને સંકટમુક્ત કરવાની પ્રાર્થના કરી. બીજાનું દુ:ખ જોઇને દુ:ખી થનાર અને અન્યનું ભલું કરવાની ઇચ્છા રાખનાર ગુરુમહારાજે એને એક મંત્ર આપી, દત્તમંદિરની દૂરથી પ્રદક્ષિણા કરવાનું કહ્યું. કોઢીલા શૂદ્રએ કહ્યા મુજબ શ્રદ્ધાથી કર્યું તો થોડા સમયમાં તે કોઢથી મુકત થયો. નૃસિંહવાડીમાં ગુરુદ્વાદશી (વાઘબારસ)નો ઉત્સવ ઉજવાતો હતો. તેમાં ભાગ લેવાની શૂદ્રને ઇચ્છા થઇ. એટલે વાસુદેવ ગુરુની આજ્ઞા લેવા આવ્યો. ગુરુમહારાજે કહ્યું કે ત્યાં જવાની તને ભગવાનની આજ્ઞા નથી તેથી ત્યાં જવાની ખટપટમાં તું પડીશ નહીં. તો પણ એ શૂદ્ર માન્યો નહિ અને બ્રહ્મજ્ઞાનની ખોટી ખોટી વાતો કરવા લાગ્યો. આ દત્તમંદિરે પ્રદક્ષિણા થઇ શકતી હોય તો વાડીમાં પણ આ જ દત્ત ભગવાન છે ને ! તો ત્યાં જવામાં શું વાંધો? આમાં ગુરુની આજ્ઞાનું શું કામ? આવું વિચારીને તે ઉત્સવમાં ભાગ લેવા નીકળ્યો તો રસ્તામાં જ એને કોઢ ફૂટી નીકળ્યો. વાડીમાં કોઇએ એને દર્શન માટે આવવા ના દીધો. પૂજારીએ ધિક્કાર્યો અને દર્શન કર્યા વિના તે પોતાને ઘરે આવ્યો. પહેલાંની જેમ કોઢ ફૂટી નીકળ્યો તેથી દુ:ખી થઇને

વાસના એ મનરૂપી સરોવરમાંનું એક મોજું છે.

પાછો સ્વામીમહારાજ પાસે માણગાંવ આવ્યો. દત્ત ભગવાને સ્વામીમહારાજને દૃષ્ટાંત આપીને કહ્યું કે પેલો કોઢીલો શૂદ્ર એ મારો ગુનેગાર છે. તું એને અહીં આવવા ના દઈશ. એને કાઢી મૂક. વાસુદેવ મહારાજે એને પાસે આવવા ના દીધો. અંતે કોઢના રોગમાં દુ:ખી થઈને મૃત્યુ પામ્યો.

આ પ્રસંગને અનુલક્ષીને, એનો બોધ આપતાં ગુરુમહારાજ ઉપરનો દોહરો વર્ણવે છે.

સંત એ જીવ અને શિવની વચ્ચેનો સેતુ છે. સંતકૃપાથી જીવ ભવસાગર પાર કરી શકે છે. પરંતુ સંતની કૃપા પામવા માટે બે વસ્તુની જરૂર છે. **એક તો** સંતવચનમાં અનન્ય શ્રદ્ધા હોવી જોઈએ. મારા ગુરુમહારાજે જે કહ્યું તે મારા માટે વેદવાક્ય છે અને **બીજું** એ સંતના વચન પ્રમાણે વર્તન કરવાનું હોય છે. આપણે સંતની પાસે રહીએ, પણ સંતનું કહેલું ન કરીએ તો પછી જીવનમાં સંતકૃપા ક્યાંથી થાય? મોટાભાગે સંતની સેવા કરનારાના જીવનમાં જે ખાલીપો કે વસવસો હોય છે તેનું મૂળ કારણ સંતના વચન પ્રમાણે વર્તન ન કર્યું હોય તે જ છે.

સંતના વચનમાં શ્રદ્ધા મૂકવાનું જરૂરી છે. પરંતુ શ્રદ્ધા થાય એ માટે પણ ઈશ્વરના અનુગ્રહની જરૂર પડે છે. શ્રીગુરુલીલામૃતમાં કર્મકાંડમાં શ્રીમન્ નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજના વચનમાં શ્રદ્ધા રાખનાર ખેડૂતની વાત આવે છે. સંતવચનમાં શ્રદ્ધા રાખી એણે નહિ પાકેલી જુવાર કાપી નાંખી. લોકોએ બહુ ના કહી પણ એણે તો સંતવચનમાં શ્રદ્ધા રાખી બતાવી. એટલું જ નહિ પણ સ્નાન કરી પાછા વળતાં નૃસિંહસરસ્વતી સ્વામીને જ્યારે ખેડૂતે કહ્યું કે 'બાપજી ! આપના કહ્યા મુજબ મેં જુવાર કાપી નાંખી' ત્યારે એમણે કહ્યું કે 'અલ્યા ગાંડા ! મેં તો તને હસવામાં કહ્યું હતું.' ખેડૂતે કહ્યું કે 'બાપજી! આપે હસવામાં કહ્યું હોય કે ગંભીરતાથી કહ્યું હોય એ મારે મન મહત્ત્વનું નથી. આપે કહ્યું એટલે મેં તો કાપી નાંખી.'

વાસનાઓ અંત:કરણમાં અને કારણ શરીરમાં સુષુપ્ત અવસ્થામાં રહેલી હોય છે.

સંત વચનમાં શ્રદ્ધા અને એ પ્રમાણેનું વર્તન જ સુખ અને શાંતિ આપી શકે. આવી શ્રદ્ધા જીવન દૃષ્ટિ જ બદલી નાંખે છે.

સુખ અને દુ:ખ એ મનનું કારણ છે. બંધન અને મુક્તિ એ પણ મનનું કારણ છે. વિષ્ણુ પુરાણ કહે છે: "મન: એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો:।" એક ભજનમાં પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ લખે છે:

**"સુખ દુ:ખ મનનાં સોણલાં જન્મ મરણ તન-ગંધ**
**બની રમકડું ઈશનું ખેલ રંગ નિર્દ્વંદ્વ."**

દત્તદશકમાં પૂ.શ્રી લખે છે:

**"મન બાંધે મન છોડવે, રચ્યું મને આ સર્વ,**
**"નાના નેહ" કથે શ્રુતિ, એક અનેકે શર્વ."**

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને "**કરિષ્યે વચનં તવ।**" (ગીતા અ.૧૮ શ્લોક ૭૩)નું મહત્ત્વ સમજાવે છે. સંતને જીવનભર સેવ્યા પછી પણ વ્યક્તિ દુ:ખી થતો કેમ લાગે છે? શું શ્રદ્ધાનો અભાવ હશે? શું સંતના કહ્યા મુજબ જીવન નહિ જીવતો હોય? 'સંત કહે તેમ કરવાનું, કરે તેમ નહિ કરવાનું' એનો અર્થ જ એ કે કોઈપણ નિર્ણય લેતી વખતે 'આ કાર્ય મારા ગુરુમહારાજને ગમશે કે નહિ?' એ વાત જ કેન્દ્રમાં રાખવાની રહેશે. ગુરુમહારાજને ગમે તે કરવાનું અને નહિ ગમે તે નહિ કરવાનું એ જીવનમંત્ર બનાવીને જીવવાથી દુ:ખ દૂર થશે.

માનનીય શ્રીરામસુખદાસજી જણાવે છે તેમ "સુખ અને દુ:ખ તો કર્મોના ફળરૂપે મળશે જ પણ એને સુખ કે દુ:ખ ગણવાં કે નહિ તે આપણે જ નક્કી કરવાનું હોય છે."

શ્રદ્ધા અને વિશ્વાસ એ જીવન-નાવને ચલાવવા માટેનાં બે હલેસાં છે અથવા માનવ-પંખીની ઊડવાની બે પાંખો છે. તુલસીદાસજી શ્રદ્ધા અને વિશ્વાસને શંકર-પાર્વતી સાથે સરખાવે છે.

ચપળતા એ પણ એક પ્રકારની નરમ વાસના જ છે.

**ભવાનીશંકરૌ વન્દે શ્રદ્ધાવિશ્વાસરૂપિણૌ |**
**યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધાઃ સ્વાન્તઃસ્થમીશ્વરમ્ ||**

(શ્રીરામચરિત માનસ, બાલકાંડ શ્લોક-૨)

સંત એ પારસમણિ છે. ભક્તના દુઃખરૂપી લોખંડને સ્પર્શતાં જ સુખરૂપી સુવર્ણ બની જાય છે. પરંતુ સંત વચનમાં શ્રદ્ધા ન હોય કે એમના કહ્યા મુજબ વર્તન ન થતું હોય તો એનો અર્થ એ કે પારસમણિ ઉપર પ્લાસ્ટિકનું કવર ચઢાવી દીધું છે. આવું કર્યું હોય તો પછી પારસમણિ એનો પ્રભાવ બતાવી શકશે નહિ, લોખંડનું સોનું થશે નહિ, જીવનમાં દુઃખ રહ્યા કરશે.

મૂળ પુરુષ દ્વારા-મૂળ સંત દ્વારા શરૂ થયેલી સંસ્થાનો વહીવટ કરનારને એવો સંકેત મળે છે કે સંતના વચન પ્રમાણે જ વહીવટ થવો જોઈએ. વહીવટ કરનાર સંતના વચનને બાજુએ મૂકી, પોતાના સ્વાર્થ ખાતર બુદ્ધિનો દુરુપયોગ કરે તો પછી એનું ફળ એણે મોડું-વહેલું ભોગવવાનું આવશે જ. પુણ્યનું ભાથું હશે તો ફળ થોડું મોડું ભોગવવાનું આવે પણ એમાંથી છટકાય નહિ.

સંતને પોતાના સિદ્ધાંતોનું પાલન થાય એ ખૂબ જ ગમે. એમને એમના પ્રાણ કરતાં પણ સિદ્ધાંતો વધારે વહાલા હોય છે. જે કોઈ સંતના વચનનું અક્ષરશઃ પાલન કરે છે એને સ્વપ્નમાંયે દુઃખ આવતું નથી.

દુઃખની વ્યાખ્યા સંસારીને મન જુદી હોય છે અને સંતને મન જુદી હોય છે. ભગવાનના નામનું વિસ્મરણ થાય એ જ સાચું દુઃખ છે એવું સંત માને છે. સંતના વચન અનુસાર પ્રતિશ્વાસે ભગવાનના નામનું સ્મરણ કરનારને શું દુઃખ હોય? એ તો આનંદ સાગરમાં જ ડૂબેલો રહે છે.

આ સંકેત દ્વારા ગુરુમહારાજ આપણને શ્રદ્ધા રાખીને સંતવચન પ્રમાણે જીવન જીવવાનો સંકેત આપે છે. એ ઝીલીએ અને એ પ્રમાણે જીવીએ તો જ આપણે ગુરુમહારાજનાં સાચાં સંતાનો કહેવાઈશું.

અગત્યની ચપળતા બે : એક જીભની અને બીજી જાતીયવૃત્તિની.

# સંકેત : ૫

**નિયમ એહ શ્રીગુરુતણો, કદી કોઈની સાથ-**
**પડવું ના વાદે તથા કરી વિતંડાવાદ.**

(અ.૧૧૫ દો.૫૧)

વાસુદેવાનંદ ગુરુ માણગાંવમાં રહી દત્તની ઉપાસના કરતા હતા. ભગવાન દત્તાત્રેયની આજ્ઞા અનુસાર એ જીવનનો વ્યવહાર ગોઠવતા હતાં. શુદ્ધ ઉપાસના દ્વારા દત્ત પ્રભુને રીઝવ્યા એટલે દત્ત પ્રભુએ તેમને અષ્ટાંગ યોગ સાધવા જણાવ્યું. ભગવાને કહ્યું કે અષ્ટાંગ યોગ સાધ્યા વગર સર્વજ્ઞપણું મળતું નથી. વાસુદેવ ગુરુએ ભગવાનની આજ્ઞા પ્રમાણે અને તેમણે જણાવેલા નિયમ મુજબ અષ્ટાંગ યોગની સાધના કરી.

આ સમયે નૃસિંહવાડીમાં આબાશાસ્ત્રી નામના એક વિદ્વાન બ્રાહ્મણ રહેતા હતા. એક દિવસ વાસુદેવ ગુરુને પ્રેમથી મળવા તે માણગાંવ આવ્યા. વાત કરતાં કરતાં એમણે વાદ વિવાદ કરવાના હેતુથી વાત શરૂ કરી. એમણે કહ્યું કે શ્રુતિમાં ક્યાંય એવું જણાવ્યું નથી કે અષ્ટાંગ યોગ વિના બ્રહ્મજ્ઞાન થતું નથી. એવી રીતે શરૂઆત (પૂર્વપક્ષ) કરી વાદ-વિવાદની ચિનગારી સળગાવી. વાસુદેવ ગુરુએ તો દત્ત ભગવાનની આજ્ઞાથી અષ્ટાંગ યોગ સાધ્યો હતો. એટલે એમણે સામો જવાબ આપવો જોઈએ પણ એમણે કોઈ જવાબ આપ્યો નહિ.

અષ્ટાંગ યોગ એ બ્રહ્મજ્ઞાન પામવા માટે જરૂરી છે એવું વાસુદેવ ગુરુ સાબિત કરી શક્યા હોત પણ એમ ન કર્યું. એનું કારણ શું? એનું કારણ એ જ કે વાસુદેવ ગુરુએ એવો નિયમ રાખ્યો હતો કે કોઈની સાથે વાદ કરવો નહિ અને વિતંડાવાદ કરવો નહિ.

વાસના એ મનની અશાંતિનું કારણ છે.

જીવનનો મહત્ત્વનો સમય વ્યક્તિ બિનજરૂરી ચર્ચા અને વાદ-વિવાદમાં પસાર કરી કિંમતી સમય બગાડે છે. "જેને ભજન સાથે કામ, તેને ચર્ચા છે હરામ" એવું પૂ.શ્રીનું વાક્ય એવું સૂચવે છે કે જેણે સાચું કરવું છે તે તો કર્યે જ જાય છે. એ ખોટી ચર્ચામાં ઊતરતો નથી.

વ્યક્તિમાં સાધના દ્વારા થોડીક શક્તિ આવે એટલે અહંકારમાં એવો મદોન્મત બને છે કે એ બધા સાથે વાદ-વિવાદ શરૂ કરી દે છે અને પોતે હોશિયાર અને બુદ્ધિમાન હોવાથી પોતાનો મત સાચો છે અને સામાનો મત ખોટો છે એવું સાબિત કરે છે. હકીકતમાં તો જેને જે સાચું જણાય તે પ્રમાણે કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે:

**કિસીકો ઉસકો ખંભેમે માના,**
**કિસીકો મંદિર મસ્જિદમે જાના,**
**હૈ ઈશ્ક ઈસકા અચૂક ઠિકાના,**
**જહાં જિસને માના મના રહા હે....જહાંપે દેખું.**

વ્યક્તિ જે દેવ ને કે પંથને માને તે દેવ કે પંથને નિષ્ઠાથી અનુસરે તેમાં કશું ખોટું નથી. પરંતુ પોતાનો ઈષ્ટદેવ જ સાચો અને બીજાનો ઈષ્ટદેવ ખોટો એવી વૃત્તિમાંથી વાદ-વિવાદ અને ઝઘડા શરૂ થાય છે. પછી તો એમાંથી વાડાબંધી શરૂ થાય છે. કૃષ્ણનો ઉપાસક શિવનો દુશ્મન બની જાય છે અને તે એટલી હદ સુધી કે કપડા સિવડાવવા છે એવું પણ ના બોલે કારણકે એમાં પણ સિવ (શિવ) શબ્દ આવે છેને! એટલે કપડા ઘડાવવા નાખ્યાં છે એવું બોલે છે.વાડાબંધીનું કેવું ઝેર? આને ધાર્મિકતા કેવી રીતે કહેવાય? તમારા ઈષ્ટદેવ પ્રત્યે એવી નિષ્ઠા રાખો કે જેથી બીજા દેવના દર્શનમાં પણ તમને તમારો ભગવાન જ દેખાય.

વાસના જ વસ્તુના આકર્ષણનું કારણ છે અને તેથી બંધનકારક છે.

સાધનાનું સ્તર ઊંચું જાય એટલે સાધક નમ્ર બનવો જાઈએ. સર્વ ધર્મ અને સર્વ દેવ પ્રત્યે સમભાવ કેળવવો જોઈએ. હું જે માનું છું તે સાચું છે એની સાથે સાથે તમે જે માનો છો તે પણ સાચું હશે એવું સ્વીકારવું જોઈએ. આવું ઉદારમતવાદી વલણ સુમેળ અને સમાધાનનું વાતાવરણ ઊભું કરી શકે. જેમ વ્યક્તિને ધનનું અને રૂપનું અભિમાન હોય છે તેમ જ્ઞાનનું પણ અભિમાન હોય છે. માંકડ સ્હેજ દારૂ પીએ તો એકદમ ઉછળે તેમ ઓછા જ્ઞાનવાળો વધુ અભિમાની બને છે. “ખાલી ચણો વાગે ઘણો” એ ખોટી કહેવત નથી.

પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે:

**ભણતર મોટું ભૂત, તપસી!**

**ગર્વ વધારે, વિનય સંહારે, દેવ ક્હે સબ તૂત;**
**સહુથી અદકો આપ વખાણે, સંત કહે હડધૂત!**

**તર્ક કુતર્ક ઉઠાવે કંઈ કંઈ, સ્વચ્છંદ માને પૂત,**
**સ્થિર ઠરે ના એક ઠેકાણે, કરે કૂદાકૂદ!**

**અહં અહંની કરે ગર્જના, અન્ય કહે તે જૂઠ;**
**આપબુદ્ધિ સર્વજ્ઞ પ્રમાણે, બકે શાસ્ત્ર અખૂટ!**

આવી પરિસ્થિતિમાં વ્યક્તિ “લડ, નહિતર લડનાર દે”ની દુર્બુદ્ધિવાળું વર્તન કરે છે. વાદ-વિવાદ કર અથવા વાદ-વિવાદ કરે એવો વ્યક્તિ શોધી આપ. આ વાદ-વિવાદની વૃત્તિ એ વિનાશક વૃત્તિ છે અને સાધકે એમાં કદી ન પડવું જોઈએ.

વાદ-વિવાદ ખરાબ છે. પરંતુ જાણવાની ઇચ્છાથી ચર્ચા-વિચારણા કરી શકાય. “પરિપ્રશ્નેન સેવયા”(ગીતા અ.૪ શ્લોક.૩૪)ની વૃત્તિથી પ્રશ્ન પૂછીને સાધક માર્ગદર્શન મેળવી શકે. જીવનમાં શીખવાની વૃત્તિથી જ્ઞાની સાથે સત્સંગ કરી શકાય અને ન સમજાય તો પ્રશ્ન પણ પૂછી શકાય.

વૃત્તિ એટલે વમળ. વૃત્તિઓ એ મનનું રૂપાંતર છે.

વિતંડાવાદ એ તો સૌથી ખરાબ સ્થિતિ છે. વિતંડાવાદમાં ખોટો બકવાસ છે. નકામી માથાઝીંક છે. પોતાનો પક્ષ જ ન હોય, માન્યતા જ ન હોય તો પણ સામાની માન્યતાનું યેન કેન પ્રકારેણ ખંડન કરવું એવો એકમાત્ર આશય હોય છે.વ્યક્તિ એટલો બુદ્ધિશાળી હોય છે કે તમે જે મત પ્રગટ કરો તે મત ખોટો છે તેવું સાબિત કરી આપે. તમે પૂછો કે તમે શું માનો છો? તો એ જવાબમાં કહે કે હું તો કશું માનતો નથી. તો આવા વિતંડાવાદથી શું મેળવવાનું? કેવળ પોતે બહુ ચતુર છે તે સિદ્ધ કરવાનું? પણ આને ચતુરાઈ કહેવાય ખરી?

વાદ-વિવાદ એટલા માટે ન કરવો જોઈએ કે જો આપણે વાદમાં જીતીએ તો આપણું અહં વધે અને સામે પક્ષે હારી ગયેલ વ્યક્તિને નામોશી લાગે. આપણા પ્રેમ સંબંધોમાં વિક્ષેપ પડે. જો આપણે હારી જઈએ તો આપણી માનહાનિ થઈ એવું લાગે અને તેથી દુ:ખ અને નિરાશાની લાગણી જન્મે તેમજ સામી વ્યક્તિ પ્રત્યે કુભાવ જાગે.

'દત્તનામસ્મરણ'માં પૂ.શ્રી વાદ-વિવાદ ટાળવાનું કારણ આપતાં જણાવે છે કે :

**વધે વાદવાદે જ એ વેરઝાળ |**
**બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ ||૮૪||**

વાદ-વિવાદને કારણે વેરનો અગ્નિ પ્રગટે છે અને વેરની એ ઝાળમાં પ્રેમનો તંતુ બળી જાય છે. વાદ-વિવાદ દ્વારા બીજાને હરાવી, એને હલકો પાડી પોતાનું મહત્ત્વ વધારવાની વૃત્તિ એ રાક્ષસી વૃત્તિ છે. હું બધાથી હોશિયાર એવી ગુરુતાગ્રંથીને કારણે જ પાછળથી ઝઘડા થાય છે, ક્રાંતિ થાય છે. બધાને સાથે રાખીને ચાલવામાં જ સિદ્ધિ છે. આને માટે પ્રેમ, કરુણા, મૈત્રી વગેરેની જરૂર પડે છે.

જેમ ફળથી છવાયેલું વૃક્ષ નમ્ર બની ઝૂકી પડે છે તેમ સાધકે પણ સાધના દ્વારા સિદ્ધિ મળે એટલે નમ્ર થવાનું છે. સામી વ્યક્તિનું

મનોવૃત્તિ એટલે સાંસારિક પદાર્થો અને સંબંધોની વિષયાકાર વૃત્તિ.

માન સાચવીને એને સાચી વસ્તુ સમજાવી શકાય. એમાં વાંધો નથી. પરંતુ જ્યારે વિવિધ મતો હોય અને બધા મતો સાચા હોય ત્યારે તર્કનો દુરુપયોગ કરીને બીજાને ખોટા સાબિત કરવામાં છલ છે અને એનાથી વાણીનું તપ ઓછું થાય છે.

ભગવાને બુદ્ધિ આપી હોય તો તે જ્ઞાનના સંવર્ધન માટે છે, વિવાદ માટે નથી. પરંતુ કોઇ વ્યક્તિ હાથે કરીને વાદ-વિવાદ કે વિતંડાવાદમાં પડીને જીવન બગાડે તો એવા આત્મઘાતી માટે અફસોસ વ્યક્ત કર્યા સિવાય બીજું શું કરી શકાય? વાદ-વિવાદમાં સમય વ્યતિત કરનારનું મન બગડે છે અને વાણી પણ બગડે છે. એ મંડનાત્મક વલણને બદલે ખંડનાત્મક વલણ સ્વીકારે છે જે અંતે એનું જ અહિત કરે છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રીરંગ અવધૂત આપણને વાદ-વિવાદથી પર રહેવાનો સંકેત આપે છે. વાદ-વિવાદ કરવા તો નહિ જવાનું, પણ કોઇ વાદ-વિવાદ થવા જ નહિ દેવાનો. આના માટે નમ્રતાની જરૂર પડે. સામી વ્યક્તિને ઓળખી, તેની પામરતાને સ્વીકારી, આપણે વાતાવરણ ના બગડે તેની કાળજી રાખવી રહી. કદાચ કોઇ આપણને અજ્ઞાની કે મૂરખ માને તો ભલે માને.

આપણે જે માનીએ છીએ તે માનતા રહીએ એટલે બસ. આપણે આપણું જીવન એવું ઉદાત્ત બનાવીએ કે સામો માણસ આપણો મત સ્વીકારી લે. આપણો મત સ્વીકારવાથી એનું જીવન વધુ સારું થાય એવું એને લાગે. બોલ્યા વગર પણ આટલું થઇ શકે.

પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ રચિત દત્તરક્ષાસ્તોત્રમાં "શ્રીદત્ત દત્ત મુદદાયક દત્ત દત્ત ||૩૪||" એવું ચરણ હતું. પૂ.શ્રીએ એક વિદ્વાન વ્યક્તિને સ્તોત્ર જોઇ જવા જણાવ્યું એટલે એમને થયું કે મુદદાયક શબ્દ બરાબર નથી. 'દ' ખોડો હોવો જોઇએ. મુદ્દાયકનો અર્થ થાય: આનંદ (મુદ્) આપનાર (દાયક) અને મુદદાયકનો અર્થ

મનોવૃત્તિ એ અશુદ્ધ મનનું જ પરિણામ છે.

થાય આનંદ(મુદ્) નહિ આપનાર (અદાયક). વિદ્વાને આ બાબતનું ધ્યાન દોર્યું તો પૂ.શ્રીએ તરત જ કહ્યું કે તમો કહો છો તે પણ સાચું છે. પરંતુ મુદદાયકમાં (મુદ્+અદાયક) અદાયકનો અર્થ મેં એવો કર્યો હતો કે એના જેવો બીજો કોઇ આપનાર નથી તે. વિદ્વાન શાસ્ત્રીજી ગળગળા થઇ ગયા અને પોતે ખોટું સુધાર્યું તેનો અફસોસ વ્યક્ત કરવા લાગ્યા.

વાતચીત કે ચર્ચા થાય પણ એમાં શીખવાની વૃત્તિ હોય, બીજાનું માન સાચવવાની ભાવના હોય અને સામાના મંતવ્યને સ્વીકારવાની ઉદારતા પણ હોય તો એ સદા આવકાર્ય છે. આપણે પણ આવી ઉદારતા કેળવીએ.

વિદ્યા વિવાદાય ધનં મદાય, શક્તિં પરેષાં પરપિડનાય ।
ખલસ્ય સાધોર્વિપરિતમેતદ્ જ્ઞાનાય, દાનાય ચ રક્ષણાય ।

દુર્જન માણસની વિદ્યા વાદ-વિવાદ કરવા માટે હોય છે, ધન અભિમાન કરવા માટે હોય છે અને શારીરિક શક્તિ બીજાને હેરાન કરવા માટે હોય છે. જ્યારે સાધુપુરુષનું એનાથી વિપરીત હોય છે એટલે કે સજ્જન પુરુષની વિદ્યા બીજાને જ્ઞાન આપવા માટે, ધન દાન કરવા માટે અને શારીરિક શક્તિ બીજાનું રક્ષણ કરવા માટે હોય છે.

રજોગુણની વૃદ્ધિથી વ્યક્તિનું મન બહિર્મુખ વૃત્તિવાળું થાય છે.

# સંકેત : ૬

**બીજી મર્યાદા તિહાંઃ- નૃસિંહવાટિકા જેહ,**
**રાજધાની શ્રીદત્તની; માટે પવિત્ર તેહ.**

**દત્તરૂપ સહુ ત્યાંયના; રાખી પ્રીતિ તેમ,**
**વર્તે સાથે સર્વની રહી દક્ષ બહુ એમ.**

(અ.૧૧૫ દો.૫૨-૫૩)

માણગાંવમાં શ્રીવાસુદેવાનંદ ગુરુ દત્ત પ્રભુની ઉપાસનાના માર્ગે આગળ વધતા હતા ત્યારે નૃસિંહવાડીમાંથી આબાશાસ્ત્રી નામના વિદ્વાન બ્રાહ્મણ એમને પ્રેમભાવથી મળવા માટે આવ્યા. વાતવાતમાં એમણે બ્રહ્મજ્ઞાન માટે અષ્ટાંગ યોગ અનિવાર્ય નથી એવો અભિપ્રાય વ્યક્ત કર્યો. અષ્ટાંગ યોગ વગર પણ બ્રહ્મજ્ઞાન થઈ શકે એવું એમનું મંતવ્ય હતું. પોતે વિદ્વાન હતા અને શાસ્ત્રી હતા એટલે જો કોઈ એનાથી વિરૂદ્ધ મત ધરાવતો હોય તો તેની સાથે વાદ-વિવાદ કરી પોતાનો મત જ સાચો છે એવું પ્રસ્થાપિત કરવા માંગતા હતા.

વાસુદેવ ગુરુએ તો દત્તપ્રભુની આજ્ઞાવશ જ અષ્ટાંગ યોગ સાધ્યો હતો. દત્તપ્રભુએ આજ્ઞા કરી કે તું અષ્ટાંગ યોગ સાધ. એ વિના સર્વજ્ઞપણું નહિ મળે. વાસુદેવ ગુરુએ ધાર્યું હોત તો પોતાનો મત સાબિત કરી શક્યા હોત પણ એમણે વાદ-વિવાદ કર્યો નહિ.

એક તો કોઈ પણ સાથે વાદ-વિવાદ કે વિતંડાવાદ નહિ કરવાનો ગુરુમહારાજનો નિયમ હતો. (જુઓ સંકેત નં.૫)

પરંતુ એ નિયમની સાથે સાથે એક બીજી મર્યાદા પણ સ્વીકારી હતી. આબાશાસ્ત્રી નૃસિંહવાડીમાં રહેતા હતા. નૃસિંહવાડી

એ દત્ત ભગવાનની રાજધાની છે અને તેથી એ પવિત્ર તીર્થભૂમિ છે. દત્ત ભગવાનની રાજધાનીમાં રહેનાર પણ દત્ત સ્વરૂપ જ છે એવો પ્રેમભાવ રાખીને વાસુદેવાનંદ ગુરુ બધા સાથે વિવેકથી વર્તતા અને એમાં ખૂબ સાવધ રહેતા.દત્ત પ્રભુની રાજધાનીમાંથી આવનારને દત્ત સ્વરૂપ માનીને એની સાથે કોઈ વાદ-વિવાદ કે વિતંડાવાદ થાય જ નહિ એની કાળજી રાખતા.

આ દોહરા દ્વારા પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ આપણને ઘણું બધું શીખવે છે. આપણા જીવનમાં આપણા ગુરુમહારાજનું સ્થાન તો સર્વોચ્ચ હોવું જ જોઈએ પણ ગુરુ મહારાજના સ્થાનનું સ્થાન પણ ઊંચું હોવું જોઈએ અને તેથી એ સ્થાનેથી આવનાર વ્યક્તિ ગમે તેવો હોય તો પણ આપણે તો તેને ગુરુમહારાજનું સ્વરૂપ માનીને જ તેની સાથે વર્તન કરવું જોઈએ. જેમ સતી સ્ત્રી પતિની સેવા તો કરે છે પરંતુ પતિનાં ભાઈ-બહેન, મા-બાપ બધાંની પણ સેવા કરે છે. આનું કારણ એના પતિ પ્રત્યેનો એનો પ્રેમ છે. એ પતિના સંબધે અન્ય વ્યક્તિ તરફ પ્રેમ દર્શાવે છે.

પૂ.પાંડુરંગ આઠવલે - દાદા -એ સરસ વાત કરી હતી કે પતિ પ્રત્યે પત્નીનો અનહદ પ્રેમ હોવાથી સ્ત્રી પતિના નાના ભાઈની- દિયરની- પણ પ્રેમથી સેવા કરે છે. આવી સેવા કરતી વખતે દિયરની એક જ લાયકાત સ્ત્રીના મનમાં છે અને તે એ કે આ દિયર મારા પતિનો નાનો ભાઈ છે. એટલે પતિને સુખ થાય, આનંદ થાય એટલા માટે જ એ દિયરની સેવા કરે છે. દિયરનો દેખાવ, કમાણી કે અન્ય લાયકાત તરફ આ ભાભીની નજર હોતી નથી. દિયરની સેવા કરવાથી મારા પતિદેવ રાજી રહે એ એક માત્ર વૃત્તિથી તે આવું વર્તન કરે છે.

જો દિયર અણસમજુ અને મૂર્ખ હોય તો તે એવું સમજે તો નવાઈ નહિ કે ભાભી મારા પ્રેમમાં છે એટલે મારી આટલી બધી સેવા કરે છે. એ દિયર એટલું નથી સમજતો કે જો એનો મોટો ભાઈ એની પત્નીને સેવા કરવાનું ના કહી દે તો ભાભી દિયરનું મોં પણ ના જુએ.

પરંતુ પતિને કારણે પતિના સંબંધી સાથે પ્રેમભાવ કેળવી એની સેવા કરવી એ બહુ ઊંચી ભાવના છે. આવી ઊંચી ભાવના પોતાના ઈષ્ટદેવના સ્થાનમાંથી આવનાર હરેક વ્યક્તિ પ્રત્યે રાખવાની છે.

આવી ભાવના રાખીને વર્તન કરવાથી વ્યક્તિનું પોતાનું સાધના-સ્તર ઊંચું જાય છે. આવનાર વ્યક્તિ સાથે દેવ જેવું વર્તન કરવાથી પ્રેમભાવ વધે છે. સુમેળભર્યું સંવાદી વાતાવરણ ઊભું થાય છે અને વાદ-વિવાદ ને ઝઘડા દૂર થાય છે.

જેમ દરેક કુટુંબમાં મા-બાપ એવું ઇચ્છતાં હોય છે કે અમારાં બધાં સંતાનો હળીમળીને જીવે અને આનંદ કરે, તેમ દરેક સંત પણ એવું ઇચ્છે છે કે પોતાના શિષ્યો હળીમળીને પરિવારની ભાવનાથી જીવે, એક બીજાને મદદરૂપ બને અને આનંદ કરે.

દરેક વ્યક્તિનાં સ્વભાવ અને મતિ અલગ હોવાથી ગુરુમહારાજના સ્થાનમાં રહેનાર વ્યક્તિ સ્વાર્થી, તકવાદી કે ભ્રષ્ટાચારી હોઈ શકે. પરંતુ આ બાબત વિશે ચર્ચા કરવાનો મારો કોઈ અધિકાર જ નથી એવું વ્યક્તિ સ્વીકારે તો વાદ-વિવાદ નહિ થાય. દેવસ્થાનમાં રહીને ગમે તેવું વર્તન કરનાર પ્રત્યે પણ આપણી દેવદૃષ્ટિ હશે તો ઝઘડા-ટંટા નિવારી શકાશે. દેવ સમર્થ છે અને બધાને યોગ્ય સમયે યોગ્ય શિક્ષા કરશે એવો વિશ્વાસ તેને રહે છે. વળી, એ દેવનું કાર્યક્ષેત્ર (Jurisdiction) છે એટલે મારે એ વિશે કશું વિચારવાનું રહેતું નથી, અને અંતે તો દેવસ્થાનથી આવનાર વ્યક્તિ પણ દેવ જ છે એવો ભાવ રાખવાથી વાતાવરણ કલુષિત બનતું નથી.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને નારેશ્વર સ્થાન અને એ સ્થાનમાં કામ કરનારા પ્રત્યે કેવી દૃષ્ટિ રાખવી એનો સંકેત આપે છે. પૂ.શ્રીની તપોભૂમિમાંથી આવનાર રંગસ્વરૂપ છે એવો ભાવ કેળવીને વર્તન કરવાથી પરિવાર ઝઘડા વિનાનો બનશે. વાદ-વિવાદ કે

વિતંડાવાદ નહિ કરવો એનો અર્થ એ નથી કે એની સાથે ચર્ચા નહિ કરવી. દેવસ્થાનનો વહીવટ કરનારાની ઊણપ હોય તો વિવેકથી ધ્યાન દોરી શકાય. મદદરૂપ બનવાનો પ્રયત્ન કરી શકાય. પરંતુ એ સુધરવા માગતો જ ના હોય તો દેવમાં વિશ્વાસ રાખી એની સાથેના સંબંધો ઓછા કરી શકાય.

ધર્મ સંપ્રદાયમાં થતા ઝઘડા, થતી તકરાર કે થતા ખૂન-ખરાબા એવું સૂચવે છે કે આ બધા ગુરુને-દેવને- ભૂલીને મંદિરને પૂજનારા છે. ગુરુમહારાજના સ્થાનની ગરિમા વધારવા માટે ઝઘડા કે વિતંડાવાદ કરનાર એ ભૂલી જાય છે કે ગુરુમહારાજ આ બધાથી નારાજ થઇને એનાથી સો ગાઉ દૂર જતો રહે છે. ગુરુમહારાજ જ નારાજ થાય પછી ગરિમાનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો?

આપણે આપણા વર્તન દ્વારા સંવાદિતા જાળવીએ અને ગુરુમહારાજ પ્રત્યે તથા તેના સ્થાનમાં રહેનાર પ્રત્યે ઊંચો આદરભાવ બતાવી સુંદર જીવન જીવીએ.

'United we stand, Divided we fall.' એ સૂત્રાનુસાર એકતા દ્વારા ટકી રહેવું હોય તો ગુરુમહારાજના આ સંકેતને ઝીલવો જ રહ્યો અને એ પ્રમાણે જીવવું જ રહ્યું.

એમ કહેવાય છે કે બધાને ભેગા કરવા એ શરૂઆત છે, બધાને ભેગા રાખવા એ પ્રગતિ છે અને બધા સાથે મળીને કામ કરવું એ સફળતા છે.

Coming together is the beginning, keeping together is the progress and working together is the success.

□

રાગ, દ્વેષ અને તટસ્થ વૃત્તિ એ મનની અગત્યની ત્રણ વૃત્તિઓ છે.

# સંકેત : ૭

**પૂજાદિક પણ પ્રેમથી છોડી સહુ સંદેહ;**
**દેવભક્તસંબંધથી વધે પરસ્પર સ્નેહ.**

(અ.૧૧૬ દો.૨૦)

શરદ પૂનમને દિવસે અનેક ભક્તો નૈવેદ્ય માટે પૌંઆ લાવ્યા હતા. સ્વામી મહારાજે આ સૂકા પૌંઆ ભગવાનને ધરાવ્યા. સૂકા પૌંઆના નૈવેદ્યથી ભગવાનનો કંઠ છોલાયો એટલે ભગવાને ભક્તને મોટા અવાજે પૂછ્યું કે “સૂકા પૌંઆનું નૈવેદ્ય ધરાવી મારો કંઠ છોલવાનો કેમ પ્રયત્ન કરે છે?” સ્વામી મહારાજે કહ્યું કે “આજે માતાજીએ નૈવેદ્ય સિદ્ધ કરીને ના આપ્યું તેથી આ સૂકા પૌંઆનું નૈવેદ્ય ધરાવ્યું. હું શું કરું?” વાસુદેવ ઘરે ગયા ત્યારે રમા માતા જમીન ઉપર મૂર્છિત અવસ્થામાં બેભાન પડ્યાં હતાં અને કંઠ સૂઝી જવાથી એમને તીવ્ર વેદના થતી હતી. સ્વામી મહારાજે અપરાધની માફી માગતું અપરાધ ક્ષમાપન સ્તોત્ર લખ્યું. આ પ્રસંગના સંદર્ભમાં આ દોહરો લખાયો છે.

ભગવાનની પ્રતિમા ચેતન છે, એમાં ભગવાન વિરાજે છે એવી શ્રદ્ધા રાખવાની છે. પ્રતિમામાં જીવંત ભગવાનનાં દર્શન થાય એટલે આપણા માટે જેવી વસ્તુ વાપરીએ તેવી જ વસ્તુ ભગવાન માટે પણ વાપરવાની ઇચ્છા થાય. ‘**યથા દેહે તથા દેવે**’ સૂત્રાનુસાર આપણા શરીરને જેવું જોઇએ, જેવું આપીએ તેવું જ દેવને માટે પણ વાપરવાનું.

આ દોહરામાં પૂ.શ્રી ત્રણ બાબતો પ્રત્યે ધ્યાન દોરે છે.

**એક** તો પૂજા વગેરે પ્રેમથી થવાં જોઇએ. **બીજું** પૂજા કરવામાં સંદેહ કે સંશય ના હોવો જોઇએ અને **છેલ્લે** દેવ અને ભક્તના આવા સંબંધથી પરસ્પર સ્નેહ વધે છે.

ક્રોધએ તૃષ્ણાનું બીજું રૂપ છે.

પૂજા દ્વારા ભક્તે ભગવાનની પાસે જવાનું છે. પૂજા દ્વારા વ્યક્તિએ મનના વિક્ષેપને દૂર કરવાનો છે. ઉપાસનાનો અર્થ જ પાસે (ઉપ) બેસવું (આસન) એવો થાય છે. પૂજા કરવામાં આનંદ આવવો જોઈએ. પૂજા એ કંટાળાજનક કાર્ય-વેઠરૂપ- ન બનવું જોઈએ. પૂજા પૂરી થયા પછી હૃદયમાં આનંદનો સાગર ઘૂઘવવો જોઈએ.

**મનપૂર્વક જે થાય તે, થાએ સમ્યક્ જાણ;**
**ના તેવું કાયિક કદિ; નકી વેઠ એ માન.**

(અ.૪૭ દો.૮)

સમજપૂર્વકનું પ્રેમથી થતું પૂજાકાર્ય આપણી દૃષ્ટિ બદલે છે, દૃષ્ટિ નિર્મળ બનાવે છે. બધા પ્રત્યે સ્નેહભાવ જાગે છે. બધામાં ધીરે ધીરે ભગવાન દેખાય છે. મૂર્તિમાં રહેલો ઈષ્ટદેવ પછી બધી જીવંત વ્યક્તિમાં વ્યાપેલો દેખાય છે. 'દેવં ભૂત્વા દેવં યજેત્' સૂત્રાનુસાર દેવને પૂજતાં પહેલાં પૂજા કરવા બેસનારે દેવ બનવાનું જરૂરી છે. ટૂંકમાં પૂજા દ્વારા સાત્ત્વિકતા વધારવાની છે. પૂજા કરવાથી વ્યક્તિ જીવંત અને તાજગીવાળો બનવો જોઈએ. પૂજાનો ભાર ન લાગવો જોઈએ. પૂજા પતાવવાની નથી હોતી. પૂજા કરવાની હોય છે.

**બીજું** પૂજા કરતી વખતે મનમાં કોઈ પણ પ્રકારનો સંદેહ કે શંકા ન હોવી જોઈએ. **'સંશયાત્મા વિનશ્યતિ'** (ગીતા- અ.૪ શ્લો.૪૦)એવું ગીતામાં કહ્યું છે. આ મૂર્તિ પર દૂધનો અભિષેક કરીએ છીએ તો એ દૂધનો બગાડ નથી? મૂર્તિ તો જડ છે. એને આ અભિષેક છે એવું ખબર પડે ખરું? આપણા પૂજાકાર્યની આ જડ મૂર્તિને શું ખબર પડે? પૂજામાં સમય અને શક્તિનો બગાડ તો નથી થતો ને? જાતજાતના પ્રશ્નો ને સંદેહ ઊભા થાય છે. સાચી પૂજાથી સંશયનો નાશ થવો જોઈએ. નામદેવ હઠ લઈને બેઠા તો ભગવાને એનું ધરાવેલું દૂધ પીવું પડ્યું. નામદેવ તો હઠ લઈને બેઠા હતા કે તું દૂધ પીએ તો જ હું ખાઈશ. પૂજા કરનારનો સાચો ભાવ પથ્થરની જડ જણાતી

ભય અને ક્રોધ એ સુખ અને રાગના બે પુરાણા સાથીદારો છે.

મૂર્તિમાં પણ પ્રાણ પૂરે છે. જો જનાબાઈના છાણામાંથી અને ચોખામેળાના હાડકામાંથી 'વિઠ્ઠલ વિઠ્ઠલ'અવાજ આવી શકે તો પ્રભુની પ્રતિમામાં ભગવાન કેમ ન પ્રગટે?

ભક્ત બોડાણો વૃદ્ધ થયો હોવા છતાં દ્વારિકાધીશના દર્શને ગયો ત્યારે ભગવાનની મૂર્તિએ બોડાણા સાથે વાત કરી અને બોડાણાનું ગાડું ચલાવીને ભગવાન બોડાણા સાથે જાતે દ્વારકાથી ડાકોર આવ્યા. મીરાંબાઈ દ્વારિકાધીશની પ્રતિમામાં સમાઈ ગયાં હતાં. આવી બધી વાતો વાંચીએ તો શંકા પણ થાય. એવું થાય ત્યારે સંદેહ મૂકી દઈ, શ્રદ્ધાથી દેવનું પૂજન કરી, ભગવાનના કૃપાપાત્ર થવાનો પ્રયાસ કરવો રહ્યો.

ભક્તનો અર્થ જોડાયેલો થાય છે. ભક્તિ એટલે ભગવાનમાં અનન્ય પ્રેમ, અનન્ય અનુરક્તિ. જ્ઞાન અને વૈરાગ્ય એ ભક્તિનાં બાળકો છે. ભક્તિ અને વેવલાઈ એ બે જુદી વસ્તુ છે. ભક્ત કદી ભયભીત હોતો નથી. ભક્તમાં ભારોભાર પ્રેમનું તત્ત્વ જોવા મળે છે. સ્વામી મહારાજ દત્ત ભગવાનની પ્રતિમા સાથે વાતો કરતા હતા અને એમની આજ્ઞાનુસાર જ જીવનનો વ્યવહાર ગોઠવતા હતા. મિત્ર અને મિત્ર, પતિ અને પત્ની તથા દેવ અને ભક્ત વચ્ચેના સંબંધો એ દિવ્ય સંબંધો છે. એમની વચ્ચે થતી તકરાર એ મીઠી તકરાર હોય છે. એનાથી પ્રેમસંબંધ તૂટતો નથી. ઊલટો વધુ ગાઢ બને છે.

ભગવાન ભક્ત-વત્સલ છે. ભક્તની ફિકરમાં ફરતા હોય છે. એટલું જ નહિ પણ ભગવાન ભક્તાધીન પણ હોય છે. સ્વામીની નિષ્કામભાવે અને નિષ્ઠાથી સેવા કરનાર સેવક ધીરે ધીરે સ્વામી બનતો જતો હોય છે.

ભગવાન પોતાનું અપમાન સહી લે પણ ભક્તનું અપમાન સહન કરતા નથી. શ્રીગુરુલીલામૃતમાં સતી અનસૂયાના સતીત્વહરણના

સાચા કર્મ મનના સંકલ્પમાંથી ઉદ્ભવે છે. બાહ્ય કર્મો પાછળથી દેખા દે છે.

પ્રસંગમાં દેવીઓએ અનસૂયા પ્રત્યે દર્શાવેલા વર્તનથી નારાજ થયેલા દેવો એમને દૃષ્ટિ આપતા નથી. દેવીઓ બાળસ્વરૂપ બનેલા પોતાના પતિદેવને ઓળખી શકતી નથી. આખરે દેવીઓએ સતી અનસૂયાને વિનંતી કરી ત્યારે અનસૂયા માતાએ દરેક દેવને ઓળખી બતાવ્યા.

બોડાણાની ભક્તિથી રાજી થયેલા ભગવાન જાતે ગાડું ચલાવી ડાકોર આવ્યા એટલું જ નહિ પણ દ્વારિકાના ગુગળી બ્રાહ્મણોની અનેક તરકીબો છતાં તે ડાકોર જ રહ્યા. બોડાણાનાં પત્ની ગંગાબાઈની વાળીના વજનથી પણ ભગવાન ઓછા વજનવાળા થયા.

શ્રીગુરુલીલામૃતના ચોથા અધ્યાયમાં નવધા ભક્તિનું વર્ણન કરતાં પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ પાંચમી ભક્તિ અર્ચન વિશે જણાવે છે કે અર્ચન ભક્તિથી નિર્વાણપદ મળે છે.

**પ્રતિમા કલ્પિત દેવની કરી સગુણ સુંદર;**
**સદ્ભાવે પૂજન કરે, માની દેવસમ નર.**

(અ.૪ દો.૮૫)

**પોતાને જે જે રુચે, ભાવે તે જ પ્રથમ,**
**અર્પણ કરવું દેવને, એ જ ગુર્વર્ચનક્રમ.**
**અર્ચનમૂર્તિ હૃદયમાં આપદતલમસ્તક,**
**ધ્યાવી વિશ્વાસે સદા; ટળે સર્વ અઘ અક.**
**વૃત્તિ સુસ્થિર રાખીને, એમ અખંડ ધ્યાન;**
**પૂજોત્તર ગુરુ-મંત્રનો જાપ નિયમથી જાણ.**

(અ.૪ દો.૯૦-૯૨)

સામાન્યતઃ પૂજા એ રોજિંદું કાર્ય બની જાય છે. એ કરવા ખાતર કરીએ તો એમાં પ્રેમ ક્યાં આવ્યો? 'No bath, No prayers. No prayers, No dinners;' એવું ભગિની નિવેદિતાએ ભારતની સંસ્કૃતિના સંદર્ભમાં જણાવેલું તે કેવું સુંદર ચિત્ર રજૂ કરે છે ! પહેલાં

સ્નાન, પછી પ્રાર્થના અને પછી જ જમવાનું. ભજન વગર ભોજન નહિ. શરીરના સ્વાસ્થ્ય માટે ભોજન છે તો મનના સ્વાસ્થ્ય માટે ભજન છે, પૂજન છે.

પૂજા દ્વારા વ્યક્તિએ પોતાનામાં દૈવીગુણો જન્માવવાના છે. અને ધીરે ધીરે દેવપુરુષ બનવાનો પ્રયત્ન કરવાનો છે. પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ પોતે અવધૂત હતા પરંતુ એમના ભક્તો પણ અવધૂત બને એવું ઇચ્છતા હતા તેથી એક ભજનમાં લખે છે કે :

**બન જા અવધૂતા, અવધૂતા,**
**શોક મોહ અતીતા. ...**
**કામ ક્રોધ સંગત દુર્જનકી,**
**માનામાન અતીતા;**
**ચોરી ચાડી નિંદા જારી,**
**છોડ, મુડ ભગવંતા. ...બન જા.**

ભક્તિ કે પૂજા આત્મકલ્યાણ માટે છે, એ વેપાર નથી. પૂજામાં દર્શન હોય, પૂજાનું પ્રદર્શન ના હોય.

ભગવાનની પૂજા દ્વારા ભગવાન સાથે કેવો સંબંધ વિકસાવવો જોઇએ અને ભગવાન સાથે કેવી રીતે વર્તવું જોઇએ તેનો ખ્યાલ આપણા નારેશ્વરના પૂજાધિકારી સ્વ.મુ.નરહરિકાકા અને સ્વ.મુ.રતિકાકાની વાત ઉપરથી આવે છે. બાપજીની રજા લઇને જ નારેશ્વર છોડવું, બાપજી સાથે બધી વાતો કરવી અને બહારગામથી આવ્યા પછી અહેવાલ આપવો એ પ્રતિમામાં પૂ.શ્રીનાં દર્શન થતાં હોય તો જ થાય.

આ સંકેત દ્વારા પૂ.શ્રી આપણને દેવની પૂજા કેવી રીતે કરવી જોઇએ અને દેવ સાથે કેવો સ્નેહસંબંધ બાંધવો જોઇએ તેનું માર્ગદર્શન આપે છે. આવી સાત્ત્વિક પૂજાપદ્ધતિ દ્વારા આપણા જીવનનું ઊર્ધ્વીકરણ કરીએ એ જ મનોકામના.

□

નિષ્કામ ભાવથી નિર્મળ મને કરેલું કર્મ બંધન ઊભું કરતું નથી.

# સંકેત : ૮

**માટે ફલકાંક્ષા ત્યજી પુણ્યકર્મ નર આંહ્ય-**
**કરે ઈશપ્રીત્યર્થ જો, શુદ્ધ ચિત્ત તો થાય.**
**ઈશકૃપાથી બુદ્ધિમાં પડે શુદ્ધ પ્રકાશ;**
**સત્ય જ્ઞાન થઈ મોક્ષપદ પામે સત્વર ખાસ.**

(અ.૧૨૧ દો.૨૩-૨૪)

ગંગા કન્યાના દૃષ્ટાંત દ્વારા સ્વામી મહારાજ પોતાની પત્ની અન્નપૂર્ણાને જ્ઞાન આપે છે. ગંગા નામની એક બ્રાહ્મણ કન્યાનો યુવાન પતિ મૃત્યુ પામતાં તે પોતાના ગુરુ પાસે ગઈ અને દુ:ખની વાત કરી રડવા લાગી. કન્યાને બોધ આપતાં ગુરુદેવે આત્મા શું છે તે સમજાવવા માંડ્યું. આ દેહ એ આત્મા નથી, બુદ્ધિ આત્મા નથી, મન આત્મા નથી, પ્રાણ આત્મા નથી, અહંકાર આત્મા નથી એવું સમજાવતાં સમજાવતાં આ દોહરાની વાત કરી છે.

પાપ અને પુણ્ય એ કર્મનું ફળ છે. સારાં કર્મોનું ફળ પુણ્ય છે અને ખરાબ કર્મોનું ફળ પાપ છે. જ્યારે વ્યક્તિ ફળની અપેક્ષાથી કામ કરે છે ત્યારે એ કર્મથી એને પાપ કે પુણ્ય મળે છે. પાપ અને પુણ્ય બંને બંધનરૂપ છે. પાપ એ લોખંડની સાંકળ છે જ્યારે પુણ્ય એ સોનાની સાંકળ છે. પરંતુ બંને છે તો સાંકળ જ એટલે જીવ બંધનમાં જ રહે છે, એને મુક્તિ મળતી નથી.

મનુષ્ય ખૂબ પુણ્ય કરે તો એને સ્વર્ગ મળે છે. સ્વર્ગ એ ભોગભૂમિ છે. એ ભોગ ભોગવે અને પુણ્યનો ક્ષય થાય એટલે જીવે પાછો જન્મ ધરવો પડે છે. શ્રીગીતાજી કહે છે :

**તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં**
**ક્ષીણે પુણ્યે મર્ત્યલોકમ્ વિશન્તિ ।**

(અ.૯ શ્લોક.૨૧)

ભગવદ્ નામસ્મરણ એ ઔષધ છે, નિષ્કપટ મન એ ચરી-પરેજી છે.

નિષ્કામ ભાવથી કરેલું કર્મ બંધનરૂપ નીવડતું નથી. જે ચાવીથી તાળું ખૂલે છે એ જ ચાવીથી તાળું બંધ પણ થાય છે. ફક્ત ચાવી ફેરવવાની દિશા જ બદલાય છે. તાળું ખોલવા માટે જે રીતે ચાવી ફેરવીએ એનાથી વિરુદ્ધ રીતે ચાવી ફેરવવાથી તાળું બંધ થાય છે. જે કર્મ પાપ કે પુણ્યનું બંધન ઊભું કરે છે એ જ કર્મ નિષ્કામ ભાવે કરવાથી બંધન ઊભું કરતું નથી.

હિંદુધર્મમાં જ્ઞાન, કર્મ અને ઉપાસના- એવાં ત્રણ સાધનો છે. જીવ અને શિવ એ પણ કલ્પના જ છે. માયાથી વીંટળાયેલું બ્રહ્મ એટલે શિવ અને અવિદ્યાથી વિંટળાયેલું બ્રહ્મ એટલે જીવ.

આમ તો જીવને બંધન છે જ નહિ પરંતુ અવિદ્યાને કારણે એને ભ્રમણા થઈ છે કે હું બંધનમાં છું. આ ભ્રમણા દૂર થાય તો એ પોતાના સ્વસ્વરૂપને પામી શકે. જ્ઞાન થતાં આ ભ્રમણા દૂર થાય છે અને વ્યક્તિ મોક્ષ પામે છે, મુક્તિ પામે છે, પોતે મુક્ત થયો એવો ભાવ અનુભવે છે. જો એને બંધન હતું જ નહિ તો પછી મુક્તિનો પ્રશ્ન જ ક્યાં છે? પરંતુ અવિદ્યા દ્વારા ઊભી થયેલી ભ્રમણા હટાવવાનું કાર્ય સરળ નથી.

હિંદુધર્મમાં મળ, વિક્ષેપ અને આવરણ દૂર કરવા માટે અનુક્રમે નિષ્કામ કર્મ, ઉપાસના અને જ્ઞાનનાં સાધનોની જરૂરિયાત દર્શાવી છે.

વ્યક્તિ કર્મ કર્યા વિના રહી શકતો જ નથી. શરીરથી કર્મ નહિ કરતો હોય તો મનથી કર્મ કરતો હશે. અને કર્મ કરે એટલે ફળ તો મળશે જ. ફળની આશા છોડીને, નિષ્કામ ભાવથી વ્યક્તિ કર્મ કરે તો એવા કર્મનું પુણ્ય કે પાપ એવું કોઈ ફળ ઉત્પન્ન થતું નથી. આવું કર્મ બંધનરૂપ નથી. આવા નિષ્કામભાવથી કર્મો કરીને વ્યક્તિએ પોતાનું ચિત્ત શુદ્ધ કરવાનું છે. મળનો નાશ કરવા માટે નિષ્કામ કર્મ એ સાધન છે.

કર્મ બંધનરૂપ નથી, કર્મની વાસના બંધનરૂપ છે.

પૂ.શ્રી એક ભજનમાં લખે છે કે :

**કરવું તો નિષ્કામ કર્મ હો સાધો!**
**કરવું તો નિષ્કામ કર્મ.**
**સોંપી ફળ પ્રભુને, કરવું જે આવે;**
**સ્મરવું હરિપદ દમ-બ-દમ!**

(અવધૂતી આનંદ-ભજન ૧૪૯)

નિષ્કામભાવે કર્મ કરવું એટલે શું? કર્મ જો ફળ આપવાનું જ હોય તો એમાંથી કેવી રીતે છટકી શકાય? તો શાસ્ત્ર કહે છે કે કર્મ કરવાનું. પણ આ કર્મ કરવાથી મને આ ફળ મળે અને આવું ફળ મળે એવી ઇચ્છા નહિ રાખવાની. જે ફળ મળે તે પ્રભુ ચરણે સમર્પિત. હું નિમિત્તમાત્ર છું અને ભગવાન મારા દ્વારા કર્મ કરે છે એવો ભાવ સતત રાખવાથી કર્મનું ફળ જીવને બંધનમાં પાડતું નથી. “આ હું કરું છું” એવો કર્તૃત્ત્વભાવ જ બંધન ઊભું કરે છે. “કરવું જે આવે” એવું ભજનમાં લખ્યું છે. તે એવું સૂચવે છે કે ફરજના ભાગરૂપે, સામેથી જે કર્મ કરવાનું આવી પડે તે સહજભાવે કરવું. કરનાર ભગવાન છે અને હું તો એક સાધનમાત્ર છું, નિમિત્તમાત્ર છું એવા ભાવથી કરેલું કર્મ ચિત્તની શુદ્ધિ કરે છે. મળનું નિવારણ થાય એટલે ચિત્તશુદ્ધિ થાય. સાધનાનું આ સર્વ પ્રથમ પગથિયું છે. હરિના નામનું સ્મરણ અને કપટ વગરનું જીવન બંને હોય તો જ ચિત્તશુદ્ધિ થાય.

**મનુવા હરિભજના, હરિભજના,**
**કૂડકપટ સબ ત્યજના** (અવધૂતી આનંદ-ભજન ૨૧૦)
**મન છોડ દે કપટ હરિપદ ભજરે..**(અવધૂતી આનંદ-ભજન ૭૭)

હરિના નામનું સ્મરણ એ દવા છે જ્યારે કૂડ કપટનો ત્યાગ એ પરેજી છે, પથ્ય છે, ચરી છે. જો ચરી પાળ્યા વગર દવા લે તો એ દવા અસર તો નથી કરતી પણ અવળી અસર કરે છે. પૂ.શ્રીનું ભજન છે :

**ટીલાં-ટપકાં કરી જન્મ ગયો, તૂટી માળા, ના અર્થ સર્યો;**
**હરિનામ ગ્રહી ચરી જો વિસર્યો, સાધનમાં તેના ભૂલ નડી!!**
**...જેને જ્ઞાન નિરામય બૂટી જડી, તેને પરમારથની સૂઝ પડી.**

(અવધૂતી આનંદ-ભજન ૬૫)

જ્યારે મન શરીર સાથે જોડાયેલું હોય ત્યારે જ સુખ-દુ:ખનો અનુભવ કરે છે.

આમ ઈશ પ્રિત્યર્થે નિષ્કામભાવે પુણ્યકર્મ કરવાથી ચિત્તશુદ્ધિ થાય છે. પૌત્રને રાજી રાખવાના એક માત્ર આશયથી પૌત્ર સાથે લખોટી રમતાં કે પાનાં રમતાં દાદાજીને હારથી દુ:ખ થતું નથી. કારણ કે એ તો પૌત્રને રાજી રાખવા રમત રમવાની રમત કરે છે. જ્યારે પૌત્ર જીતથી રાજી થાય છે અને હારથી દુ:ખી થાય છે.

ચિત્તશુદ્ધિ પછી વિક્ષેપ દૂર કરવા માટે ભગવાનની ઉપાસના કરવાની રહે છે. ભગવાનની પાસે (ઉપ) બેસવું (આસન) એવો ઉપાસનાનો અર્થ છે. ઉપાસના દ્વારા ચિત્તના વિક્ષેપને દૂર કરવાનો છે. પૂ.શ્રીએ **વંદના**માં લખ્યું છે કે :

**ગુરુદેવ દત્ત દયાળ સ્વામી, વંદના તુજને હજો;**
**વિક્ષેપ દૂર થઈ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો! ૧**

નિષ્કામ કર્મ ચિત્તને શુદ્ધ કરે, ઉપાસના ચિત્તને સ્થિર કરે. વ્યક્તિનું ચિત્ત શુદ્ધ થાય, સ્થિર થાય એટલે એની બુદ્ધિ સાત્ત્વિક બને. સાત્ત્વિક બુદ્ધિ યોગ્ય નિર્ણય કરે છે.

**ચિત્ત ચિંતન કરે, બુદ્ધિ નિશ્ચય કરે,**
**શક્તિ એવી વળી જેણે દીધી;**
**તેહને ભૂલીને અન્ય વાંસળ ફરે,**
**રતનને છોડીને રાખ લીધી!**

(અવધૂતી આનંદ-પ્રભાતિયું ૧૧)

કઠોપનિષદમાં આ શરીરને રથ સાથે સરખાવ્યો છે. ઈન્દ્રિયો એ ઘોડા છે, મન એ લગામ છે, બુદ્ધિ એ સારથી છે અને આત્મા એ રથમાં બેઠેલો રથી છે. લગામ દ્વારા ઘોડા ઉપર કાબૂ રાખી સારથિએ યોગ્ય દિશામાં રથને હાંકવાનો છે. જો ઘોડા કાબૂ બહાર જાય તો રથ ઊથલી પડે અને રથમાં બેઠેલી વ્યક્તિને ઈજા થાય. શ્રીગુરુલીલામૃતના સૌ પ્રથમ દોહરામાં પૂ.શ્રીએ ગણેશ પાસે સન્મતિ જ માગી છે.

મનની કલ્પના જ માયાની શક્તિશાળી બેઠક છે.

**ગ્રંથારંભે તુજ નમું ચરણકંજ ગણરાજ;**
**આપો સન્મતિ મોરયા જેથી સુધરે કાજ.**

બુદ્ધિ નિર્ણાયક પરિબળ છે. "વિનાશકાળે વિપરીત બુદ્ધિ" કે "જહાં સન્મતિ તહાં સંપત્તિ નાના" કે "દુર્બુદ્ધિ દૂર કરીને સદ્‌બુદ્ધિ આપો" જેવી પંક્તિમાં પણ સારી બુદ્ધિનું જ મહત્ત્વ સૂચવાયું છે. સાત્ત્વિક બુદ્ધિ થાય એ ભગવાનની કૃપા ગણાય. ભગવાન જીવ ઉપર કૃપા કરે ત્યારે એને સદ્‌બુદ્ધિ આપે છે. આવી સાત્ત્વિક બુદ્ધિમાં આત્માના પ્રકાશનું પ્રતિબિંબ પડે છે અને અજ્ઞાનનું આવરણ હટી જતાં, આત્મસાક્ષાત્કારની અનુભૂતિ થાય છે. જ્ઞાન મેળવવાનું નથી હોતું, અજ્ઞાન હટાવવાનું હોય છે. પૂ.શ્રી લખે છે કે :

**શેવાળે છાયું દિસે, પાણી નિર્મળ જેમ;**
**સ્વાત્મા માયાચ્છન્ન એ, શુદ્ધ સુખમય તેમ.**
**ખસેડતાં સદ્‌યુક્તિથી દૂર એહ શેવાળ,**
**નીચે અમૃતમય દિસે, પાણી ત્યાં તત્કાળ.**
**જ્ઞાનાભ્યાસે તેમ એ ખસેડતાં અજ્ઞાન,**
**માયાપડળ ખરી પડે, થાય સ્વાત્મનું ભાન.**

(અ.૯ દો.૨૮ થી ૩૦)

બીજી રીતે જોઈએ તો પણ બધાં દુઃખનું મૂળ અપેક્ષા છે. અપેક્ષા વગરનું જીવન સુખનું મૂળ છે. અપેક્ષા રાખી હોય અને એ ન સંતોષાય તો દુઃખ થવાનું અને સંતોષાય તો સુખ થવાનું. આ સુખ-દુઃખનો અનુભવ મન કરાવે છે. મન વિક્ષેપવાળું હોય ત્યારે આવા સુખ-દુઃખના અનુભવ થાય છે.

સંતો અને સંસારીમાં સંતને દુઃખ શોધ્યું નથી જડતું અને સંસારીને સુખ શોધ્યું નથી જડતું એનું કારણ બન્નેની બુદ્ધિની શુદ્ધતાની જુદી કક્ષા છે. સંસારી અમુક સંજોગો ઊભા કરવાનો પ્રયત્ન કરે છે. સંત ઊભા થયેલા સંજોગોનો સહજ સ્વીકાર કરી લે છે. સંતોનું જીવન ખરી પડેલાં પાંદડાં જેવું હોય છે. એને પવન જેમ ઊડાડે તેમ

ઊડે અને જ્યાં લઈ જાય ત્યાં જાય છે. તેઓ સામે ચાલીને કર્મને નોતરતા નથી પરંતુ સામે ચાલીને આવેલાં કર્મને સહજ ભાવે, ફરજના ભાગરૂપે નિમિત્તમાત્ર બનીને કરે છે.

**'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'** (ગીતા-અ.૨ શ્લો.૪૭) એ ગીતાનો ઉપદેશ નિષ્કામ ભાવથી કર્મ કરવાનું જ સૂચવે છે.

જ્ઞાની અને અજ્ઞાની બંને પ્રારબ્ધ ભોગવે છે. પરંતુ એક પ્રારબ્ધ ભોગવતાં આનંદ અને દુ:ખની લાગણી અનુભવે છે જ્યારે બીજો તટસ્થભાવે, વેઠિયાની જેમ વેઠ ઉતારતો હોય એ રીતે પ્રારબ્ધ ભોગવે છે.

આ સંકેત દ્વારા પૂ.શ્રી આપણને નિષ્કામ ભાવે કર્મ કરવાનું અને ચિત્તશુદ્ધિ કરીને જ્ઞાન પ્રાપ્તિનું સૂચન કરે છે. જો વ્યક્તિ નિષ્કામ ભાવે કર્મ કરે તો એને કોઈ હોદ્દાની, માનની કે સત્કારની કોઈ ઈચ્છા જ થતી નથી. એટલે જે સંસ્થામાં એ કામ કરતો હોય એ સંસ્થાને મદદરૂપ બને, હેરાનરૂપ ના બને. પૂ.પ્રેમ અવધૂતજી આનું ઉત્તમ ઉદાહરણ છે.

મુ.બચુભાઈ (પૂ.પ્રેમ અવધૂતજી) પૂ.શ્રીની સેવા માટે નારેશ્વર જતા ત્યારે પૂ.શ્રીની સારામાં સારી સેવા કઈ રીતે થાય એ જ લક્ષ્ય રાખતા. આવી સેવા કરતી વખતે બાપજી જુએ એવી ભાવના પણ ના થાય. બાપજીની સેવા કરવાની એટલે બાપજીની જ સેવા કરવાની એવું નહિ, પણ બાપજીની સેવા કરનારની સેવા પણ કરવાની અને એ પણ આખરે તો ગુરુમહારાજની જ સેવા છે એવો ભાવ રાખવાનો. આવી વૃત્તિને કારણે મુ.જગન્નાથ ત્રિવેદીના પગ દબાવતાં કે મુ.મોદીકાકાના પગે શેક કરતાં.

**રંગ, રંગ સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.**

(પ્રેમ ચાલીસામાંથી)

પરંતુ આવી વૃત્તિ જગાવવા માટે ચિત્તશુદ્ધિ અને ઈશકૃપા બંનેની જરૂર પડે.

ગુરુમહારાજની આપણા ઉપર આવી મહેર ઊતરો એવી હૃદયની ભાવના.

□

જ્યારે વૃત્તિ લય પામે છે ત્યારે જ સ્વસ્વરૂપમાંથી આનંદ અને શાંતિ મળે છે.

# સંકેત : ૯

**શુદ્ધબુદ્ધિ થઇ જન્મત:, ઇશકૃપાથી જાણ,**
**યોગ્ય સદ્‌ગુરુ મેળવી પામે આત્મજ્ઞાન.**

(અ.૧૨૧ દો.૨૬)

પતિના મૃત્યુથી દુ:ખી થયેલી ગંગાને જ્ઞાન આપતાં એના ગુરુદેવે સમજાવ્યું કે દરેક વ્યક્તિએ જન્મ મરણના ચકકરમાંથી મુકત થવાનો પુરુષાર્થ કરવો જોઈએ. આને માટે ચિત્તની શુદ્ધિ થાય, ચિત્તની સ્થિરતા આવે અને અજ્ઞાનનું આવરણ દૂર થાય તે માટે અનુક્રમે નિષ્કામ કર્મ, ઉપાસના અને જ્ઞાન જરૂરી છે.

ચિત્તની આ શુદ્ધિ માટે નિષ્કામ કર્મ કરવાની વૃત્તિ થવી એ ઘણું અઘરું છે. વાંચવામાં જેટલું સરળ જણાય છે એટલું આચરવામાં સરળ નથી.

આ દોહરામાં પૂ.બાપજી યોગભ્રષ્ટ આત્માની વાત કરે છે. કેટલાક જીવો એવા હોય છે કે જેનામાં જન્મથી જ સાત્ત્વિકતાનું ઊંચું પ્રમાણ જોવા મળે છે.

આ દોહરામાં પૂ.શ્રી આત્મજ્ઞાન પામવા માટેની ત્રણ બાબતો સમજાવે છે. **એક** તો જન્મથી જ શુદ્ધ બુદ્ધિની પ્રાપ્તિ થવી. **બીજું** ઇશની કૃપા થવી અને **ત્રીજું** યોગ્ય સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી.

જન્મથી શુદ્ધ બુદ્ધિની પ્રાપ્તિ થવી એ બહુ મોટી વાત છે. મહાભારતમાં દુર્યોધનના મુખથી વ્યાસ ભગવાને એવી વાણી બોલાવડાવી છે જે વ્યક્તિની લાચારી કે પરવશતાનું દુ :ખ વ્યકત કરે છે.

**જાનામિ ધર્મં ન ચ મે પ્રવૃત્તિ ।**
**જાનામ્યધર્મં ન ચ મે નિવૃત્તિ ॥**

સીતા એ મન છે, રામ એ શુદ્ધ બ્રહ્મ છે.

દુર્યોધન કહે છે કે ધર્મ શું છે એ હું જાણું છું પરંતુ તે આચરી શકતો નથી અને અધર્મ શું છે એ પણ હું જાણું છું પરંતુ એમાંથી નિવૃત્ત થઇ શકતો નથી, અધર્મ છોડી શકતો નથી.

ગયા જન્મે સત્કર્મો કર્યાં હોય, પરંતુ આત્મજ્ઞાન થયાં પહેલાં વ્યક્તિ મૃત્યુ પામે તો એ અધૂરું રહેલું કાર્ય પૂરું કરવા એ વ્યક્તિ 'શુચીનાં શ્રીમતાં ગેહે' (ગીતા અ.૬ શ્લો.૪૧) એટલે કે 'પવિત્ર શ્રીમંતના ઘરે' જન્મે છે અથવા 'યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્' (ગીતા. અ.૬ શ્લો.૪૨) અથવા કોઇ જ્ઞાનવાન કુળમાં જન્મે છે અને અધૂરું રહેલું કાર્ય પૂરું કરે છે.

આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સૌ પ્રથમ વ્યક્તિએ સાધનચતુષ્ટયની પ્રાપ્તિ કરવાની છે. વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષુપણું એ આત્મજ્ઞાનની પૂર્વ શરત છે. વ્યક્તિએ પોતાનું જીવન દૈવીગુણોથી મઢી દેવાનું છે. સરળતા, નિષ્કપટતા, કરુણા, મૈત્રી, બીજાના સદ્ગુણો જોવાની અને દુર્ગુણો પ્રત્યે ઉપેક્ષા કરવાની વૃત્તિ વગેરે બુદ્ધિની શુદ્ધતા વગર આવતાં નથી. નાનપણથી જ જીવનમાં સાત્વિકતા ભરેલી દેખાય એ વ્યક્તિ ખૂબ જ ઝડપથી અને ઓછી મહેનતે ધ્યેય સિદ્ધિ કરી શકે છે.

પૂ.પ્રેમ અવધૂતજી આનું જ્વલંત ઉદાહરણ છે. પૂ.શ્રીની સેવામાં એવી સેવા કરવી કે જે સામાન્યત: કોઇ ના કરતું હોય. આ વૃત્તિથી પૂ.શ્રીના જાજરૂની સેવા એમણે શોધી કાઢી. પૂ.શ્રી ચાલતા હોય ત્યારે જમીન ઊંચી નીચી હોય અને એને કારણે પાવડી બરોબર ન પડે તો એવી જમીન સમતલ કરવી. પૂ.શ્રીની સેવામાં જાય ત્યારે કોઇ સાથે વાદ-વિવાદ ન કરતાં સહુ સાથે પ્રેમપૂર્વકનું અને સરળ વર્તન કરવું. પૂ.શ્રીની સેવામાં રહે ત્યારે પણ લોકોની આંખે ન ચઢવું, લોકોના સંપર્કમાં ઓછા આવવું એવી ચીવટ રાખતા. પૂ.શ્રી સાથે પ્રવાસમાં હોય ત્યારે પોતાનાં ગામનાં કે પોતાનાં સગાં સંબંધીને

આમંત્રણ આપી ભેગાં ન કરવાં. આ બધી નાની ગણાતી છતાં વાસ્તવિકતામાં મોટી બની રહેતી બાબત છે. જે વ્યક્તિની બુદ્ધિ શુદ્ધ હોય તેને જ આવું સૂઝે. પૂ.શ્રીની સેવા અને પૂ.શ્રીની સેવા કરનારની સેવાનું ફળ એક જ છે એવી સમજ દરેકને આવતી નથી.

જન્મથી જ શુદ્ધ બુદ્ધિને પ્રાપ્ત કરનાર સાધનાના સાચા પથ પર ઝડપથી ડગ માંડે છે. બધાને સાથે રાખીને ચાલવું અને છતાં પોતાના ધ્યેયને સિદ્ધ કરવું એવું કાર્ય કોઈ વિરલો જ કરી શકે છે.

પૂ.શ્રી 'In tune with infinite' નામનું પુસ્તક વાંચતા. આ પુસ્તકમાં સારા વિચારોનું મહત્ત્વ દર્શાવાયું છે. વિધાયક દૃષ્ટિ અને હકારાત્મક વલણ હોય તો જ વ્યક્તિ સાધનાક્ષેત્રે આગળ વધી શકે, નહિ તો જ્ઞાનના ઓથા હેઠળ તિરસ્કાર, વિતંડાવાદ અને વાડાવાદ ઊભા કરે. પોતાનો શિષ્ય બીજાને પગે લાગે તો સહન કરી શકે નહિ.

સદ્‌ગુરુ વિના આત્મજ્ઞાન થતું નથી પરંતુ આવા સદ્‌ગુરુની પ્રાપ્તિ માટે ઈશ્વરની કૃપા થવી જોઈએ. ઈશ્વરની કૃપા થાય ત્યારે શુદ્ધ બુદ્ધિવાળા સાધકને સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે. સદ્‌ગુરુ એનો હાથ પકડે છે અને એને જન્મમરણના ચક્કરમાંથી મુક્ત કરે છે. સદ્‌ગુરુ એની દૃષ્ટિ ખોલી આપે છે. સદ્‌ગુરુમાં શ્રદ્ધા, વિશ્વાસ અને નિષ્ઠા રાખવી એ એક વાત. સદ્‌ગુરુના સિદ્ધાંતો જીવનમાં ઉતારવા એ બીજી વાત. ગુરુમહારાજને ગમે તે કરવું અને ના ગમે તે ના કરવું. એ વાતને સતત નજર સમક્ષ રાખી અન્ય સાથે પ્રેમભર્યો વ્યવહાર કરવો એ ત્રીજી વાત.

જો માણસના જીવનમાં પ્રેમનું તત્ત્વ ન દેખાય તો એને જ્ઞાની કેમ કહેવાય? પોપટિયું જ્ઞાન કશું કામ નથી આવતું. "**આંખમાં અમી તો દુનિયા ગમી પણ જીભમાં અમી તો દુનિયા નમી**"નો

રાવણ એ કામ, ક્રોધ, લોભ વગેરે મનની દશ દુર્વૃત્તિનું પ્રતિક છે.

અર્થ જ એ છે કે આંખમાં પ્રેમ અને વાણીમાં મીઠાશ હોય તો જ આત્મજ્ઞાન પામવાની પ્રક્રિયા પૂરી થઈ શકે.

સામાન્ય માણસથી આત્મજ્ઞાની કઈ રીતે જુદો પડે? આ પ્રશ્નનો જવાબ જ એ છે કે એનામાં રાગ-દ્વેષ નથી હોતા, બધા ઉપર જ નિર્વ્યાજ પ્રેમ હોય છે. "મામકા: પાંડવા:"(ગીતા.અ.૧ શ્લો.૧) ની ભેદવૃત્તિ નથી હોતી અને તે એની પાસે આવનારને હૃદયની શાંતિ આપે છે.

આપણને પૂ.શ્રીરંગ અવધૂતજી જેવા સદ્‌ગુરુ મળ્યા છે તો આપણે સદ્‌વૃત્તિ કેળવીએ અને સાધનાપંથે જેટલા આગળ વધાય એટલા આગળ વધીએ એવી શુભભાવના.

□

□ સેવા સેવા શું કહો, સેવા સહુ સુખમૂળ,
ભાવે સદ્‌ગુરુ સેવતાં, થાયે જગ અનુકૂળ.

□ ગુરુસેવા પ્રેમે કરી ધરે ન ઉર અભિમાન,
ગુરુવૃત્તિ પરખી રહે, સેવક બને અમાન.

□ મનથી સેવા જે કરે, ભલે હોય ગુરુ દૂર,
સેવા મર્મ સમજી લહે, એને ક્યાં ગુરુ દૂર?

□ સમગ્રતામાં મહાલતો, સાચો સદ્‌ગુરુ તેહ,
એવા સદ્‌ગુરુ સેવતાં, ક્યાંથી રહે સંદેહ?

ઈન્દ્રિયો એ મનનું વિસ્તરણ છે- લંબાયેલું મન છે.

# સંકેત : ૧૦

**માટે તડફડિયાં વૃથા સુખ માટે નિજ બ્હાર;**
**ભરી હવામાં બાચકા, અંતે થાય ખુવાર !**

(અ.૧૨૧ દો.૧૩૭)

પોતાના પતિના મૃત્યુથી દુ:ખી થયેલી ગંગા પોતાના સદ્‌ગુરુ પાસે જાય છે ત્યારે ગુરુ એને બોધ આપે છે. ગંગા અજ્ઞાની હોવાથી દુ:ખ અનુભવે છે એ ગુરુજી જાણે છે. આત્મા આનંદસ્વરૂપ હોય તો પછી દુ:ખ થવાનું કારણ શું?

સુખ અને દુ:ખ એ મનના ભાવ છે. જીવ પોતાનાં કર્મોના ફળરૂપ સુખ અને દુ:ખ મેળવે છે પરંતુ એને સુખ કે દુ:ખ માનવાં કે કેમ એ વ્યક્તિના ઉપર આધાર રાખે છે. પૂ.શ્રી "પ્રભુ પરખ્યા હૃદે જેણે" -(અવધૂતી આનંદ- ભજન ૧૬૪) ભજનમાં લખે છે :

**ન શોધે મોર ચિતારો, કદિ પિક રંગ તંબૂરો;**
**કૃતાકૃતથી પરે બેસી, નિહાળે ખલ્કની રો રો !**

જન્મમરણ એ શરીરની ગંધ છે. અને સુખ-દુ:ખ એ મનના તરંગો છે, સ્વપ્નાં છે. એને પાર કરવાનો રસ્તો ઈશ્વરનું રમકડું બની જીવવામાં અને દ્વન્દ્વથી પર થવામાં છે.

**સુખ-દુ:ખ મનનાં સોણલાં, જન્મ-મરણ તન ગંધ,**
**બની રમકડું ઈશનું, રંગ ખેલ નિર્દ્વન્દ્વ.**

ગુરુમહારાજ ગંગાને સુખ માટેની જીવની ખોટી પ્રવૃત્તિ સમજાવે છે. આત્મા આનંદસ્વરૂપ છે. વ્યક્તિનું પોતાનું સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. પરંતુ અવિદ્યાને કારણે એ આ વાત ભૂલી ગયો છે અને તેથી બહારની વસ્તુમાંથી આનંદ શોધવાનો ખોટો પ્રયત્ન

મન એ પાંચે ઈન્દ્રિયોનો સમૂહ છે. તથા એ છઠ્ઠી ઈન્દ્રિય પણ છે.

કરે છે. વ્યક્તિના ખિસ્સામાં ચાવી તો છે. પરંતુ એનું વિસ્મરણ થતાં એ પોતાના ખિસ્સા સિવાય બીજે બધે શોધખોળ કરે છે. એને ચાવી ક્યાંથી મળે? ઘરમાં ચાવી પડી ગઈ હોય તો ઘરમાં ચાવી શોધવી જોઈએ પણ અજ્ઞાનતાને કારણે ઘરની બહાર ચાવી શોધનાર નિરાશ જ થાય ને !

વેદાન્તમાં જેને **પ્રાપ્તસ્ય પ્રાપ્તિ** કહે છે એ વાતની સમજ અહીં આડકતરી રીતે આપવામાં આવે છે. પ્રહ્લાદને ભગવાનનાં દર્શન થયાં હોવા છતાં કાયમની શાંતિ નો'તી મળી કારણ કે એને આત્મજ્ઞાન નો'તું થયું. પૂ.શ્રી લખે છે કે :

**નારદોપદેશે કરે સદા ભગવચ્ચિંતન;**
**આત્મજ્ઞાન વિના ન એ, થાય શાંત પણ મન !**
**કવચિત્ મૂઢ ક્ષિપ્ત કવચિત્ કવચિત્ એકાગ્ર એમ;**
**આનંદોત્પ્લુત ક્ષણ મહીં, ક્ષણમાં સચિંત તેમ.**

(અ.૯ દો.૫-૬)

અવિદ્યાવશ ભ્રમણામાં જીવતી વ્યક્તિ ખોટી દિશામાં પ્રયત્નો કરીને દુ:ખી થાય છે. વ્યક્તિ ગમે તેટલો સમય પાણીને વલોવે તો પણ પાણીમાંથી માખણ ના જ મળે. પૂ.શ્રી પ્રભાતિયામાં ગાય છે કે:

**નામની આશમાં વ્યર્થ કાં ભટકતો,**
**કીચડે કાંચન ક્યાંથી હોયે?**
**તોયને મંથતાં તૂપ નહિ નિસરે,**
**અબ્દ હજાર જો તું વલોવે !**

પાણી (તોય)ને વલોવતાં (મથતાં) ઘી (તૂપ) નીકળતું નથી એમ જાણનાર જેમ પાણી વલોવતો નથી તેમ બહારની વસ્તુમાંથી આનંદ મળતો નથી એમ જાણનાર બહારથી આનંદ મેળવવા તરફડિયાં મારતો નથી.

મન ઈન્દ્રિયની મદદ વગર પણ જોઈ શકે છે, સંભાળી શકે છે.

પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છે કે :

**અંતઃસુખ છોડી જનો, મારે ફાંફાં બ્હાર;**
**આત્મા માની દેહને, દુઃખી થાય ગમાર.**
**અનિત્ય ગંદો દેહ જે કેવળ દુઃખસ્વરૂપ;**
**નિત્ય સુખાત્મક માનીને, પડે મૂઢ ભવકૂપ.**

(અ.૯ દો.૨૬-૨૭)

નિત્યાનિત્ય વિવેકમાં વ્યક્તિએ આ જ દૃઢ કરવાનું છે. દેહ ગંદો છે છતાં આપણે એને સુંદર માનીએ છીએ. એ ક્ષણિક છે, નાશવંત છે પણ આપણે એને કાયમી માનીએ છીએ. અને એ દુઃખરૂપ છે તો પણ આપણે એમાંથી સુખ શોધવાનો પ્રયત્ન કરીએ છીએ. રોજેરોજ માણસને મૃત્યુ પામતા જોવા છતાં પોતે મરવાનો નથી એવું વર્તન કરતો અજ્ઞાન માનવી અંતે ખુવાર થાય તો એમાં શું નવાઈ?

સાપે દેડકાને ગળવા માંડ્યો હોય, દેડકાનું પોણા ભાગનું શરીર સાપના મોંમાં ગયું હોય તો દેડકાએ સાપના મોંમાંથી છટકવાનો પ્રયાસ કરવો જોઈએ. એને બદલે દેડકો છેલ્લે છેલ્લે બે-ત્રણ માખી ખાવાનો પ્રયત્ન કરતો હોય ત્યારે કેવો મૂર્ખ લાગે? કેવો હાસ્યાસ્પદ લાગે? સંતોને પણ સંસારીજન આવા જ મૂર્ખ લાગતા હશે. કાળરૂપી સર્પના મોંમાં વ્યક્તિનું મોટાભાગનું જીવન જતું રહ્યું હોય ત્યારે પણ વિષયરૂપી માખી દ્વારા સુખ મેળવવાનો વ્યર્થ પ્રયત્ન કરે ત્યારે જીવ કેવો દયાપાત્ર લાગે?

સુખ માટે અંતર્દષ્ટિ કરવાની છે. સુખ પોતાનામાં જ રહેલું છે એવી સમજ થવી જોઈએ. આ સમજ ન આવે ત્યાં સુધી દુનિયાની અન્ય ચીજોમાંથી આનંદ શોધવાનો પ્રયત્ન ચાલશે. પોતાનું શરીર, પોતાનાં સગાં-સંબંધી કે અન્ય વસ્તુ એને સુખ આપશે એવી ભ્રમણામાં જીવ જીવે ત્યારે હવામાં બાચકાં મારતો હોય એવું લાગે. હવામાં બાચકાં

ચિત્ત એ મનનું સત્ત્વ છે.

ભરનારના હાથમાં શું આવે? પ્રયત્નોનું પરિણામ કંઈ નહિ. મહેનત માથે પડે. આવું જ આપણા જીવનનું છે.

આખી જિંદગી સુખ માટે બહાર શોધખોળ કરનાર છેવટે ખુવાર થાય છે, એનો નાશ થાય છે. વસ્તુ મેળવીને આનંદ મેળવવાનો પ્રયત્ન કરનાર વસ્તુ મેળવવા માટે મહેનત કરશે, ચિંતા કરશે. વસ્તુ મળે તો એને જાળવવાની ચિંતા કરશે, અને નહિ મળે તો નહિ મળ્યાનું દુ:ખ કરશે. વિષય-વાસનાને સંતોષવાની ઈચ્છા રાખનાર રાગ દ્વેષથી પીડાય છે. મોહ, શોક, શ્રમ અને ભયથી અંતરે ક્લેશ થાય છે. એને કારણે ઊંઘ આવે નહિ, મન અસ્થિર થાય અને અસ્થિર મનવાળાને સુખ મળે નહિ. આમ બહારથી આનંદ મેળવવા માટે નીકળેલ વ્યક્તિ અંતે નિરાશ અને ખુવાર થાય છે.

**બહિર્વૃત્તિ છોડીને થાવું અંતર્નિષ્ઠ;**
**શાંતિ અક્ષય તો મળે, મરે સમૂળા ક્લિષ્ટ.**

(અ.૯ દો.૬૩)

સમજપૂર્વકની ગેરસમજને કારણે વ્યક્તિ હાથે કરીને ખુવાર થાય છે. "ભેદમાં ખેદ છે" અને "અભેદ નિર્વાણ છે" એવું જાણ્યા પછી વ્યક્તિ કેમ ભેદભાવ કરતી હશે? પૂ.પ્રેમ અવધૂતજીનો નાનો સંદેશો જીવનમાં ઉતારવા જેવો છે જે આપણને સાત્ત્વિક આનંદ આપનારો બની રહેશે.

**પ્રેમમાં જીવો.**
**પ્રેમને જીવો.**
**પ્રેમથી જીવો.**
**પ્રેમ આપો તો પ્રેમ મળશે.**
**કદાચ પ્રેમ નહિ મળે તો પણ પ્રેમ આપ્યાનો સંતોષ તો થશે જ.**
આ છે પ્રેમ સંદેશ.

સ્મરણ, ધારણા, ધ્યાન અને અનુસંધાન એ ચિત્તનાં કાર્યો છે.

જે પ્રેમ કરી શકે તે જ સહન કરી શકે અને જે સહન કરી શકે તે જ ક્ષમા કરી શકે. દત્ત ભગવાનના ચોવીસ ગુરુમાં પૃથ્વી એ પહેલો ગુરુ છે. એનામાં સહનશીલતા છે, ક્ષમા છે કારણ કે એ માતા છે અને પ્રેમથી ભરેલી છે.

આપણે એવું જીવન જીવીએ કે જેમાં વધુમાં વધુ પ્રસન્નતા રહે. આપણે પ્રસન્ન રહીએ અને જયાં જઈએ ત્યાં પ્રસન્નતા વેરીએ. પ્રસન્નતાનું વાતાવરણ ખડું કરી દઈએ. એટલે જ કહેવાય છે કે :

કેટલાક માણસો એવા હોય છે કે એ **જયાં જાય ત્યાં આનંદ, આનંદ.** અને કેટલાક માણસો એવા હોય છે કે એ **જયાંથી જાય ત્યાં આનંદ, આનંદ.**

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને સુખ અને આનંદપ્રાપ્તિનો સાચો માર્ગ દર્શાવે છે અને આપણે એવી સમજ કેળવી સહુ સાથે હળીમળીને, એક પરિવારનાં બાલુડાંની જેમ જીવીએ અને ગુરુમહારાજના મિશનને સાચી રીતે અને સારી રીતે આગળ વધારીએ એવી દૃષ્ટિ આપે છે. આપણે સંકેત ઝીલીએ અને ખુવાર થતાં બચી જઈએ.

□

# સંકેત :૧૧

**બ્રહ્મસ્થિતિ થાતાં અહીં ફરે દૃષ્ટિ સાક્ષાત્;**
**જે જે દેખે તે બધું દિસે બ્રહ્મમય કાન્ત.**

(અ.૧૨૨ દો.૯)

પોતાના ગુરુમહારાજ પાસે જઈને ગંગા પોતાના પતિના મૃત્યુને કારણે એના પર તૂટી પડેલાં દુ:ખની વાત કરે છે. ગુરુમહારાજ દુ:ખ તો દૂર કરે જ, પરંતુ એથી પણ મહત્ત્વનું એ કે એ દુ:ખનું કારણ પણ દૂર કરે.

“સર્વં ખલ્વિદં બ્રહ્મ” આ બધું ખરેખર બ્રહ્મ જ છે. નામ અને રૂપ તો એના ઉપર આરોપ માત્ર છે.

**‘ઈશાવાસ્યમિદં સર્વં’**થી શરૂ થતું ઈશોપનિષદ્ પણ આ જ વાત સમજાવે છે. આ બધું ઈશથી જ વ્યાપ્ત થયેલું છે. આ જગત એ ઈશ્વરનું રહેઠાણ છે. આ જ ભાવ ગીતામાં **‘સર્વં વાસુદેવમિતિ’**થી વ્યક્ત થયો છે.

વિષ્ણુ સહસ્રનામમાં સૌથી પહેલું નામ ‘વિશ્વ’ છે અને પછી બીજું નામ ‘વિષ્ણુ’ છે. “વિશ્વં વિષ્ણુ વષટ્કારો ભૂત ભવ્ય ભવત્પ્રભુ”થી વિષ્ણુ સહસ્રનામની શરૂઆત થાય છે.

વિષ્ણુ શબ્દનો એક અર્થ છે જગતના જડ-ચેતન સર્વે પદાર્થમાં પ્રવેશેલું તત્ત્વ. આમ સમગ્ર વિશ્વ વિષ્ણુમય છે. **“સર્વં વિષ્ણુમયં જગત્.”** સમગ્ર વિશ્વ જે તત્ત્વથી વિંટળાયેલું છે તે દર્શાવવા પણ વિષ્ણુ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

પૂ.શ્રી જગદ્ગુરુ શંકરાચાર્ય જણાવે છે કે:

**બ્રહ્મ સત્યં જગન્મિથ્યા**
**જીવો બ્રહ્મૈવ નાપર:**

વેદાન્તમાં અર્ધજાગ્રત મનને જ ચિત્ત કહેવામાં આવે છે.

બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, જીવ બ્રહ્મ જ છે. એ બ્રહ્મથી જુદો નથી.

આ દોહરામાં બ્રહ્મસ્થિતિ પામનાર કેવી રીતે વર્તે છે તેનું વર્ણન પૂ. બાપજી કરે છે. બ્રહ્મસ્થિતિ થાય એટલે આપોઆપ દૃષ્ટિ બદલાય. વિશ્વ બદલાતું નથી પરંતુ વિશ્વને જોવાની દૃષ્ટિ બદલાય છે. તમે સમગ્ર જગતને ચામડાથી મઢી શકો નહિ. પરંતુ તમારા પગમાં બૂટ પહેરી શકો. બૂટ પહેરવાથી પગને ધૂળ અડે નહિ, કાંટા કે કાંકરા વાગે નહિ. પૂ.શ્રી પોતાના એક ભજનમાં લખે છે કે:

**વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના;**
**વાંચવું ન અન રહે, મિટે સમૂળ વાંછના!**

(અવધૂતી આનંદ-ભજન ૧૪૮)

જગત એ ભ્રમ છે એ સાચું પરંતુ સાથે સાથે જગત એ વિષ્ણુમય છે એ પણ એટલું જ સાચું છે. વિશ્વગ્રંથ વાંચવાથી બીજું કાંઈ વાચવાનું બાકી રહેતું નથી એ એક વાત અને બીજી વાત એ કે એ વાંચવાથી બધી જ વાંચ્છના મટી જાય છે.

પરંતુ એ વિશ્વને વાંચતાં આવડવું જોઈએ. જો વાંચતાં ન આવડે તો એ બંધનરૂપ પણ થઈ શકે. ચાવીને ફેરવતાં તાળું બંધ થાય અને તાળું ખૂલે પણ ખરું. ચાવી ફેરવવાની દિશા જ બદલવાની છે. જગતને જોવા માટે દૃષ્ટિ બદલીએ તો વિશ્વગ્રંથનું વાચન વાંચ્છના મિટાવી દેશે.

**દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા;**
**મેઘધનુષ સપ્તમૂળ એક, રૂપ જૂજવાં!**

(અવધૂતી આનંદ-ભજન ૧૪૮)

ચોમાસામાં આકાશમાં દેખાતાં મેઘધનુષ્યમાં સાત રંગ હોય છે પરંતુ એ બધા રંગોનું મૂળ તો એક સફેદ રંગ જ છે. નાના બાળકને (અજ્ઞાનીને) આ સમજ ન હોવાથી એને સાત રંગ જ સાચા જણાય છે.

ચૈતન્યરૂપી ચિત્તમાં વિષયાધ્યાસરૂપી ત ભળે ત્યારે ચિત્ત બને છે.

જ્યારે મોટા માણસને (જ્ઞાનીને) સાત રંગ દેખાતા હોવા છતાં એના મૂળ કારણરૂપ સફેદ રંગનું ભાન રહે છે.

આમ જે દેખાય છે તે સત્ય નથી. પરંતુ એની પાછળ રહેલું સત્ય જે દેખાતું નથી તે સમજી તે પ્રમાણે જીવન જીવવામાં જ સુખી થવાની ચાવી છે.

પૂ.શ્રીને વડોદરામાં પૂ.ભગવાને એવું કહ્યું હતું કે "તમે જે સ્થિતિમાં આઠ-દસ કલાક રહો છો એ સ્થિતિમાં ચોવીસ કલાક રહેવાની ટેવ પાડો." આ સ્થિતિ એટલે કઈ સ્થિતિ? પૂ. ભવાનીશંકર શાસ્ત્રીએ રચેલા શ્લોકમાં આ આનંદમગ્ન રહેવાની સ્થિતિનો ઉલ્લેખ કર્યો છે.

**શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં**
**દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ |**

બ્રહ્મસ્થિતિ થતાં બ્રહ્મદૃષ્ટિ થાય અને બ્રહ્મદૃષ્ટિ થાય એટલે વસ્તુનું બાહ્યસ્વરૂપ જોવા છતાં એમાં રહેલું બ્રહ્મતત્ત્વ જ દેખાય. કોઈપણ વ્યક્તિ સામે આવીને ઊભો રહે તો એનું શરીર દેખાય પરંતુ એ શરીરમાં રહેલું ચેતન તત્ત્વ, આત્મા જ દેખાય અને ગુરુમહારાજનું સ્વરૂપ જ આત્મારૂપે દેખાય એવી દૃષ્ટિ આવી જાય. આવી દૃષ્ટિ આવી જતાં ગુરુમહારાજ સાથે જે રીતે વર્તીએ તેવું જ વર્તન સામે ઊભી રહેલી વ્યક્તિ સાથે થાય. આમ દૃષ્ટિ ફેરવવાનું કાર્ય સાધના માગી લે છે.

પાણીની અંદર કઠણ કરાનો વરસાદ પડે તો એ કરા (બરફ) અને પાણી જુદાં દેખાય છે. પરંતુ મોટા માણસ સમજે છે કે આ બરફના નાના અને કઠણ કરા એ આખરે તો પાણી જ છે. અત્યારે પાણીથી જુદા દેખાય છે પરંતુ છેવટે એ પાણી જ થઈ જવાના છે. પરંતુ નાના છોકરાં છેતરાય છે. બરફના કરા એ પાણીથી જુદા

અર્ધ જાગ્રત મન-ચિત્ત-નો કાર્યપ્રદેશ જાગ્રત મન કરતાં ઘણો મોટો છે.

દેખાય છે તેથી જુદા જ છે એવી એની સમજ હોવાથી કરાને પાણી તરીકે જોવાની એની દૃષ્ટિ નથી. સંત અને સંસારીની દૃષ્ટિમાં પણ આ જ તફાવત છે. ઘડો જોવા છતાં એમાં રહેલી માટીને જોવાની દૃષ્ટિ એ જ્ઞાનીની દૃષ્ટિ છે. સોનાના દાગીના જોતી વખતે પણ એમાં રહેલા સોનાને જોવું એ જ સાચી દૃષ્ટિ છે, તેમ જગતને જોવા છતાં એમાં રહેલા બ્રહ્મતત્ત્વને જોવું એ જ જ્ઞાનની સાચી દૃષ્ટિ છે અને આવી દૃષ્ટિ થતાં વ્યક્તિ સદા પ્રસન્ન જ રહે છે. એને જગતમાં પ્રભુ જ દેખાય છે અને પ્રભુમાં જગત દેખાય છે. આ ભાવને રજૂ કરતાં પૂ.શ્રી લખે છે:

**પ્રભુકો જગમેં જગકો પ્રભુમેં, ઇકતાર નિહાર ફિરો મનુવા;**
**દિન સૂરજ રાત શશી તારે, સબ રંગ બિરંગ વહી પ્યારે!**
**..અબ ખૂબ હંસો.** (અવધૂતી આનંદ-ભજન ૨૦૫)

ગોસ્વામી તુલસીદાસજી લખે છે કે:

**સીયા રામમય સબ જગ જાની ।**
**કરઉં પ્રનામ જોરિ જુગ પાની ।।**

(રામચરિત માનસ-બાલકાંડ-દો.૭, ચૌ.૨)

પૂ.શ્રી ગુરુલીલામૃતમાં લખે છે કે:

જગતને સુધારવાની જરૂર નથી. જરૂર છે આપણી દૃષ્ટિ સુધારવાની.

**દેહો દેવાલય બધાં, આત્મા દેવ અભેદ;**
**નિશ્ચયભાવે વંદતાં, જડે ન શોધ્યો ખેદ.**

(અ.૪ દો.૯૯)

આ વિવિધ શરીરો એ મંદિરો છે, પરંતુ એ બધાં મંદિરોમાં આત્મારૂપી એક જ દેવ બિરાજે છે. આવો અભેદભાવ જાગતાં ખેદ થતો નથી. પૂ.ડોંગરે મહારાજ કહે છે કે:

આપણી માનસિક ક્રિયાઓના ૯૦% ભાગ તો ચિત્તમાં જ થાય છે.

**વિદ્યા વિનય સંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ |**
**શૂનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતા: સમદર્શિન: ||**

(ગીતા અ.૫ શ્લોક-૧૮)

વિદ્યાસંપન્ન બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરી કે ચાંડાળને પંડિત સમાનદષ્ટિથી જુએ છે એનો અર્થ એ છે કે આ જુદાજુદા પ્રકારના શરીરમાં રહેલા એક આત્મતત્ત્વને જ જુએ છે.

બ્રહ્મસ્થિતિ થતાં બ્રહ્મદષ્ટિ આવે અને પછી બધું જ બ્રહ્મમય જણાવા લાગે. પરંતુ આવી દૃષ્ટિ આવે કેવી રીતે? આવી બ્રહ્મસ્થિતિ કેવી રીતે પ્રાપ્ત થાય?

આવી સ્થિતિ પ્રાપ્ત કરવા શ્રવણ, મનન અને નિદિધ્યાસન જરૂરી છે. શ્રવણ એવી રીતે કરવું જોઇએ કે જેથી ભવભય ટળે, મનન એવી રીતે કરવું જોઇએ કે જેથી ભ્રાંતિનો નાશ થાય અને નિદિધ્યાસન એવી રીતે કરવું જોઇએ કે જેથી જીવ સ્વયં ઇશ થઇ જાય. આ ભાવને રજૂ કરતાં શ્રીગુરુલીલામૃતમાં ગુરુમહારાજ લખે છે કે:

**શ્રવણે ભવભય સહુ ટળે, મનને ભ્રાંતિ જાય;**
**નિદિધ્યાસને જીવ તે સ્વયં ઇશ થઇ જાય!!**

(અ.૧૦૬ દો.૧૧૮)

જ્યારે બધું જ બ્રહ્મમય દેખાવા માંડે ત્યારે હિંસક પ્રાણીમાં પણ પોતાનો આત્મા જ દેખાય. અભયત્વ હોવાને કારણે અને બધામાં એક જ બ્રહ્મ દેખાતું હોવાથી હિંસક પ્રાણીઓ પણ આવી વ્યક્તિના સાંનિધ્યમાં હિંસક વૃત્તિ ભૂલી જાય છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને બધામાં એક જ આત્માને જોઇ બધા સાથે પ્રેમભાવથી જીવન જીવવાનો સંકેત આપે છે. આપણા ગુરુમહારાજ 'બ્રહ્મનિષ્ઠ' હતા અને તેથી 'સચ્ચિદાનંદમગ્ન' રહેતા હતા એટલે એમને જગતની હરકોઇ વસ્તુ કે વ્યક્તિમાં એકમાત્ર બ્રહ્મતત્ત્વ જ દેખાતું. આવા ગુરુમહારાજનાં ચરણોમાં અનેકાનેક પ્રણામ હો.

મન, વાસના અને સંકલ્પોનું બનેલું છે.

# સંકેત : ૧૨

**શ્રવણ સમું ના વર્તતાં વ્યર્થ શ્રવણ એ જાણ;**
**લાભ ન થાતાં એ થકી થાય સદા નુકસાન.**

(અ.૧૨૨ દો.૩૨)

પતિના મૃત્યુથી વ્યથિત થયેલી ગંગાને એના ગુરુ સમજાવે છે કે શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી બ્રહ્મમય સ્થિતિ પ્રાપ્ત કરવાની હોય છે. બ્રહ્મમય સ્થિતિ પ્રાપ્ત થતાં જ દષ્ટિ બ્રહ્મમય બને છે અને પછી આ સમગ્ર વિશ્વ બ્રહ્મમય જણાય છે અને તેથી તે સુંદર લાગે છે.

પરંતુ ગુરુજી એને 'શ્રવણ'નો સાચો અર્થ સમજાવતાં આ દોહરો કહે છે. નવધાભક્તિમાં શ્રવણ ભક્તિ એ પહેલી ભક્તિ છે.

**શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણંપાદસેવનમ્ ।**
**અર્ચનં વંદનં દાસ્યં સખ્યં આત્મનિવેદનમ્ ॥**

(ભાગવત શ્લોક ૭/૫/૨૩)

આપણે કથા, વાર્તા કે શાસ્ત્રાદિનું શ્રવણ કરીએ છીએ. પરંતુ શ્રવણ કરતી વખતે શાનું ધ્યાન રાખવું જોઈએ, કેવી રીતે શ્રવણ કરવું જોઈએ, વગેરે બાબતો જાણતા નથી અને તેથી શ્રવણથી જે લાભ થવો જોઈએ તે થતો નથી. આ દોહરામાં શ્રવણ કેવી રીતે કરવું જોઈએ તે વાત પૂ.શ્રી સમજાવે છે.

શ્રવણભક્તિ વિશે પૂ.શ્રી લખે છે કે :

**પ્રથમ શ્રવણભક્તિ કહું, સાંભળ શિષ્ય સુજાણ;**
**કાયા વાચા મન સદા રાખી સુદઢ માન,**

**નિદ્રાતંદ્રાદિક ત્યજી, મૂકી આળસ દૂર;**
**સાંભળવા હરિગુણ સદા, યુદ્ધકથા જયમ શૂર.**

મનોલય એટલે અમુક સમય પૂરતું મનને દૂર કરવું તે.

અંતર્નિષ્ઠ રહે સદા, આસનબદ્ધ પવિત્ર;
સુણે અસૂયાદિક ત્યજી, હરિગુરુલીલા ચિત્ર.

નિશ્ચલ શ્રદ્ધા અંતરે, કરે ન બીજી વાત;
દષ્ટિ નવ ડોલે કદિ, તે જ શ્રવણ સાક્ષાત્.

સદ્‌ગુણ સેવે સર્વદા, કરે શાસ્ત્રશ્રવણ;
નિશ્ચય આત્મસ્વરૂપનો, થાયે નિર્મલ મન.

શ્રદ્ધા વિણ કથા સુણે, કરે કુતર્ક અનેક;
ઊંઘે દેવદ્વારમાં, છોડી શ્રવણવિવેક.

મિથ્યા શ્રમ એ એમનો, જાય ન એથી ભ્રમ;
હાથ ન લાગે મુક્તિનો, શ્રવણે એવો ક્રમ.

(અ.૪ દો.૬૦-૬૬)

બ્રહ્મસ્થિતિ પામવાનાં ત્રણ પગથિયાં એટલે શ્રવણ, મનન અને નિદિધ્યાસન. આમાં પહેલું પગથિયું છે શ્રવણ. શ્રવણ કરવું એટલે શ્રવણ કેવી રીતે કરવું એ ગુરુમહારાજ સુંદર રીતે સમજાવે છે.

કાયા, વાચા અને મન ત્રણે સુદઢ રાખવાં. એટલે સાચું શ્રવણ યુવાનીકાળમાં થઈ શકે કારણ કે ત્યારે બધું સુદઢ હોય. બીજું નિદ્રા, તંદ્રા, આળસ દૂર કરી હરિગુણ સાંભળવા. યોદ્ધો જે રીતે યુદ્ધકથા સાંભળે તે રીતે હરિગુણ સાંભળવા. યોદ્ધો જ્યારે યુદ્ધકથા સાંભળે ત્યારે પલાઠી વાળીને નથી બેસતો પણ બે પગ પાછળ રહે એ રીતે ઊભડક બેસે છે જેથી હાકલ પડે તો તરત જ છલાંગ મારી ઊભો થઈ શકે. પલાંઠી વાળી હોય તો ઊભા થવામાં કદાચ વાર લાગે. આમ પૂરી સાવધાનીથી શ્રવણ કરવાનું છે.

રાગ-દ્વેષ-અસૂયા ત્યજી, અંતર્નિષ્ઠ બની, અંતરમાં નિશ્ચલ શ્રદ્ધા રાખીને હરિ-ગુરુની લીલાનું શ્રવણ કરવાનું છે. કથા સાંભળતાં સાંભળતાં આપણે આપણી કથા શરૂ નથી કરવાની. એટલે કે શ્રવણ

મનોલયથી મોક્ષ ન મળે. મોક્ષ તો મનોનાશથી જ મળે.

કરતાં કરતાં બીજી વાત ન થવી જોઇએ. લક્ષ્ય ચૂકાય નહિ એ મહત્ત્વનું છે. દષ્ટિ પણ ડોલવી ના જોઇએ. કથા શ્રવણ કરતી વખતે સૌથી મહત્ત્વનું ધ્યાન એ રાખવું જોઇએ કે સદ્‌ગુણ સેવીને શ્રવણ કરવાનું છે. આવી રીતે શ્રવણ કરીએ તો જ મન નિર્મળ થાય અને આત્મસ્વરૂપનો નિશ્ચય થાય.

શ્રવણ વખતે શું શું ન થવું જોઇએ એ જણાવતાં પૂ.શ્રી લખે છે કે શ્રદ્ધા વગર શ્રવણ ન થવું જોઇએ. તર્ક-કુતર્ક ન કરવા જોઇએ. દેવદ્વારમાં જઇને કથા સાંભળતાં સાંભળતાં ઊંઘવું ના જોઇએ.

જો આ બધું ધ્યાનમાં ના રાખીએ અને શ્રવણ કરીએ તો એનું કંઇ પરિણામ મળતું નથી અને શ્રવણ માથે પડે છે, નકામું જાય છે.

આપણા દેશમાં અનેક કથાકારો કથા કરે છે, અને લાખો ભક્તો કથા સાંભળવા જાય છે છતાં દેશમાં લાંચ, રુશવત, બેઇમાની, ભ્રષ્ટાચાર કેમ? અશાંતિ અને ભયનું વાતાવરણ કેમ? દેશની અધોગતિ કેમ?

આ પ્રશ્નનો જવાબ આપતાં ગુરુમહારાજ જણાવે છે કે શ્રવણ કરનારે સદ્‌ગુણોનું સેવન કરતાં કરતાં શ્રવણ કરવાનું છે અને જે શ્રવણ કર્યું તેને અમલમાં મૂકવાનું છે. કોઇ પણ વસ્તુ સમજ્યા કે કેમ? એવું કોઇ પૂછે ત્યારે સમજ્યાનો અર્થ એવો થાય કે એ પ્રમાણેનું વર્તન કરવા આપણે તૈયાર હોઇએ અને વખત આવે ત્યારે એવું વર્તન કરી બતાવીએ.

સંત કબીરની કથામાં અનેક લોકો આવતા હતા. વર્ષો થયાં કબીર કથા કરતા હતા અને લોકો હોંશે હોંશે શ્રવણ કરવા આવતા હતા. એક વાર બે દિવસ માટે કબીરજીને બહાર જવાનું થયું. એટલે કબીરે પોતાના પુત્ર કમાલને કથા કરવાનું કહ્યું.

કમાલે કથા સ્થળે એક સૂચના મૂકી કે કથાનું શ્રવણ કરવાની ઇચ્છા ધરાવનારે બે પૈસા આપવા પડશે. લોકો નારાજ થયા અને વિરોધ કર્યો. ફક્ત પાંચેક માણસો કમાલની કથા સાંભળવા ગયાં.

બે દિવસ પછી કબીરજી આવ્યા એટલે ભક્તોએ ફરિયાદ કરી. કબીરજીને પણ આશ્ચર્ય થયું કે કમાલે પૈસા કેમ માગ્યા? કબીરજીએ કમાલને બોલાવીને પૂછ્યું કે આ લોકો જે ફરિયાદ કરે છે તે સાચી છે? તેં પૈસા માગ્યા હતા? તેં પૈસા કેમ માગ્યા? ત્યારે કમાલે કહ્યું કે "પિતાજી ! તમારી કથામાં સેંકડો માણસો કથા સાંભળવા આવે છે તેમાં સાંભળવાની સાચી ઈચ્છાવાળા કેટલા છે તે જાણવા માટે મેં પૈસા માગ્યા હતા. પાંચ વ્યક્તિએ પૈસા આપ્યા હતા તે જ સાચા સાંભળનારા છે. પૈસા આપીને પણ કથા તો સાંભળવી જ એવી જેની ઈચ્છા હતી તે ભક્તોને મેં આજે તેમના પૈસા પરત પણ કરી દીધા છે. બાકીના લોકો સમય પસાર કરવા કે લોકોને બતાવવા ખાતર કે ઘરમાંથી છટકી જવા ખાતર જ આવતા હતા. આપણો અનુભવ છે કે ઘણા તો કથા સાંભળવા જાય ત્યારે ઉપર પંખો હોય અને ટેકો દેવા થાંભલો હોય ત્યાં જઈને બેસે અને પરિણામે કથા સાંભળતાં સાંભળતાં ઊંઘી જાય. આવી કથા સાંભળી તો શું અને ન સાંભળી તો ય શું?

કવિ અખો કહે છે તેમ :

**કથા સુણી સુણી ફૂટ્યા કાન,**
**તો ય ન આવ્યું અખા બ્રહ્મજ્ઞાન.**

આ દોહરામાં પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ **ત્રણ** વસ્તુ પ્રત્યે ધ્યાન દોરે છે. **પહેલું** તો એ કે શ્રવણ પ્રમાણે વર્તન ના કરીએ તો એ શ્રવણ વ્યર્થ છે. **બીજું** એ કે એવા શ્રવણથી સાંભળનારને કોઈ લાભ થતો નથી અને **ત્રીજું** એ કે એવા શ્રવણથી સાંભળનારને હંમેશાં નુકસાન થાય છે.

મોક્ષપ્રાપ્તિ માટેનું પહેલું પગથિયું **શ્રવણ** છે. સદ્ગુણોનું સેવન કરતાં કરતાં શ્રવણ કરવાનું છે અને જે કાંઈ સાંભળીએ તે પ્રમાણે વર્તવાનું છે. ટૂંકમાં **મણ ઉપદેશ કરતાં અધોળ આચરણ શ્રેષ્ઠ છે.**

મનરૂપી વૃક્ષનું બીજ 'અહં' છે.

જ્યાં સુધી વ્યક્તિ સારી વસ્તુ આચરણમાં નથી મૂકતો ત્યાં સુધી તે સુખી થતો નથી. સુખ અને દુ:ખ એ કર્મનાં ફળ છે. એટલે શ્રવણ કર્યા પછી આચરણ ન કર્યું હોય, કથા સાંભળ્યા પછી પણ ખોટું જ કરવાનું ચાલુ રાખ્યું હોય તો ખોટું કર્મ કર્યાનું ફળ ખરાબ જ મળવાનું, દુ:ખ જ મળવાનું. સુખ અને દુ:ખ કોઈ કોઈને આપતું નથી. વ્યક્તિના પોતાનાં કર્મો જ સુખ કે દુ:ખરૂપે આવી મળે છે. પરંતુ અજ્ઞાની જીવ એવું માને છે કે અમુક વ્યક્તિ મને સુખ કે દુ:ખ આપે છે.

શાસ્ત્રોનું શ્રવણ કરીને વ્યક્તિએ એ પ્રમાણે જીવન ઘડવાનું છે. સારી વસ્તુ જીવનમાં ઉતારવામાં મુશ્કેલી પડે પરંતુ એનાથી વ્યક્તિનું જીવન મહેકી ઊઠે છે. સંતોને એના પ્રાણ કરતાં પણ એના સિદ્ધાંતો વધુ પ્રિય હોય છે એટલે એનો શિષ્યગણ એના સિદ્ધાંતો આચરણમાં ના મૂકે તો એને ઘણું દુ:ખ થાય છે. "નેક કમાઈ કર લે ભાઈ ! ઈસમેં સબ કુછ આઈ" એવું પૂ.શ્રીએ 'તીરથ કહાં જાના મેરે ભાઈ' ભજનમાં કહ્યું છે. એમનો આશય પ્રામાણિકતાથી ભરેલાં આચરણનું મહત્ત્વ દર્શાવવાનો છે.

પૂ.શ્રીપ્રેમ અવધૂતજી કહે છે કે **જાણેલું કામ નહિ આવે, જીવેલું કામ આવશે.** એનો અર્થ પણ આ જ છે. વ્યક્તિ વિચાર, વાણી અને વર્તનમાં સમતા લાવે તો જ એને અવિરત સુખ મળે એવું પૂ.શ્રી એક ભજનમાં જણાવે છે :

**વાણી વર્તન વાક્યે સમતા, નિરહંકૃતિ ના જેને મમતા,**
**વણમાગ્યે રંગ મળે પ્રભુતા, એના સુખને ક્યાંય વિરામ નથી.**

શ્રવણ પ્રમાણે વ્યક્તિ વર્તે નહિ તો એનું જીવન એ બકરીના ગળે લટકતા આંચળ જેવું છે. એ આંચળ દેખાય છે પરંતુ એમાંથી દૂધ મળતું નથી.

આમ શ્રવણ કરનારના માથા પર મોટી જવાબદારી છે અને એના સારા જીવન માટે આવું વર્તન જરૂરી પણ છે.

'હું' એ બધા વિચારોનું મૂળ છે.

જો વ્યક્તિ શ્રવણ પ્રમાણે વર્તન ન કરે તો એ શ્રવણ નકામું નીવડે છે. એનાથી એને લાભ થતો નથી. વ્યક્તિ સારું સારું ખાવાનું બનાવે એનાથી તબિયત સુધરતી નથી; પરંતુ એનો લાભ તો ત્યારે જ થાય કે એ તૈયાર કરેલી વસ્તુને ખાય, અને એનું લોહી થાય એ રીતે ખાય. કોઈ મરેલી વ્યક્તિને આપણે શણગારીએ તો કેવું લાગે? પ્રાણ વગરના શબને શણગારવાથી કશો લાભ નથી તેમ આચરણ વિનાના શ્રવણનો પણ શું લાભ? પૂ.શ્રી આ વાતને ભજનમાં આ રીતે ગાય છે :

**કરની બીન કથનીકી કીમત કૌડી જાન બજારોં હૈ,**
**બિન કથની કરની કર બંદે ! ઊધરે સંત હજારોં હૈ.**

**બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ,**
**માનલોભ છૂટા ના મનસે, કરત બોધ પરભારો હૈ.**

**કર સત્સંગત સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ;**
**રાગદ્વેષ ન છૂટે તબહૂ, જ્ઞાન પેટગુજારો હૈ!!**

(અવધૂતી આનંદ, ભજન-૧૯૪)

જો વ્યક્તિ શ્રવણ કરે અને એ પ્રમાણે વર્તન ના કરે, રાગ-દ્વેષ ઓછા ના કરે, પ્રેમભર્યું વર્તન ના કરે તો એનું જ્ઞાન કેવળ વાણીમાં જ રહે છે અને એ પેટ ભરવાનું સાધનમાત્ર છે. નાચનારી પગ નચવીને પેટ ભરે છે અને કહેવાતો વિદ્વાન કે જ્ઞાની પુરુષ જીભ નચવીને પેટ ભરે છે. આવી વ્યક્તિના જીવનમાં કાયમી શાંતિ કે કાયમી પ્રસન્નતા જોવા મળતી નથી. જીવન ધૂપસળીના જેમ મહેકવું જોઇએ. પોતે સળગે અને વાતાવરણને સુગંધિત કરે તે ધૂપસળી આપણને શું શીખવે છે? જીવનમાંથી કૂડ કપટનો ત્યાગ, મીઠી વાણીથી દુ:ખિયાનાં દુ:ખ દૂર કરવાં, બધાં સાથે હળીમળીને રહેવું એ શ્રવણના પરિણામરૂપે જીવનમાં જોવા મળે તો શ્રવણનો લાભ છે અને જોવા ના મળે તો એ શ્રવણ નકામું છે.

આ નાનકડા ‘હું’ને અનંત ‘હું’-પરબ્રહ્મ-માં ભેળવી દો.

**ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના;**
**શીતલ વચનામૃતધારાસે, દુઃખિયન દુઃખ મિટાના.**
**... મનુવા, હરિભજના, હરિભજના, કૂડકપટ સબ ત્યજના.**

(અવધૂતી આનંદ, ભજન-૨૧૦)

બીજા એક ભજનમાં અવધૂતજી ગાય છે કે :

**નામરસાયણ લીધું જેણે, નેન વેણ પલટાય;**
**કાયા કંચન સોહન લાગે, ક્રિયા ફરે તત્કાળ.**
**... હરિના નામનો, સૌથી મોટો છે આધાર.**

(અવધૂતી આનંદ, ભજન-૨૨૩)

સૌથી મહત્ત્વની ચેતવણી આપતાં પૂ.શ્રીરંગ અવધૂતજી આ દોહરામાં જણાવે છે કે શ્રવણ પ્રમાણે વર્તન ના કરીએ તો આપણને લાભ તો ન જ થાય પણ એનાથી હંમેશાં નુકસાન જ થાય છે. 'આત્મવિચાર'રૂપે મુ.મોદીકાકાને લખેલા પત્રમાં પૂ.શ્રી જણાવે છે કે:

**કર્મ કારમા કરશે જેહ, આખર એકલ રોશે એહ.**
**આપ કર્મથી આપ બંધાય; દોષ અન્યને ક્યમ દેવાય?**
**હાથ થકી તું કરતો કર્મ, અંતે ચરર કાપે મર્મ,**
**દેખી મનમાં અતિ ગભરાય, રોવાથી આખર શું થાય?**

વ્યક્તિ શ્રવણ પ્રમાણે વર્તન ના કરે તો આખરે તો એને જ રડવાનું આવે છે. વ્યક્તિ શ્રવણ કરે એટલે એ માહિતી મેળવે છે. આ માહિતીનો પ્રવચનમાં ઉપયોગ કરે પણ એ પ્રમાણેનું વર્તન ના કરે તો એનું જીવન દંભી બને છે. દંભનો અર્થ જ એ છે કે હોઈએ એના કરતાં વધુ સારા દેખાવાનો પ્રયત્ન કરવો.

**આપ્યું તેં તારાને આપી; રાચું મન મોઝાર**
**વ્હાલા ! રાચું મન મોઝાર !**
**શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ. !!**

(અવધૂતી આનંદ, ભજન-૨૧૯)

અસંગ અથવા અનાસક્તિ એ મનનો નાશ કરવાની તલવાર છે.

આ ભજન ગાયું અને એને સરસ રીતે દષ્ટાંત સાથે સમજાવ્યું. એટલે લોકોને એમ થાય કે આ વ્યક્તિ ઘણી જ્ઞાની છે. પરંતુ એ ગાનારે જીવનમાં ઉતાર્યું હશે, પોતાની કમાણીમાંથી દુ:ખિયાને મદદ કરતો હશે તો એ સુખી થશે. પરંતુ વર્તનમાં નહિ ઉતાર્યું હોય તો એ દુ:ખી જ થવાનો. જે બોલે પણ કરે નહિ, બોલ્યા પ્રમાણે વર્તે નહિ એને જ 'લપોડ શંખ' કહેવામાં આવે છે. આવું જીવન એ પ્લાસ્ટિકનાં ફૂલ જેવું છે. એ ફૂલ જેવું દેખાય છે પણ એમાં ફૂલની સુવાસ હોતી નથી.

વર્તનમાં ઉતારવાની વૃત્તિ વિનાનું જીવન અહંને પણ પોષે છે અને સમાજમાં દૂષણનો ફેલાવો કરે છે. લીંચમાં પૂ.શ્રીનાં દર્શને આવેલા ભૂધરભાઈ માસ્તરને તરત જ બાપજીએ પૂછેલું કે 'ભૂધરભાઈ ! આજે રજા છે? રજા લઈને આવ્યા છો?' પૂ.શ્રીના પૂછવાનો ભાવ એવો હતો કે સ્કૂલમાં હાજરી પત્રકમાં સહી કરીને, છોકરાંને રખડતાં મૂકીને તો મારાં દર્શને નથી આવ્યાને? કારણ કે ખોટું કરીને સંતનાં દર્શન કરવા જવાથી કોઈ લાભ થતો નથી; ઊલટાનું નુકસાન થાય છે.

આપણા પરિવારમાં, સમાજમાં કે ધર્મસંસ્થામાં જે ઝઘડા દેખાય છે તેનું મૂળ અહીં રહેલું છે. ગુરુમહારાજના સિદ્ધાંતો જાણ્યા પછી પણ આપણે 'માગણવૃત્તિ' રાખીને ધાર્મિક કાર્યક્રમો કરીએ તો એ શું ફળ આપે? આવા કાર્યક્રમોમાં ભવ્યતા દેખાય પણ દિવ્યતા ના દેખાય. દિવ્યતા અનુભવવાની વસ્તુ છે, અને એવા અનુભવ માટે સદ્‌ગુણોનું સેવન અને એ પ્રમાણેનું વર્તન અનિવાર્ય છે.

ધર્મકાર્યોમાં સ્વાર્થ પેસે એટલે ધર્મ એ પૈસા અને પ્રતિષ્ઠા કમાવાનું સાધન બને. ગુરુમહારાજે કરેલી તપશ્ચર્યા અને પાળેલાં કઠણ વ્રતોની વાતો કરીને એમાંથી પૈસો રળવાનો વ્યક્તિ પ્રયત્ન કરે તો એને હંમેશ માટે નુકસાન થાય છે.

પ્રાણાયામ દ્વારા મનની વૃત્તિઓ અટકાવી શકાય પણ મનોનાશ નહિ થાય.

એક કલાકથી પ્રવચન આપી રહેલા એક વક્તાને જોઈને કોઈકે પૂછ્યું કે "આ ભાઈ ક્યારના શાના ઉપર પ્રવચન આપી રહ્યા છે?" સામી વ્યક્તિએ જવાબ આપ્યો : તેઓ "મૌનનું મહત્ત્વ" સમજાવી રહ્યા છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને શ્રવણ પ્રમાણે વર્તન કરવાનું મહત્ત્વ સમજાવે છે. જો આ રીતે ધર્મને આચારમાં મૂકીએ તો એક જ ગુરુના શિષ્યોમાં પ્રેમભાવ વધે, સુમેળ સધાય અને ગુરુમહારાજના મિશનનું કામ કૂદકે ને ભૂસકે આગળ વધે અને જો આચરણમાં ના મૂકાય તો પછી વાદ-વિવાદ, વિતંડાવાદ, ઝઘડા અને અદાલતનાં પગથિયાં ચઢવાનું જ નક્કી બને છે.

થોડું સાંભળીએ પરંતુ એ પ્રમાણે જીવીએ તો ગુરુમહારાજ રાજી થાય. ગુરુમહારાજને રાજી કરવાનો પ્રયત્ન કરીએ એવી શુભ ભાવના.

રાત્રે ચાંદનીમાં બેઠેલા સીતાજીએ રામચંદ્રજીને કહ્યું કે આ ચરણથી (રામજીના ચરણ કરતાં) આ ચરણ (પોતાના ચરણ) સુંદર છે. રામચંદ્રજીએ તરત જ કહ્યું કે હા દેવી ! આ ચરણથી (મારા ચરણને કારણે) આ ચરણ (તમારા ચરણ) સુંદર છે. આ વિવાદ ચાલ્યો ત્યાં લક્ષ્મણજી આવ્યાં. આમાં કોણ સાચું એવું એમને પૂછ્યું ત્યારે એમણે કહ્યું કે- **આચરણથી** આ ચરણ (રામજીના ચરણ) સુંદર છે. આ છે આચરણનો મહિમા.

# સંકેત : ૧૩

**માટે મન ના કોઈનું દુખવવું કદી તેમ;**
**કાયા વાચા મન થકી જે જે કૃત્યો એમ-**
**કર્યાં તેહ સહુ ભાવથી કરવાં ઈશાર્પણ;**
**નિર્મળ બુદ્ધિ રાખીને કરવું સરલ વર્તન.**

(અ.૧૨૨ દો.૪૦-૪૧)

ગંગા નામની કન્યા પોતાના પતિના મૃત્યુથી દુ:ખી થઈને પોતાના ગુરુ પાસે ગઈ અને પોતાનાં દુ:ખની વાત કરી. ગુરુજીએ એને બોધ આપીને સાચી દૃષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો. ગંગાને ગુરુની વાત સમજાઈ એટલે એણે સાચા સુખની દિશામાં ડગલાં ભરવાનું વિચાર્યું.

ગંગાએ ગુરુજીને પૂછ્યું કે જે કાંઈ શ્રવણ કરીએ એનું મનન થાય પછી ધ્યાનાદિક થાય અને તે દ્વારા ભગવાનની કૃપા થાય એવું સાધન શું છે? આ પ્રશ્નના જવાબમાં ગુરુજી ગંગાને આત્મપૂજાનું મહત્ત્વ સમજાવે છે. પોતાના દેહમાં રહેલા આત્મદેવની અહિંસાના પુષ્પથી પૂજા કરવી. અહિંસાનો સાચો અર્થ સમજાવતાં ગુરુજી ઉપરની વાત દોહરા દ્વારા રજૂ કરે છે.

આ દોહરા દ્વારા ગુરુમહારાજ આપણને સફળ જીવનની ગુરુચાવી આપે છે. અહિંસાનો અર્થ કોઈની હિંસા નહિ કરવી એટલે કે કોઈને મારી નાખવું નહિ એટલો જ નથી કરવાનો, પણ એનો સૂક્ષ્મ અર્થ ગ્રહણ કરવાનો છે.

સુખી કરી સુખી થવાનો આદર્શ એ જ સુખી થવાનો સાચો રસ્તો છે, રાજમાર્ગ છે. વ્યક્તિ સુખની શોધમાં ફરે છે. આમ તો જીવ પોતે જ આનંદસ્વરૂપ જ છે પરંતુ ભ્રમણાને કારણે એ વાત ભૂલી

ગયો છે. પોતાના આનંદસ્વરૂપને પ્રગટ કરવા માટે શું કરવું જોઈએ? આ પ્રશ્નનો જવાબ આ દોહરામાંથી મળી રહે છે.

સૌ **પ્રથમ** તો કોઈનું પણ મન દુભવવું નહિ. આ બહુ મોટી વાત છે. શારીરિક ઈજા કરતાં પણ મન દુભવવાનું પાપ મોટું છે. કોઈ વાર એવો પ્રશ્ન થાય કે આપણને શું ખબર પડે કે આપણા વર્તનથી સામી વ્યક્તિનું મન દુભાશે કે નહિ? તો એનો જવાબ એ છે કે આપણે વિચારવાનું કે કોઈ વ્યક્તિ આપણી સાથે આવું વર્તન કરે તો આપણને એ વર્તન ગમે? જવાબ 'હા'માં આવે તો એવું વર્તન કરવાનું અને જવાબ 'ના'માં આવે તો એવું વર્તન નહિ કરવાનું. કારણ કે જેમ આપણને એવું વર્તન ન ગમે તેમ સામી વ્યક્તિને પણ આપણું વર્તન નહિ જ ગમે. પોતાને પ્રતિકૂળ જણાય એવું વર્તન બીજા સાથે નહિ કરવું. **આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ |**

આપણે સામાન્યતઃ અભિમાનમાં આવીને ગમે તેમ બોલીએ છીએ અથવા ગમે તેવું વર્તન કરીએ છીએ. અભિમાનવશ રાવણે વિભીષણને લાત મારી તો એનું પરિણામ એણે ભોગવવું પડ્યું. આપણે જ્યારે પણ બોલીએ ત્યારે આપણી વાણી મીઠી અને હિતકર હોવી જોઈએ. સત્ય બોલવું. પણ પ્રિય બોલવું. અપ્રિય લાગે એવું સત્ય બોલવું નહિ. (સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્ | સત્યમપિ અપ્રિયં ન બ્રૂયાત્ ||) દરેક શબ્દને અર્થ, ભાવ અને શક્તિ હોય છે. મીઠી વાણી વ્યક્તિને જીવવાનું વાતાવરણ પૂ રું પાડે છે તો કડવી વાણી એને મરવા માટે પ્રેરે છે.

**જબ અપના મૂંહ ખોલો તુમ,**
**મીઠી બાની બોલો તુમ.**

આ નાના સૂત્રમાં મોટી શિખામણ છે. સામી વ્યક્તિના મનને દુભવવાનો આપણને શો અધિકાર? આપણે બીજાને હલકા ગણીએ અને આપણી જાતને વધુ ઊંચા સમજીએ ત્યારે અભિમાનમાં ગમે

અવાજ અવકાશતત્ત્વમાં ગતિ કરે છે તેમ, વિચાર માનવતત્ત્વમાં ગતિ કરે છે.

તેવી વાણી બોલીને બીજાને દુ:ખી કરીએ છીએ. આ રીત બરોબર નથી.

તનના ઘા રુઝાય છે પણ મનના ઘા રુઝાતા નથી. વળી સત્ય કદી કડવું હોતું નથી પણ સત્ય કહેવાની રીત કડવી હોય છે. સામાના સ્વમાનનો અને લાગણીનો વિચાર કરીને હળવેથી મીઠી વાણીમાં સાચી વાત કહીએ તો સામો માણસ પ્રેમથી સ્વીકાર કરશે. આવી રીતે વર્તન કરવામાં સામી વ્યક્તિના વ્યક્તિત્વનો સ્વીકાર રહેલો છે. આને માટે સામી વ્યક્તિના શરીરને ના જોતાં એનામાં રહેલા આત્માને જોવાનો છે.

પૂ.પ્રેમ અવધૂતજીના જીવનનો એક પ્રસંગ જાણવા જેવો છે. ડભોઇના એક સોનીને એવી તકલીફ હતી કે એ જે દાગીના ઘડે અને કબાટના ખાનામાં મૂકે તે દાગીના કોઈ મલિન તત્ત્વ અદૃશ્ય કરી દેતું હતું. કોઈએ સોનીને લીંચ જઈ પૂ.પ્રેમઅવધૂતજીને મળવાનું અને પોતાની તકલીફ જણાવવાનું સૂચવ્યું. આ બનાવ સને ૧૯૯૬માં બન્યો હતો. જે ભાઈએ સૂચન કર્યું હતું તેને યાદ આવ્યું એટલે એણે કહ્યું કે જો તમારે જવું હોય તો વહેલા જજો, કારણ કે પછી તેઓ ગણદેવી પાસેના પાટી ગામમાં સો દિવસ માટે મૌનમાં જવાના છે. પોતાના દુ:ખ નિવારણ માટે એ ભાઈ તો નીકળી ગયા અને લીંચ રાત્રે એક વાગે પહોંચ્યા. સ્વાર્થ આંધળો હોય એટલે પોતાના દુ:ખ નિવારણ માટે એ ભાઈને બીજો વિચાર આવ્યો જ નહિ.

સામાન્ય રીતે આવા સમયે આવનારને કંઈ કહેવાનું મન થાય કે આ કાંઈ આવવાનો સમય છે? અગાઉથી જણાવ્યા વિના અવાય જ કેવી રીતે? આ ઘર છે કે ધર્મશાળા? પણ આવું કશું કહ્યા વિના પૂ.પ્રેમ અવધૂતજીએ એટલું જ કહ્યું કે "તમે અગાઉથી જણાવીને આવ્યા હોત તો તમારે માટે ખાવાની વ્યવસ્થા કરાવત." પછી ચા-પાણી કરાવીને કહ્યું કે, "હાલ સૂઈ જાવ. આપણે સવારે વાત કરશું, હો."

એકાગ્ર ચિત્ત દ્વારા ધ્યાનનો અભ્યાસ કરવાથી દિવ્યદૃષ્ટિ સાંપડે છે.

સવારે પૂ.પ્રેમ અવધૂતજીએ સોનીને પડતી તકલીફની વાત જાણી. બાદ ગુરુદેવનું સ્મરણ કરી અમુક અનુષ્ઠાન કરવા તેમણે સોનીને જણાવ્યું. સોનીએ આદર અને શ્રદ્ધાથી તે પ્રમાણે અનુષ્ઠાન કર્યું. પછી તેની તકલીફ દૂર થઇ હતી.

આવા સંજોગોમાં કસમયે આવનાર વ્યક્તિ સાથે મીઠી વાણી બોલવાનું સહેલું નથી. પરંતુ આવનારમાં ગુરુમહારાજને જુએ તો પછી ગમે તેમ બોલવાનું ગમે જ નહિ.

બીજાનું મન દુભવવાથી કુદરતની પરમ સંવાદિતામાં ક્ષોભ ઉત્પન્ન થાય છે અને પરમ સંવાદિતામાં પડેલા આ ક્ષોભને દૂર કરવા માટે કુદરત આપણું મન દુભાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે. આમ આપણે જાતે જ આપણા પગ ઉપર કુહાડો મારવાની મૂર્ખાઇ કરીએ છીએ.

**બીજી વાત** એ કે કાયા, વાચા અને મનથી જે જે કાર્યો થાય તે બધાં ભગવાનને ભાવથી અર્પણ કરવાં.

**કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુદ્ધયાત્ મનાવા પ્રકૃતેસ્વભાવાત્ |**
**કરોમિ યદ્યત્ સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ |**

આવો ભાવ કેળવવાથી આપણને કર્મનું બંધન લાગુ પડતું નથી. ઈશ્વરને રાજી રાખવા માટે કર્મો કરવાં; નિમિત્ત ભાવે કર્મો કરવાં, નિષ્કામભાવે કર્મો કરવાં અને કરેલાં કર્મો ઈશ્વરને સમર્પણ કરવાં. આ પ્રમાણે કરવાથી કર્મ બંધનરૂપ નીવડતું નથી. વ્યક્તિ નમ્ર બને છે. સારાં કાર્યો કરવા છતાં અહંકાર ન થવાથી વ્યક્તિનું જીવન ઉન્નત બને છે. દરેક સત્કર્મને અંતે આપણે "તત્સત્ બ્રહ્માર્પણમસ્તુ" અને "અનેન યથાજ્ઞાનેન યથામિલિતોપચાર દ્રવ્યૈ: કૃતેન પૂજનેન **ભગવાન પ્રિયતાન્ ન મમ**" બોલીને બધું ભગવાનને સમર્પણ કરીને આમાં મારું કશું નથી એવો ઊંચો ભાવ વ્યકત કરીએ છીએ. સમર્પણની ભાવનાથી ભગવાન પણ રાજી થાય છે.

દિવ્યદષ્ટિની સિદ્ધિથી યોગીપુરુષ દૂરનું જોઇ શકે છે.

**ત્રીજી** મહત્ત્વની વાત એ કે નિર્મળ બુદ્ધિ રાખવી અને સરલ વર્તન કરવું. માણસે સરળ વર્તન કરવું હોય તો બુદ્ધિ નિર્મળ કરવી રહી. જીવનને સુખી કરવાનો આ રાજમાર્ગ છે. તુલસીકૃત રામાયણમાં સંતનાં લક્ષણોમાં પહેલું લક્ષણ સરળતા દર્શાવ્યું છે.

જીવનના વ્યવહારમાં સરળતા લાવવાનું કાર્ય અતિ આવશ્યક છે પરંતુ એ લાવવાનું કાર્ય ખૂબ કપરું છે. **કડકાઈભર્યું જીવન જીવવું સરળ છે પરંતુ સરળ જીવન જીવવું કઠણ છે.** વ્યક્તિ સાધના દ્વારા બુદ્ધિને નિર્મળ કરે તો જ જીવનનો વ્યવહાર સરળ બને. પૂ.પ્રેમ અવધૂતજીના જીવનમાં જે સરળતા છે અને પ્રેમસભરતા છે એને ધ્યાનમાં રાખીને **પૂ.કૃષ્ણશંકર શાસ્ત્રી**એ ઊંડો અને ઊંચો ભાવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે "કુલીનભાઈ ! આપણને ભાઈ જેવો આત્મા બીજી વાર નહિ મળે."

જીવનમાં સરળતા લાવવાથી સામી વ્યક્તિ કદાચ આપણા પ્રત્યે ઉપેક્ષા પણ દાખવે. આપણી કોઈ ગણતરી જ ન હોય એવું વર્તન પણ કરે. અપમાન પણ થાય અને આપણી અવગણના પણ થાય. આમ છતાં સામી વ્યક્તિને તકલીફ ના પડે એ રીતે એની સાથે પ્રેમભર્યું વર્તન કરનાર જ પ્રભુની અત્યંત નજીક હોઈ શકે. પૂ.પ્રેમ અવધૂતજીનું જીવનસૂત્ર છે : "જે પરનો વિચાર કરે તેને જ પરબ્રહ્મ મળે."

જેનું જીવન દંભરહિત છે, જેના હૃદયમાં સહુ માટે નિર્વ્યાજ પ્રેમ છે, જેનામાં અભિમાન નથી અને જે ગુરુમહારાજનું કે ભગવાનનું રમકડું થઈને જીવે છે તેના જ જીવનમાં સરળતા આવે છે.

સરળતાથી સામી વ્યક્તિ વશ થઈ જાય છે. જે સરળ છે તે નિર્મળ પણ છે. હૃદયનો ચોખ્ખો છે. કૂડ અને કપટથી દૂર રહે છે. આવી પ્રેમથી ભરેલી વ્યક્તિ પાસે પ્રભુ રહેતો હોય છે. ભગવાન

પિતૃલોકમાં વસતા બધા જ પિતૃઓમાં દિવ્ય શ્રવણ શક્તિ હોય છે.

પ્રેમની પાસે અને ઢોંગથી દૂર રહેતો હોય છે. પૂ.શ્રી એક પ્રભાતિયામાં ગાય છે કે :

**પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો,**
**ઢોંગથી ઢૂકડો દૂર નાસે,**
**નાટકી ઠાઠથી કાટ નવ નીસરે,**
**કામ ત્યાં રામ કદીએ ન ભાસે.**

ભગવાન કૃષ્ણ ગોવાળિયા સાથે ગોવાળિયા બનીને રહ્યા. મિત્ર સુદામાના તાંદુલ ખાઈને એમને અઢળક સંપત્તિ આપી અને તેની સુદામાને ખબર પણ ના પડવા દીધી. ભગવાન રામ શબરીની ઝૂંપડીએ ગયા. શબરીનાં બોર ખાનાર ભગવાન રામ કે વિદુરની ભાજી ખાનાર ભગવાન કૃષ્ણ એ સરળ જીવનનું ઉદાહરણ છે.

આપણા ગુરુમહારાજ પણ જ્યાં મુકામ કરે ત્યાં સામી વ્યક્તિને મુશ્કેલી ના પડે એનો ખ્યાલ રાખે. સતાધારમાં અશ્વિનભાઈ દવેને ત્યાં ડગમગતા પાયાવાળી ખાટ પર રહ્યા અને એ બદલવાનો વિચાર જ ના ઊઠવા દીધો. સેવામાં રહેલા સેવકો આ સમજી શક્યા નહિ ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે આ પાટ જે કિચૂડ કિચૂડ બોલે છે તે તો અવધૂતને નીંદર આવે તે માટે હાલરડું ગાય છે.

જેનું જીવન સરળ છે, નિર્દોષતાથી ભરેલું છે તે પોતે શાંત રહે છે અને એના સંપર્કમાં આવનારને શાંતિ આપે છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને વાણીનો સંયમથી ઉપયોગ કરવાનો, સામી વ્યક્તિનાં સ્વમાન અને લાગણીનો વિચાર કરવાનો અને જીવનને નિર્દોષ અને સરળ બનાવવાનો સંકેત આપે છે. આપણે પણ અવધૂત જેવા થવાની દિશામાં કદમ ઉઠાવીએ એવી એમની અપેક્ષા છે. **પરસ્પરદેવો ભવ** સૂત્રને જીવનમાં વણી લઈએ અને ગુરુમહારાજનાં સાચાં સંતાન થઈને જીવીએ.

કાન અને આકાશનાં સંબંધ ઉપર સંયમ કરવાથી દિવ્ય શ્રવણ શક્તિ મળે છે.

## સંકેત : ૧૪

**અહંકારને ત્યાગવો, શૌચ પાળવું આંહ્ય;**
**સત્સંગે રમવું સદા, રે'વું તુષ્ટ સદાય.**
**નિયમે સત્શાસ્ત્રોતણું કરવું શ્રવણ સપ્રેમ;**
**થાય શિવાનુગ્રહ નકી સદા વર્તતાં એમ.**

(અ.૧૨૨ દો.૪૬-૪૭)

પોતાના પતિના મૃત્યુથી વ્યથિત થયેલી બ્રાહ્મણ કન્યા ગંગા પોતાના ગુરુ પાસે જઇને પોતાનાં દુ:ખનું વર્ણન કરે છે ત્યારે એના ગુરુમહારાજ એને જીવનની સાચી દ્દષ્ટિ આપે છે. સંસારી જેને દુ:ખ માને છે એ તો ખરેખર દુ:ખ જ નથી એવી સમજ આપે છે. જીવનમાં આપણે શું કરવાનું છે એની સમજ ગુરુજી આપે છે. શુકદેવજીએ પરિક્ષીતને જીવનની દ્દષ્ટિ જ આપી હતી. તક્ષક નાગ સાતમે દિવસે આવીને કરડશે એવા શાપથી મૃત્યુનો ભય જન્મ્યો હતો તે ભય શુકદેવજીએ દૂર કર્યો. સંતો આપણને સાચી સમજ આપે છે અને મોહનો પડદો દૂર કરે છે. શુકદેવજીએ પરિક્ષીતનું મૃત્યુ હર્યું નથી મૃત્યુનો ભય હર્યો છે.

પ્રાધ્યાપક શર્મા સાહેબના જીવનમાં બનેલો પ્રસંગ છે. અમદાવાદની એચ.એલ.કૉલેજમાં હિંદીના પ્રાધ્યાપક તરીકે તેઓ ફરજ બજાવતા હતા. નાની ઉંમરે પિતા ગુમાવ્યા. પિતાનું મૃત્યુ એમણે જોયું. પહેલ વહેલું મૃત્યુ જોયું અને તે પણ પિતાનું મૃત્યુ. મૃત્યુ જોઈને તેમના મનમાં ભયંકર બીક પેસી ગઈ. કોઈની પાસેથી સાંભળ્યું કે નારેશ્વરમાં એક પ્રખર સંત રહે છે. પોતાની બીકની વાત કરવા નારેશ્વર ગયા. પૂ.શ્રીને વાત કહી અને કહ્યું કે મને મૃત્યુની સખત બીક લાગે છે. હું ગભરાઈ ગયો છું.

પવિત્ર મન એ પ્રેમનું અને પ્રભુનું નિવાસસ્થાન છે.

પૂ.શ્રીએ કહ્યું કે "ભાઇ ! તમે નસીબદાર છો કે તમને મૃત્યુની બીક લાગે છે. જ્યાં સુધી તમારા જીવનમાં આ મૃત્યુની બીક હશે ત્યાં સુધી તમે ખોટું કામ નહિ કરો એટલે આ મૃત્યુની બીક રહેવા જ દેજો. એને કાઢવાનો વિચાર જ ના કરશો. એમાં તમારું કલ્યાણ છે."

નારાયણ સ્વામી કહે છે:

**દો બાતનકો ભૂલ મત જો ચાહત કલ્યાણ,**
**નારાયણ ઇક મોતકો દૂજે શ્રીભગવાન.**

ગુરુ દુઃખ દૂર નથી કરતા, દુઃખનું કારણ દૂર કરે છે. આપણને સાચી સમજ આપે છે. અજ્ઞાનરૂપી મંદ અંધકારમાં દોરડીને સાપ માનીને બીધેલા સંસારી જીવને સાચી સમજનો પ્રકાશ આપી ગુરુ દોરડીનું ભાન કરાવે છે અને એની સાપની બીક દૂર કરે છે.

જીવ શિવ બનવા તરફ ગતિ કરે એ સાચું ધ્યેય છે. જીવ પોતે બ્રહ્મ છે જ પણ એ વાત ભૂલી ગયો છે અને તેથી પોતાનું મૂળ સ્વરૂપ પામીને પણ તે કંઇક મેળવે છે એવો ભાવ અનુભવે છે. **જે મળેલું છે તે જ મેળવવાનું** છે. વ્યક્તિના ખિસ્સામાં જ ચાવી હોય પરંતુ એ વાત ભૂલી જવાથી એ બીજે બધે ચાવી શોધે છે અને ચાવી નથી મળતી એનું દુઃખ અનુભવે છે. ચાવી ખોવાઇ ગઇ એનું એને ભારે દુઃખ છે. પછી કોઇ અનુભવી વડીલ એને કહે કે "ભાઇ ! તારા ખિસ્સામાં તો જો" અને ખિસ્સું જોતાં ચાવી મળે એટલે ચાવી મળી ગયાનો આનંદ અનુભવે છે. ખરેખર તો ચાવી એના ખિસ્સામાં હતી જ, એની પાસે જ હતી. પરંતુ ચાવી ખોવાઇ ગયાનો એને ભ્રમ થયો હતો. સંસારમાં પણ સંતો સંસારીજનનો ભ્રમ દૂર કરી એનો ભય અને એનું દુઃખ હરે છે.

આ દોહરામાં જીવમાંથી શિવ બનવા માટે વ્યક્તિએ દુર્ગુણો છોડીને સદ્ગુણનું સેવન કરવું જોઇએ એ વાતનો નિર્દેશ કર્યો છે.

સતત ઇશ્વરસ્મરણ મનને પાતળું બનાવે છે. સંકલ્પોનો, વાસનાનો નાશ કરે છે.

જેમ શિલ્પીના ટાંકણાનો પ્રહાર સહન કરીને પથ્થરનું દેવમૂર્તિમાં રૂપાંતર થાય છે તેમ વ્યક્તિ પણ સહન કરીને, લોહીનું પાણી કરીને, તપશ્ચર્યા કરીને સંત બને છે.

વ્યક્તિના દુ:ખનું મૂળ અહંકાર છે. અહંકારનો અર્થ થાય છે: 'હું (અહં) કરનાર (કાર) છું.' આ બધું હું કરું છું , મારાથી થાય છે એવી અંત:કરણની વૃત્તિને જ અહંકાર કહે છે.

આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીના સત્ત્વગુણમાંથી બનેલું અંત:કરણ જ્યારે ચિંતન કરે છે ત્યારે એ ચિત્ત કહેવાય. એ જ અંત:કરણ જ્યારે સંકલ્પ-વિકલ્પ કરે ત્યારે મન કહેવાય. આમ જ કરવું છે એવો નિશ્ચય કરે ત્યારે અંત:કરણની નિશ્ચય કરવાની વૃત્તિને બુદ્ધિ કહેવાય અને જ્યારે અંત:કરણ 'આ હું કરું છું' એવી વૃત્તિ કરે ત્યારે તેને અહંકાર કહેવાય.

આ અહંકારમાંથી જ બધા અનર્થો અને અનિષ્ટો જન્મે છે. ખરેખર તો બધું કરનાર પરમેશ્વર જ છે. એની ઈચ્છા વિના ઝાડનું પાંદડું પણ હાલી શકતું નથી. માણસ તો ગાડાની નીચે ચાલતા કૂતરા જેવો છે. ગાડાનો ભાર બળદ ખેંચે છે પરંતુ ગાડાની નીચે ચાલતું કૂતરું વજન માથે લઈને ફરે છે. આવો માથે બોજો લઈને ફરવાની વૃત્તિને કારણે માણસ દુ:ખી થાય છે અને બીજાને દુ:ખી કરે છે. અહંકારનો નાશ એ જ મોક્ષ છે.

શ્રીગુરુલીલામૃતમાં પૂ.શ્રી લખે છે :

**મોક્ષ ન સ્વર્ગે ના કદિ પાતાળે એ જાણ;**
**ભૂમંડળ આકાશમાં ના એ નિશ્ચય માન.**
**અહંકાર મારી રહે; તચ્ચિત્તે એ જાણ,**
**અહંકાર ક્ષય મોક્ષ એ, ના બીજો તું માન.**

(અ.૧૫ દો.૧૬૫-૧૬૬)

મન ઉપરનો વિજય એ મોટામાં મોટો વિજય છે.

પૂ.શ્રી જણાવે છે કે :

**દેહ-અહંતા બંધ છે, મોક્ષ અહંતાત્યાગ;**
**થતાં સ્વાત્મબુદ્ધિ બધે, શમે ‘અહં-મમ’ આગ.**

(અ.૧૫ દો.૧૫૫)

ભૂલાવી “હું-મારું” ‘હું’ ને તારામાં ‘ડુબાડ’ એવું પૂ.બાપજીએ ભજનમાં ગાયું છે તેમાં પણ આશય તો અહંકાર અને મમતાના ત્યાગનો છે. સુખી થવાનો આ રાજમાર્ગ છે. એક કવિ પ્રશ્ન પૂછે છે કે વ્યક્તિ જીવતી હોય છે ત્યારે પાણીમાં ડૂબી જાય છે પરંતુ મૃત્યુ પામ્યા પછી એનું શબ પાણી પર તરે છે. એનું કારણ શું? પછી કવિ પોતે જ એનો જવાબ આપે છે. વ્યક્તિ જીવતી હોય છે ત્યારે એનામાં અહંકારનું ભારે વજન હોય છે. એ અહંકારથી ભરેલો હોવાથી એ ભારે હોય છે અને તેથી ડૂબી જાય છે. મૃત્યુ પામેલી વ્યક્તિમાં અહંકાર હોતો નથી. એટલે એ હલકો ફૂલ થઈ જાય છે અને તેથી તરે છે.

અહંકારમાંથી જ “મારું”ની ભાવના જન્મે છે અને મારું આવે એટલે સાથે “તારું” આવીને ઊભું જ રહે છે. આ ‘મારું અને તારું’ એવી ભેદભાવની લાગણી જ માણસને દુ:ખી દુ:ખી કરે છે. મામકા: ને પાણ્ડવા:ની વૃત્તિમાંથી જ મહાભારત જન્મે છે. ભગવાનનું અનન્ય ભાવે શરણું લેવાથી અહંકાર ઘટતો જાય છે. પોતાના ‘હું’ ને મારી નાખવું એ જ જીવતે જીવ મરી જવા બરાબર છે. આવું મૃત્યુ જેને મળે તે ભાગ્યશાળી કહેવાય.

અહંકારનો ત્યાગ કરવો અને આંતરિક તેમ જ બાહ્ય પવિત્રતા જાળવી તન અને મન બંને પવિત્ર રાખવાં. જેમ સ્નાન કરવાથી તનશુદ્ધિ થાય છે તેમ સત્સંગ કરવાથી, સાધના કરવાથી મનશુદ્ધિ થાય છે. સારા વિચારો કરવાથી અને તે પ્રમાણે વર્તન કરવાથી વ્યક્તિનું અંત:કરણ શુદ્ધ થાય છે. અંત:કરણની શુદ્ધિ પછી જ વ્યક્તિને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સત્સંગ અને સંતસંગ એ સુખી થવા માટે ખૂબ જરૂરી છે. શબરીને નવધા ભક્તિ સંભળાવતાં રામજી ભગવાન કહે છે કે:

**પ્રથમ ભગતિ સંતન કર સંગા |**
**દૂસરી ભગતિ મમ કથા પ્રસંગા ||**

સત્સંગ મળવો અને સત્સંગ કરવો એ ભગવાનની કૃપાનું જ ફળ છે. ગોસ્વામી તુલસીદાસજી લખે છે:

**સુત દારા અરુ લક્ષ્મી પાપી કે ભી હોય |**
**સંત સમાગમ હરિ કથા તુલસી દુર્લભ દોય ||**

જેમ મંદ જઠરાગ્નિવાળી વ્યક્તિને ભૂખ લાગતી નથી અને ખાવાની રુચિ થતી નથી તેમ માયાવી જીવને સત્સંગ કરવાની વૃત્તિ જ થતી નથી. વ્યક્તિ જેવો સંગ કરે તેવો રંગ લાગે.

**રંગે પટ રંગાય છે, સંગે લાગે રંગ;**
**માટે નિ:સંગી થવું, કરવો વા સત્સંગ.**

(અ.૯ દો.૧૦૦)

સત્સંગ કરવાથી વ્યક્તિમાં સદ્‌ગુણોનો વિકાસ થાય છે. આ દૈવી સંપત્તિ પ્રાપ્ત થવાથી વ્યક્તિ સંતોષી બને છે. માણસને સંતોષ ન હોવાથી દોડધામ કરીને દુ:ખી થાય છે. સંતોષ એ જ કલ્પવૃક્ષ છે. પૂ. બાપજી વંદનામાં લખે છે કે:

**સાધના ગંગા નદી સંતોષ કલ્પદ્રુમ તિહાં,**
**બેઠો જઈ ઔદુંબરે એ, ના તુને અણુએ ઈહા.**

સંતોષ એટલે જે કાંઈ આવી મળે તે બરાબર છે એવી ભાવના થવી. જે મળ્યું તે પૂરતું છે અને યોગ્ય છે એવો ભાવ જ માણસના જીવનમાં શાંતિ લાવે છે. સંતોષ એ જ સાચું ધન છે.

**ગોધન, ગજધન, વાજીધન ઔર રતનધન ખાન |**
**જબ આવે સંતોષ ધન સબ ધન ધૂરિ સમાન ||**

મનથી બંધન, મનથી મુક્તિ, મન વશ કરવા શોધો યુક્તિ.

સંતોષરૂપી ધન પ્રાપ્ત થાય એટલે ગાય, હાથી કે ઘોડા ધૂળ સમાન જણાય છે. સંતની કૃપા થાય ત્યારે જીવ સંતોષનો ભાવ પામે. અસંતુષ્ટ જીવ સદા દુ:ખી રહે છે અને હડકાયલા કૂતરાની જેમ અહીં તહીં દોડધામ કરતો હોય છે.

અહંકાર છોડવો એ પ્રથમ મહત્ત્વની વાત. તન અને મન પવિત્ર રાખવાં એ બીજી મહત્ત્વની વાત. સત્સંગ કરવો એ ત્રીજી વાત અને સંતોષી બનવું એ ચોથી વાત.

શિવની કૃપા મેળવવાનું છેલ્લું પગથિયું સારાં શાસ્ત્રોનું શ્રવણ કરવું અને તે પ્રમાણે વર્તવું. જીવનમાં દરેક કાર્ય કરતી વખતે સાવધ રહેવું. સાચું જ કરવું અને કદી ખોટું ન કરવું. એ રીતે જીવન જીવવાથી વ્યક્તિ જીવમાંથી શિવ બનવા તરફ ગતિ કરે છે.

આ દોહરા દ્વારા ગુરુ મહારાજ આપણને નમ્ર અને સરળ બની, સહુ પર પ્રેમભાવ વરસાવી, સારું અને સાચું જીવન જીવવાનો સંકેત આપે  છે. આ સંકેત આપણે પારખીએ, પકડીએ અને પાળીએ એવી અભ્યર્થના.

□

તારી મનોહર મૂર્તિને મુજ નયન નિત જોયા કરે,
તુજ સ્તવન મહિમા ગીતડાં રસના સદા ગાયા કરે,
મુજ શ્રવણ તારા નામના કીર્તન કથા સૂણ્યા કરે,
પ્રભુ ! એ જ મારી હૃદયભિક્ષા પતિત પાવન તુજ કને.

**-પાગલ પરમાનંદ પરમહંસ**

અભ્યાસ અને વૈરાગ્યથી મન વશ કરી શકાય છે.

# સંકેત : ૧૫

**લોકોદ્ધારાર્થે ફરે, બાકી સ્વયં નિષ્કામ,**
**દેવા શિક્ષણ લોકને કરે ચમત્કૃતિ આમ.**

(અ.૧૨૫ દો.૩૫)

પ.પૂ.વાસુદેવાનંદ ગુરુએ સંન્યસ્ત લીધા પછી ઉજ્જૈનથી સારંગપુર તરફ પ્રયાણ કર્યું. ઉજ્જૈનમાં નારાયણ સ્વામીએ યોગપટ્ટ અને દંડ આપીને વાસુદેવાનંદ સરસ્વતી નામ રાખ્યું. વાસુદેવ ગુરુ લોકોને ધર્મનું શિક્ષણ આપવા અને ધર્મના માર્ગે વાળવા ઉજ્જૈનથી સારંગપુર પગે ચાલીને આવ્યા.

એ ગામમાં કેશવરાવ કરીને એક વૈદ્ય રહેતો હતો. તે મિથ્યાભિમાની અને નાસ્તિક હોવાને કારણે બ્રાહ્મણોનાં નિત્ય, નૈમિત્તિક કર્મો કરતો ન હતો. એણે ગુરુ મહારાજને એક દિવસ માધુકરી લેવા આવવાનું આમંત્રણ આપ્યું. ગુરુ મહારાજે એને સ્પષ્ટ ના કહી દીધી. એને કહ્યું કે તારામાં બ્રાહ્મણનું એક પણ લક્ષણ દેખાતું નથી. જે બ્રાહ્મણ સંધ્યા, વૈશ્વદેવ વગેરે કરતા હોય એના ઘરે જ ભિક્ષા લેવા જઉં છું. નાસ્તિકના ઘરે તો હું સ્વપ્નમાં પણ ભિક્ષા લેતો નથી.

કેશવરાવ વૈદ્યે કહ્યું કે “બાપજી! હું પુનાનો કહાડે જાતિનો બ્રાહ્મણ છું. કોઈ પણ દિવસ વૈશ્વદેવ કરતો નથી પરંતુ આપ ભિક્ષા લેવા પધારશો તો આજે હું વૈશ્વદેવ કરીશ.” સ્વામીજીએ કહ્યું કે “તમારા જેવાને ઘરે ભિક્ષા લેવા કરતાં હું હીન જાતિના ચાંડાલને ઘરે ભિક્ષા લેવાનું વધુ પસંદ કરું.” કેશવરાવ આ સાંભળી નીચા મોઢે જતો રહ્યો. કેશવરાવે આ વાત એની માતાને કરી. માતાએ સ્વામીજીને કહ્યું કે “બાપજી! આપ આને બ્રાહ્મણ ધર્મ શિખવાડો અને તમને

સંતોષ થાય એ રીતે સંધ્યાવંદન, વૈશ્વદેવ વગેરે કરે ત્યારે માધુકરી લેવા પધારશો.”

નાસ્તિક કેશવરાવ બ્રાહ્મણ ધર્મ શીખી એ પ્રમાણે વર્તવા લાગ્યો એટલે વાસુદેવ ગુરુ ભિક્ષા લેવા પધાર્યા. આમ સંતજનો ધર્મવિમુખ લોકોને ધર્માભિમુખ કરે છે.

સંતની વ્યાખ્યા જ એ છે કે જે બીજાના સુખનો જ વિચાર કરે. એની પ્રાર્થના હોય છે: સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ। બધા સુખી થાય અને બધા નિરોગી રહે. સંતને પોતાના સુખની ચિંતા હોતી નથી. બીજાનું ભલું કરવાની વૃત્તિથી તેઓ બધે ફરતા રહે છે.

સત્યનારાયણની કથામાં આવે છે કે ‘એકદા નારદો યોગી પરાનુગ્રહકાંક્ષયા, પર્યટન્ વિવિધાન્ લોકાન્ પૃથ્વિલોકમુપાગતા’. નારદ પણ યોગી હોવાને કારણે બીજાનું ભલું કરવાની વૃત્તિથી બધે ફરતા ફરે છે. પૃથ્વી પર પોતાનાં કર્મોથી દુ:ખી થયેલા લોકોને જોઈને નારદજી વ્યથિત થાય છે અને વૈકુંઠમાં જઈને વિષ્ણુ ભગવાનને પૂછે છે કે ‘હે ભગવાન! આ દુ:ખી લોકો સુખી થાય એવો ઉપાય બતાવોને!’ આના જવાબમાં ભગવાન નારદને સત્યનારાયણ વ્રત-કથા કરવાનું મહત્ત્વ જણાવે છે.

બીજાનું દુ:ખ એ પોતાનું દુ:ખ છે એવો ભાવ સંતજન અનુભવે છે. માખણ કરતાં પણ સંતનું હૃદય વધારે મૃદુ હોય છે. માખણ તો તેને ગરમી લાગે ત્યારે પીગળે છે જ્યારે સંત તો બીજાને ગરમી લાગે ત્યારે પીગળી જાય છે.

આ સંવેદના અનુભવવાની સ્થિતિ જ સંતને સંસારીથી જુદા પાડે છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસના જીવનનો એક પ્રસંગ જાણીતો છે. કલકત્તામાં ગંગા નદીના સામે કિનારે એક નોકરને શેઠ ચાબુકથી ફટકારતો હતો પરંતુ એ ચાબુકના સોળ પૂ.રામકૃષ્ણ

મનને વશ કરવા માટે અખૂટ ધીરજભર્યા અભ્યાસની જરૂર છે.

પરમહંસના શરીર પર દેખાતા હતા. એક સામાન્ય સંસારી દાદાનો પોતાના પૌત્ર કે પૌત્રી પરનો પ્રેમ પણ એવો હોય છે કે એનાં દુ:ખે એ દુ:ખી થઇ જાય છે. તો પછી સંતની તો વાત જ શી?

સંતજન એ પૃથ્વી ઉપરના જીવતા જાગતા દેવતા છે. પરોપકારાર્થે એ પોતાનું શરીર ઘસી નાખતા હોય છે. પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ પૈસાનો સ્પર્શ કરતાં ન હતાં. જ્યાં પણ મુકામ હોય ત્યાં લોકોએ આપેલી વસ્તુનો ત્યાંને ત્યાં જ વિનિયોગ કરી દેતાં હતાં. ગામે ગામ પધરામણી કરીને એમણે શું મેળવવાનું હતું? પોતે તો કેવળ નિષ્કામવૃત્તિ ધરાવતાં હતાં. એમને કશું મેળવવાનું નો'તું. પરંતુ ભગવાને એમને આપેલી દિવ્ય શક્તિનો ઉપયોગ કરી દુ:ખિયાનાં દુ:ખ હરવા અને લોકોને ધર્મનું શિક્ષણ આપવા ગામે ગામ ફરતા હતા.

જ્યાં પણ પૂ.શ્રીનો મુકામ હોય ત્યાં લોકોની કતાર પડી જતી. કોઇને શારીરિક દુ:ખ, તો કોઇને માનસિક દુ:ખ, તો કોઇને નાણાકીય દુ:ખ. ડૉક્ટર પાસે માંદા માણસોની લાઇન લાગે એટલે દર્દીની વાતમાં "સાહેબ! મને પેટમાં દુ:ખે છે કે માથું દુ:ખે છે" એ દુ:ખની જ વાત હોય. તેમ સંતની પાસે જનારા પણ દુ:ખિયારા જ હોય અને તે તન, મન કે ધનના દુ:ખવાળા હોય. સંતજન એમને ઉપાય બતાવી આશ્વાસન આપે, મનની શાંતિ આપે અને દુ:ખ પણ હરે . સાધકને સાધનાના પંથે આગળ ધપાવે. જ્ઞાન માર્ગીને જ્ઞાન આપે. સંત તો પોતાની સંપત્તિ લૂંટાવવા જ બેઠા હોય છે. બ્રહ્માનંદનું ભજન છે કે :

**સંત પરમ હિતકારી જગતમાંહી સંત પરમ હિતકારી.**
**પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ ભરમ મિટાવત ભારી.**
**પરમ કૃપાળુ સકલ જીવન પર, હરિ સમ સબ દુ:ખ હારી.**

સંતો એ સાક્ષાત્ ભગવાન સ્વરૂપ જ છે એ ભાવને રજૂ કરતાં બ્રહ્માનંદ લખે છે :

**બ્રહ્માનંદ સંતનકી સોબત, મિલત હૈ પ્રગટ મુરારિ. ... સંત.**

નવાગામની અંદર પોતાની ૬૬મી જન્મ જયંતી નિમિત્તે કરેલા પ્રવચનમાં પૂ.શ્રી રંગ અવધૂતજીએ ગંગાજી માટે જે કહ્યું હતું તે અક્ષરશઃ સંતને પણ લાગુ પડે છે.

જ્યાં જાઉં છું ત્યાં લોકો પૂછે છે : "આપનો કાર્યક્રમ શો? કથાનો સમય ક્યારે રાખ્યો છે?" પણ ગંગાજીનો કાર્યક્રમ શો? વિશ્વ કલ્યાણ માટે નિત્ય નિરંતર, નિરપેક્ષ વિશુદ્ધ ભાવે વહ્યા કરવું તે જ. ...ગંગાજીને તો પોતાનું એવું કંઈ જ સાધવાનું હોતું નથી, માત્ર ૐ ૐ નું મધુર આત્મગીત ગાતાં ગાતાં પોતાના મૂળ સ્રોત મહાસાગરને મળવાનું છે. સાચા સંત કે સાધુનું પણ તેમ જ છે.

ઝાડને ફળ આવે છે પરંતુ ઝાડ પોતે એક પણ ફળ ખાતું નથી, એ જગતને જ ખવડાવી દે છે. નદી પોતાનું જળ પોતે પીતી નથી. પરંતુ તે લોકો માટે જ વહે છે. ખરેખર સંતજનનું જીવન પરોપકારાર્થે જ હોય છે.

પ.પૂ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજ જે દત્ત પ્રભુ સાથે વાતો કરતાં હતાં અને દત્ત પ્રભુ એમના યોગક્ષેમ વહન કરતાં, તેમણે અઘોરકષ્ટોદ્ધરણ સ્તોત્ર લખ્યું તો કોઈને એમ થાય કે સ્વામીમહારાજને એવું શું કષ્ટ આવી પડ્યું હશે? પરંતુ સ્તોત્રના અંતે આવતી બે લીટી આનો જવાબ આપે છે.

**શ્લોક પંચકમેતદ્યો લોકમંગલવર્ધનમ્ ।**
**પ્રપઠેત્ નિયતો ભકત્યા સ શ્રી દત્તઃ પ્રિયો ભવેત્ ॥**

લોકોનું મંગલ વધે એ હેતુથી આ સ્તોત્રની રચના કરવામાં આવી છે અને જે આનો ભક્તિભાવથી સંયમપૂર્વક પાઠ કરશે તે દત્તપ્રભુને પ્રિય થશે એવું સ્તોત્રમાં જણાવ્યું છે.

વાણી એ મન-બ્રહ્મનો ચોથો પગ છે. એ દ્વારા મન બહિર્મુખ બને છે.

સંતો એ કરુણાની મૂર્તિ છે, પ્રેમની પ્રતિમા છે, સહનશીલતાની સૂરત છે. સામી વ્યક્તિનું દુઃખ જોતાં જ એને પોતાનું દુઃખ સમજી દૂર કરવા પ્રયત્નો કરે છે, પ્રભુને પ્રાર્થના કરે છે. જરૂર પડે તો પોતાના પ્રાણ પણ આપી દે છે.

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે હરિદ્વારમાં પોરબંદરવાળા શેઠ નાનજી કાળીદાસ મહેતાના 'આર્યનિવાસ'માં મુકામ કર્યો હતો. એ દરમ્યાન મુંબઈમાં શ્રીનાનજીભાઈની તબિયત બગડી. એમની દીકરીએ પૂ.શ્રીના આશીર્વાદ માગ્યા અને પોતાના પિતાની તબિયત સારી થાય એવી પ્રાર્થના કરી. કરુણામૂર્તિ પૂ.શ્રીએ આશીર્વાદ આપતો તાર કર્યો. આ બાજુ પૂ.શ્રીએ શરીર છોડ્યું અને પેલી બાજુ નાનજીભાઈની તબિયત સ્વસ્થ થઈ ગઈ. આ વાતનો ઉલ્લેખ કરતાં એમની દીકરીએ- દીદીએ કહ્યું કે "અમે પૂ.શ્રીના આશીર્વાદ માગ્યા હતા, આયુષ્ય નહિ."

ઘણી વાર સંતોને ગામે ગામ પધરામણી કરતા જોઈને કોઈ અજ્ઞાની કે અબુધ સંસારીને એમ પણ થાય કે ઘરે ઘરે ફરીને, બધાના ઘરનું શું કામ ખાતા ફરતા હશે? પરંતુ એને ખાવાની શું પડી હોય? એ ખાય પણ કેટલું અને ખાય પણ કેવું? પરંતુ લોકોના કલ્યાણ માટે, લોકોનાં દુઃખડાં હરવા માટે, લોકોને ધર્માભિમુખ કરવા માટે ફરતાં હોય છે.

સંતો જેનું ખાય તેનું કલ્યાણ કર્યા વિના રહેતા નથી. અજામિલનું આખ્યાન એનું ઉત્તમ ઉદાહરણ છે. અજામિલ નાસ્તિક અને અધાર્મિક માણસ હતો પરંતુ એની પત્ની ધાર્મિક હતી. એક દિવસ એના ઘરે સંત પધાર્યા અને ભિક્ષા માગી. અજામિલની પત્નીએ સંતને જમાડ્યા. સંતે જોયું કે અજામિલની પત્ની ગર્ભવતી છે. એટલે સંતે જતાં જતાં કહ્યું કે "ભૈયા, તને દીકરો જન્મે તો તેનું નામ નારાયણ રાખજે."

વાણી, નાક, આંખ અને કાન એ મન-બ્રહ્મના ચાર પગ છે.

અજામિલની પત્નીને દીકરો જન્મ્યો અને તેણે તેનું નામ નારાયણ રાખ્યું. મોટી ઉંમરે થયેલા પુત્રમાં અજામિલને ઘણી આસક્તિ હતી. આખો દિવસ એના મુખ પર પુત્ર નારાયણનું નામ જ રહેતું. જ્યારે અજામિલ મરણ પથારીએ પડ્યો અને તેનો પ્રાણ લેવા યમદૂતો આવ્યા ત્યારે ગભરાઈ ગયેલા અજામિલે પોતાના પુત્રને બૂમ પાડી : “નારાયણ, નારાયણ.” અજામિલની “નારાયણ, નારાયણ”ની બૂમ સાંભળીને ભગવાન વિષ્ણુના પાર્શ્વદો આવ્યા અને અજામિલને સ્વર્ગમાં લઈ ગયાં.

આવાં આખ્યાનો સંતની કરુણાનો ખ્યાલ આપે છે. સંતને ઓળખવા સ્વયં સંત બનવું પડે છે. સંતો ચમત્કાર કરતા નથી પણ એમનું બોલેલું સાચું પડે એ રીતે ખુદ પ્રકૃતિ વર્તે છે.

આપણા ગુરુમહારાજ પૂ.શ્રીરંગ અવધૂત બાપજીએ આવા લોકોદ્ધારનાં અનેક કામો કર્યાં. પૂ.પ્રેમ અવધૂતજી પણ પરદેશમાં વીસ વીસ કલાક કામ કરીને લોકોને ધર્માભિમુખ બનાવે છે અને જીવનમાં ખોટે રસ્તે ચઢેલાને પ્રેમપૂર્વક સાચા માર્ગે લાવે છે.

લોકોનાં સુખને માટે નિષ્કામ ભાવે જીવન ઘસી નાખનાર સંતોના જીવનમાંથી આપણે પણ શીખીએ અને અન્યોને માટે ઘસાઈ છૂટવાનું શીખીએ.

**બડો બડાઈ ના કરે, મુખસે કહે ના બોલ,**
**હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.**

□

# સંકેત : ૧૬

**અલખ નિરંજનને કહે :- માટે સુજ્ઞે જાણ,**
**રાખવું ન ઋણ કોઈનું જરીએ બાકી માન;**
**નહિ તો ભોગવવું પડે દુ:ખ આખરે એમ,**
**જન્મે વા જન્માંતરે; છૂટે કર્મ ન તેમ!**

(અ.૧૨૭ દો.૩૨-૩૩)

પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી(સ્વામીમહારાજ) ફરતાં ફરતાં બ્રહ્માવર્તમાં આવ્યા. ત્યાં ગણપતિબુવા નામના એક મહાન સાધુનો ભત્રીજો ધર્માંતર કરી મુસલમાન બની ગયો હતો. આ ભત્રીજો એની પત્નીને લેવા આવ્યો ત્યારે એની પત્નીએ સ્વામીમહારાજની સલાહ પૂછી. તો એમણે કહ્યું કે જ્યાં સુધી એ પ્રાયશ્ચિત ના કરે ત્યાં સુધી એની સાથે જવાય નહિ. સ્વામીમહારાજનું કહ્યું માનીને એ સ્ત્રી ધર્મભ્રષ્ટ થયેલા પતિ સાથે ગઈ નહિ.

એ સ્ત્રીને પાંચ વર્ષનો એક દીકરો હતો. પિશાચ વળગવાને કારણે તે એક દિવસ બેભાન થઈને પડ્યો. સ્વામીમહારાજને આ વાતની જાણ થતાં એમણે ભૂર્જપત્ર ઉપર મંત્ર લખી આપ્યો અને બાળકના હાથે બાંધવાનું કહ્યું. આને કારણે એની પિશાચપીડા દૂર થઈ. પરંતુ એ બાળકની 'મા' રજસ્વલા ધર્મની થઈ. રજસ્વલા (Monthly Course માં) થયેલી સ્ત્રીને ત્રણ દિવસ સ્પર્શ ના થાય. છતાં બાળક 'મા' પાસે જવા હઠે ચઢ્યું અને ખૂબ આક્રંદ કરવા લાગ્યું. એ બાળકના હાથે બાંધેલું તાવીજ કોઈ પાસે છોડાવીને પછી 'મા' એ બાળકને ખોળે લીધું.

બાળકના હાથે બાંધેલું તાવીજ બાજુએ મૂક્યું હતું તે ભૂત જોઈ ગયું અને કોઈને ખબર ના પડે એ રીતે હરી લીધું. તાવીજની વાત જ ભૂલાઈ ગઈ.

મૌન એની મેળે આવવું જોઈએ. એ કુદરતી હોવું જોઈએ.

એકવાર હોળીના દિવસે એનો મોટો ભાઇ એને લઇને રમવા જતો હતો. રસ્તામાં ઘોર કબ્રસ્તાન આવતું હતું. ત્યાંથી પસાર થતાં ભૂતે પ્રગટ થઇ એ બાળકનું ગળું મચકોડી નાંખ્યું. મોટોભાઇ એને ઘરે લઇ ગયો. એની અંતિમ ઘડી જોઇને એની 'મા'એ ગણપતિ ભગવાનની પ્રાર્થના કરી. બાળકના શરીરમાં પ્રવેશ કરીને ભૂત બોલ્યું કે 'હવે ગણપતિને પ્રાર્થના કરવાથી કંઇ નહિ વળે. હું તને નિર્વંશ કરીશ. મેં જ તારા પતિને ભ્રષ્ટ કર્યો છે અને 'મેં ' જ તારા કંઇક ગર્ભોનો નાશ કર્યો છે.' એમ કહીને પુત્રને પણ મારી નાખ્યો. પુત્રનું મૃત્યુ થયું તેના આગલા દિવસે પિશાચે એ સ્ત્રીને કહ્યું હતું કે 'ગયા જન્મમાં તેં મારો દોઢ રૂપિયો પાછો નથી આપ્યો તેનું હું વેર લઉં છું. હું તને નિર્વંશ કરીશ અને ઠરવા નહિ દઉં.'

આ પ્રસંગના સંદર્ભમાં અલખે નિરંજનને કોઇનું ઋણ બાકી ન રાખવાની સલાહ આપતો દોહરો કહ્યો છે.

આ દોહરામાંથી બે-ત્રણ વાતો સમજવા જેવી છે. **સૌ પ્રથમ** તો ઋણ કરવું નહિ અને ઋણ કરીએ તો એ વેળાસર ચૂકવી દેવું. ઋણ કદાપિ બાકી રાખવું નહિ.

દેવઋણ, પિતૃઋણ જેવાં અનેક પ્રકારનાં ઋણ હોય છે. સામાન્યત: આપણે કોઇ પાસેથી ઉછીનાં નાણાં લીધાં હોય અને પરત ના કર્યાં હોય તો તેને જ બાકી ઋણ ગણીએ છીએ. આ માન્યતા અંશત: સાચી છે. કોઇપણ ઋણ કર્યું હોય એમાંથી કેવી રીતે મુકત થવાય એનો વિચાર કરી ઋણ મુકત થવાના પ્રયત્ન કરવા જોઇએ. સામેની વ્યક્તિ ઉઘરાણી ન કરે અથવા ભૂલી જાય તો પણ આપણે યાદ રાખીને એને એના દેવાની રકમ પાછી આપી દેવી જોઇએ કારણ કે એમાં આપણું જ ભલું છે.

પૂ.વિનોબાજી લખે છે કે આ જગતમાં કોઇ વસ્તુ મફત મળતી જ નથી. કોઇપણ વસ્તુની કિંમત ચૂકવ્યા વિના વસ્તુ મળતી હોય

સત્યમાં રહેવાથી મૌન એની મેળે આવશે અને અનંત શક્તિ લાવશે.

તો પણ ના લેવી જોઈએ. કારણ કે મફતમાં મળતી વસ્તુની કોઈપણ સ્વરૂપે કિંમત તો ચૂકવવી જ પડે છે.

પૂ.પ્રેમ અવધૂતજી જણાવે છે કે કોઈ આપણને બસમાં કે ટ્રેનમાં જગ્યા આપે તો તેનું પણ ઋણ ચઢે છે જે આપણે વાળવાનું હોય છે. અરે! કોઈ વ્યક્તિ આપણને કોઈ સ્થળનો રસ્તો બતાવે તો તેના પણ ઋણી બનીએ છીએ. આ ઋણ કેવી રીતે અદા કરાય? આપણે બીજાને બસમાં કે ટ્રેનમાં જગા આપીને આવી જાતનું ઋણ અદા કરી શકીએ.

કોઈ પણ પ્રકારનું ઋણ બાકી રાખવું નહિ. કારણ કે એની ચૂકવણી તો કરવી જ પડે છે અને એ ઉઘરાણી પછી ખૂબ કડક હોય છે. પૂ.શ્રી મદાલસાના આખ્યાનમાં લખે છે કે:

**અગ્નિશેષ, ઋણશેષ ને શત્રુશેષ પણ તેમ,**
**શોક કરાવે આખરે; અનુભવવાણી એમ.**

(અ.૨૯ દો.૮૦)

ઋણ જેટલું વહેલું ચૂકવીએ તેટલું ઓછું કષ્ટદાયી નીવડે. જેટલું મોડું ચૂકવીએ તેટલું વધુ હેરાન કરે. મોડું ચૂકવવામાં, નહિ ચૂકવવાની વૃત્તિ વધતી જાય છે. આ વૃત્તિને પોષ્યા પછી ઋણ ચૂકવવાનું ખૂબ અઘરું લાગે છે.

**બીજી સમજવા જેવી વાત** એ છે કે ઋણ આ જન્મે ના ચૂકવીએ તો આવતા જન્મે ચૂકવવું પડે છે. બીજે જન્મે ન ચૂકવીએ તો ત્યાર પછીના જન્મે ચૂકવવું પડે છે. ટૂંકમાં જો ગમે ત્યારે ચૂકવવાનું જ હોય તો આ જન્મે જ શું કામ નહિ? અને અત્યારે જ શું કામ નહિ?

**ત્રીજી વિચારવા જેવી વાત** એ છે કે કર્મ કરીએ તો તેનું ફળ ભોગવવું જ પડે છે. આ કર્મના ફળમાંથી છટકી શકાતું નથી. ઋણ કરીએ ત્યારે એ પૈસાથી આપણે સુખ-સગવડ કે મિલકત મેળવીએ

બળજબરીવાળું કેવળ શારીરિક મૌન એ મૂર્ખાઓનું તપ છે.

છીએ, એનો લાભ ઉઠાવીએ છીએ. તો પછી આપણી ફરજ છે કે એના બદલામાં વ્યાજ સાથે દેવું પરત કરી દઈએ.

**સારું વા નરસું કરે જે જે જેવું કર્મ,**
**તેવું ફળ તેને મળે, જાણ કર્મનો મર્મ.**

જીવનને મહેકતું બનાવવા માટે વ્યક્તિએ સાવધાનીપૂર્વક કર્મ કરવાં જોઈએ અને સાચાં કર્મો જ કરવાં જોઈએ. કોઈ જોનાર હોય કે ના હોય પણ ભગવાન તો જુએ જ છે એ ભૂલવું ના જોઈએ. કરેલાં કર્મનાં ફળ આપણે ભોગવવાં જ પડે છે. એટલે સુખી થવા માટે સારાં કર્મ કરવાં જોઈએ.

આમાંથી સમજવાની વાત એ છે કે કર્મના ફળરૂપે સુખ દુ:ખ આવી મળતાં હોય તો દુ:ખ માટે આપણે કોઈને દોષિત ઠેરવવા નહિ. હસતે મોંએ આપણાં કર્મના ફળરૂપ દુ:ખ ભોગવીએ એ જ ન્યાયયુક્ત છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને કષ્ટાર્જિત ખાવાનું જ સૂચવે છે. **ફોગટમાં કશું મળતું નથી અને કરેલું ફોગટ જતું નથી.** એ સૂત્ર યાદ રાખીને આપણે આપણા જીવનનો વ્યવહાર ગોઠવીએ. મફતમાં મેળવવાની અનિષ્ટ વૃત્તિને આપણે દાબી દઈએ અને મહેનતનું જ મેળવીએ એ સંકેતને ઝીલીએ અને એ પ્રમાણે જીવીએ.

□

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું
મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાજો આ સકળ વિશ્વનું
એવી ભાવના નિત્ય રહે.

સ્વાર્થ એ મોટો કચરો છે. તે સમજશક્તિને ઢાંકી દે છે.

# સંકેત : ૧૭

**ન્યાતગોત પૂછ્યા વિના કરી યોગ્ય સત્કાર,**
**દેવું અન્ન એને સદા યથાશક્તિ તત્કાળ.**
**કરવો વિલંબ ના કદિ દેતાં ભિક્ષા એમ,**
**કરતાં શાંત ક્ષુધાર્તને રીઝે દેવો તેમ.**

(અ. ૧૨૭, દો. ૬૮-૬૯)

પ.પ.સ્વામી શ્રીવાસુદેવાનંદ સરસ્વતી ફરતાં ફરતાં નિમાવર પાસેના હરણગાંવમાં જઈ પહોંચ્યાં. એ ગામને બળેલું જોઈને એમને આશ્ચર્ય થયું. સમગ્ર ગામ સળગી ગયું હતું પરંતુ વચ્ચે એક ઘર સળગ્યા વિનાનું રહી ગયું હતું. ગામ લોકોને સ્વામીમહારાજે પૂછ્યું કે આવું કેવી રીતે બન્યું? ગામના લોકોએ કહ્યું કે એક દિવસ મધ્યાહ્ને એક સાધુ પુરુષ ભિક્ષા માટે આવ્યો હતો. ગામ આખામાં ફરવા છતાં એને કોઈએ ભિક્ષા આપી નહિ. ભૂખ્યો સાધુ ખિન્ન થઈને ગામ છોડીને જતો રહ્યો. સાધુ જતો હતો ત્યાં આ જ ગામનો એક બ્રાહ્મણ એને મળ્યો. સાધુને આ બ્રાહ્મણે પૂછ્યું કે 'હે તપસ્વી ! આપ કોણ છો? ક્યાંથી આવો છો? ને ક્યાં જશો?'

આ સાંભળીને ભૂખનો માર્યો સાધુ કહેવા લાગ્યો કે 'પેલા ગામમાં જ્યાં આગ લાગી છે ત્યાંથી હું આવું છું.' આ સાંભળીને બ્રાહ્મણે કહ્યું કે 'મહારાજ ! તમારી વાત કાંઈ સમજ્યો નહિ. તમે શું કહેવા માગો છો તે સ્પષ્ટ કરો.' ત્યારે સાધુએ કહ્યું કે હું ત્રણ દિવસનો ભૂખ્યો છું. મારા પેટમાં આગ લાગી છે એટલે મારાથી એવું બોલાઈ ગયું.

પેલો બ્રાહ્મણ વાત સાંભળીને કહેવા લાગ્યો કે 'આપ અહીં બેસો. હું તમારે માટે ઝટ ભિક્ષા લાવું છું.' એમ કહીને એ ગામમાં

આવ્યો. એણે જોયું તો ગામમાં ચારે બાજુ આગ લાગી હતી. પણ ભાગ્યવશાત્ એનું ઘર બચી ગયું હતું. ઘરેથી ભિક્ષા લઈ જઈ તપસ્વીને ભિક્ષા કરાવી તૃપ્ત કર્યો. આ વાત સાંભળીને સ્વામીમહારાજે કહ્યું કે તમારા જેવા ગૃહસ્થીએ ગૃહસ્થ ધર્મ બજાવવો જોઈએ અને ભૂખ્યા સાધુને જમાડવો જોઈએ. ભિક્ષા આપવાના સમયે ન્યાત જાત પૂછવાનાં હોતાં નથી. આ કથા પ્રસંગના સંદર્ભમાં ઉપર જણાવેલા દોહરા ટાંકવામાં આવ્યા છે.

ધન્યો ગૃહસ્થાશ્રમ: । હિન્દુ ધર્મમાં ધર્મને ટકાવી રાખવાની સુવ્યવસ્થા છે. ધર્મો રક્ષતિ રક્ષિત: । રક્ષાયેલો ધર્મ રક્ષણ કરે છે. ધર્મ આપણું રક્ષણ કરે છે. પરંતુ આના માટે ધર્મ પણ રક્ષાયેલો હોવો જોઈએ. બીજી રીતે કહીએ તો જો આપણે ધર્મનું રક્ષણ કરીશું તો ધર્મ આપણું રક્ષણ કરશે. ધર્મનું રક્ષણ કરવાની જવાબદારી સાધુ-સંન્યાસી પર છે તો સાધુ-સંન્યાસીને નિભાવવાની જવાબદારી ગૃહસ્થાશ્રમી પર છે. ભગવાં કપડાંને આદરથી સન્માનવા પાછળનો આ આશય હતો.

આ દોહરામાં સહુ **પ્રથમ વાત** એ કરી છે કે ભૂખ્યા માણસને ન્યાત જાત પૂછ્યા વિના જમાડવો, એને અન્ન આપવું. **બીજી વાત** એ કે આવું જમાડતી વખતે એના વ્યક્તિત્વનો સ્વીકાર કરી એને યોગ્ય માન સાથે જમાડવો, એનો યોગ્ય સત્કાર કરીને જમાડવો. **ત્રીજી વાત** એ કે આ કાર્ય હંમેશાં કરવું પણ પોતાની શક્તિ અનુસાર કરવું. **શક્તિ પ્રમાણે** ભક્તિનો વિવેક જાળવવો. **ચોથી વાત** એ કે ભૂખ્યાની ભૂખ શાંત કરવામાં વિલંબ ન કરવો, ઢીલ ન કરવી અને **છેલ્લે** આવું કરવાથી દેવો રીઝે છે.

કોઈપણ ભૂખ્યા માણસને જમાડીને એની આંતરડી ઠારવાનો મહિમા પૂ.શ્રીએ અહીં ગાયો છે. અન્નદાન એ શ્રેષ્ઠ દાન છે.

જે જેનું ચિંતન કરે તે તદ્રૂપ થઈ જાય.

કબીર સાહેબ કહે છે :

**ભૂખે ભોજન, પ્યાસે પાની, નંગે બસ્તર દીજે**
**સાધો, રામ ભજન કર લીજે.**

જન્મ મરણના ચક્કરમાંથી છૂટી જવાનો સાદી અને સરળ ભાષામાં જણાવેલો આ ઉપાય દરેક ગૃહસ્થીએ અમલમાં મૂકવા જેવો છે.

માનસશાસ્ત્ર પ્રમાણે દરેક માણસે જીવવું છે. માણસે શું કામ, દરેક જંતુએ જીવવું છે. શરીર અન્નથી જ ટકે છે. શરીરને ટકાવવું હોય તો શરીરમાં અન્ન જવું જોઈએ. પ્રાણીને જન્મથી મળતી વૃત્તિઓ ત્રણ છે : ખોરાક, આરામ અને જાતીય વૃત્તિ (Food, Rest and Sex). નાનું બાળક પણ ભૂખ્યું થાય એટલે રડે છે અને 'મને ખવરાવો' 'મને ખાવાનું આપો' એવો સંદેશો રડીને પાઠવે છે.

ભૂખનું દુ:ખ એ દારુણ દુ:ખ છે. જેને એક-બે દિવસ ખાવાનું ના મળ્યું હોય એના તનની અને મનની સ્થિતિ તો એ વ્યક્તિ પોતે જ સમજી શકે. એ વ્યગ્ર બને અને ઉગ્ર બને એ સ્વાભાવિક છે. આવા ભૂખ્યા જનની ભૂખ શાંત કરવી એ દરેકની સૌ પ્રથમ ફરજ છે. આની પાછળ **બે કારણો** છે. એક તો ભૂખ્યા માણસની આંતરડી ઠારવી એ જ સાચું ઈશ્વરપૂજન છે.

**યેન કેન પ્રકારેણ યસ્ય કસ્યાપિ દેહિન: |**
**સંતોષં જનયેત્ પ્રાજ્ઞ: તદેવેશ્વર પૂજનમ્ ||**

પોતાને આપેલી કોઈપણ સંપત્તિથી કોઈપણ પ્રાણીની આંતરડી ઠારવી તેનું નામ જ સાચું ઈશ્વરપૂજન છે અને એવી એક પણ વ્યક્તિ નથી કે જેને ઈશ્વર તરફથી તન, મન કે ધન પૈકી કોઈ એક શક્તિ ન મળી હોય.

બીજું કારણ એ કે જો સમાજમાં શાંતિ જાળવવી હશે તો તેને માટે પણ ભૂખ્યાં જનોની આંતરડી ઠારવી જરૂરી છે. ભૂખ્યો માણસ જીવવા માટે સમાજમાં ચોરી કરે, ધાડ પાડે, લૂંટ ચલાવે કે ખૂન ખરાબાં કરે તો એમાં એનો કોઈ દોષ નથી. આપણે શાંત અને સ્વસ્થ સમાજ રચવો હશે તો આ વાતની ઉપેક્ષા કરી શકાશે નહિ.

બુભુક્ષિત: કિં ન કરોતિ પાપમ્ | ભૂખ્યો માણસ કયું પાપ કરતો નથી? એટલે કે એ બધાં જ પાપ કરવા તૈયાર હોય છે. એવું કહેવાય છે કે સર્પિણી પોતાની ભૂખ સંતોષવા પોતાનાં જ બચ્ચાં ખાઈ જાય છે.

ગુજરાતના મૂર્ધન્ય કવિ સ્વ. ઉમાશંકર જોશી લખે છે :

**ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે,**
**ખંડેરની ભસ્મ કણી ન લાધશે.**

વૈદિક પંચશીલનાં પાંચ સૂત્રો પૈકીનું પહેલું સૂત્ર છે: સહ નૌ ભુનક્તુ- આપણે બે (ગુરુ અને શિષ્ય) સાથે જમીએ. સમાજમાં એકને ખાવાનો ઢગલો હોય અને બીજાને અન્ન સાથે વેર હોય તો એ સમાજમાં આંતરિક વિગ્રહ થવાનો જ. વ્યક્તિને રાહ જોયા પછી પણ નહિ મળે તો એ લૂંટફાટ કરશે જ. એણે આખરે જીવવું છે.

જમાડતી વખતે એ ગરીબ, પામર અને લાચાર છે અને આપણે એના પર ઉપકાર કરીએ છીએ એવો ભાવ ન થવો જોઈએ. એને અતિથિ ગણીને યોગ્ય આદર સત્કારથી જમાડવો જોઈએ. અતિથિ એ આપણો દેવ છે એવું હિંદુધર્મ માને છે. ભૂખ્યાને જમાડતી વખતે આવી તક આપવા માટે ભગવાનનો આભાર માનવો જોઈએ. ખાઈને આનંદ અનુભવનાર કરતાં ખવડાવીને આનંદ અનુભવનાર મહાન છે. ત્યાગીને ભોગવવાની વૃત્તિનો અહીં સ્વીકાર થાય છે.

કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણસ્વરૂપ.

**ભૂખ્યાને શું જમાડવું એ પોતાની શક્તિ ઉપર આધારિત છે પરંતુ કેવી રીતે જમાડવો એ પોતાની વૃત્તિ ઉપર આધારિત છે.** દરેક વ્યક્તિએ શક્તિ અનુસાર ભૂખ્યાને જમાડવાનો છે. શરીર સારું ખાવાનું માગતું નથી, એ તો જીભનો ચટાકો છે. શરીર ટકાવી રાખવા તો એક શેર (લગભગ ૫૦૦ ગ્રામ) રાંધેલા અનાજની જરૂર છે.અન્નનો સ્વાદ જીભને હોય છે, પેટને હોતો નથી. "**ભૂખ ન જુએ ટાઢો ભાત**" એ કહેવત ભૂખના દુઃખની પરાકાષ્ટા સૂચવે છે. આવી વ્યક્તિને પોતાની શક્તિ પ્રમાણે જમાડવાનો સંકેત પૂ.શ્રી આપે છે.

ભૂખ્યાને જમાડવામાં આપણે જરા પણ વિલંબ ન કરવો જોઈએ એ ખૂબ જ અગત્યની વાત છે. ભૂખથી લાચાર થયેલાનું શોષણ ન થાય એ ખૂબ જ જરૂરી છે. ભૂખ્યા માણસને આપણે એમ કહીએ કે "ત્યાં બેસો. બોલાવીએ ત્યારે આવવાનું. ઉતાવળ ના કરશો. ઘોડે ચડીને આવ્યો છો?" ભૂખ્યાને જમાડવામાં બિનજરૂરી વિલંબ કરી એની લાચારી આપણે જાહેરમાં પ્રદર્શિત નથી કરવાની. આવું કરીએ તો એ ભૂખ્યો માણસ તો મનમાં સમસમી રહેશે પરંતુ એનો અંતરાત્મા દુભાશે. એની મનોવ્યથાથી પરમ સંવાદિતામાં ખલેલ પહોંચશે અને એનું પરિણામ આપણે ભોગવવું પડશે. આપણી અનિવાર્ય પરિસ્થિતિને કારણે વાર લાગે એ જુદી વાત. પરંતુ બધું તૈયાર હોય છતાં વિલંબ કરી એની લાચાર પરિસ્થિતિનો લાભ ઉઠાવી એનું શોષણ કરવું એ બરોબર નથી.

છેલ્લે પૂ.શ્રી લખે છે કે આવું કરવાથી દેવો પ્રસન્ન થાય છે. દેવો કર્મકાંડથી કે યજ્ઞ યાગાદિથી જ રીઝે છે એવું નથી. ભૂખ્યાને જમાડવો એ પણ યજ્ઞ જ છે, સાચો યજ્ઞ છે. ભૂખ્યા માણસના જઠરમાં રહેલા વૈશ્વાનરને આહુતિ આપવાથી દેવ રીઝે એમાં શું નવાઈ?

મનને એક સ્થાને સ્થિર રાખવા માટે વિચારની પાર્શ્વભૂમિકા જરૂરી છે.

સમાજને સાચા ધર્મ તરફ વાળવાનો પૂ.શ્રીનો આ પ્રયત્ન વિચાર માગી લે છે. જે ધાર્મિક સંસ્થાઓ યાત્રિકોને પૈસા લીધા વગર ભોજન આપે છે તે સંસ્થાના વહીવટકારોનું પૂ.શ્રી ધ્યાન દોરે છે કે ભૂખ્યાને પ્રેમથી જમાડજો, બને એટલું જલદી જમાડજો, માનપૂર્વક જમાડજો. એને હડેહડે ના કરશો. એની પતરાળીમાં રોટલો પીરસવાનો છે, ફેંકવાનો નથી. સ્વામી વિવેકાનંદ કહે છે કે જ્યાં સુધી ભૂખ્યા માણસોની ભૂખ શાંત ન થાય ત્યાં સુધી એને ધર્મની કે નીતિની વાતો કરી શકાય નહિ.

ગુરુ મહારાજનો સંકેત ઝીલીએ. સારું જમાડો એમ નહિ, સારી રીતે જમાડો એવો પૂ.બાપજીનો સંકેત જીવનમાં ઉતારીએ અને સુખી થઈએ. વહીવટકારે અભિમાની બનીને વર્તવાનું નથી. યાદ રાખીએ કે :

**લેનેકો હરિનામ હૈ, દેનેકો અન્નદાન,**
**તરનેકો આધીનતા, ડૂબનેકો અભિમાન.**

▯

જીવન અંજલિ થાજો !
મારું જીવન અંજલિ થાજો.
ભૂખ્યાં કાજે ભોજન બનજો,
તરસ્યાનું જળ થાજો,
દીન દુઃખિયાનાં આંસુ લો'તાં
અંતર કદી ન ધરાજો.

હિરણ્યગર્ભ એ વૈશ્વિક મન છે.

# સંકેત : ૧૮

**નિર્ગુણ ધ્યાને ઈશનું કર ચિંતન સપ્રેમ;**
**કૃપાપ્રસાદે એહના બ્રહ્મજ્ઞાની તેમ-**
**થશે પુત્ર તુજને નકી, મા શંકા કર આન!**
**સુણી દેવહૂતિ તથા પરમેશ્વરનું ધ્યાન-**
**ધરે એકનિષ્ઠા થકી જોઈ તપસ્યા એહ,**
**થયા ચક્રપાણી તદા પ્રસન્ન મધુરિપુ તેહ.**

(અ.૧૨૯ દો.૬૩-૬૫)

પ્રસન્ન દામ્પત્ય જીવન અને ઉત્કૃષ્ટ ગૃહસ્થ જીવન પ્રાપ્ત કરવાની ગુરુચાવી અહીં આપવામાં આવી છે. કથાનો પ્રસંગ આ પ્રમાણે છે.

સ્વયંભુ મનુ શતરૂપાને પરણ્યા. તેની દીકરી દેવહૂતિનાં લગ્ન કર્દમ ઋષિ સાથે થયાં. પરણતી વખતે કર્દમ ઋષિએ શરત કરી કે તમારી દીકરીને પુત્ર થશે એટલે હું ગૃહસ્થાશ્રમ છોડીને વનમાં જતો રહીશ અને સંન્યસ્ત સ્વીકારીશ. મનુ, શતરૂપા અને દેવહૂતિએ આ શરત સ્વીકારી.

લગ્ન પછી દેવહૂતિને કલા, અનસૂયા, શ્રદ્ધા, હવિર્ભૂ, ગતિ, સત્ક્રિયા, ખ્યાતિ, અરુંધતિ અને શાંતિ એમ નવ કન્યા જન્મી. નવ કન્યાના જન્મ પછી કર્દમ ઋષિએ વનમાં જવાની વાત કરી એટલે દેવહૂતિએ એમને યાદ કરાવ્યું કે આપે લગ્ન વખતે એમ કહ્યું હતું કે એક પુત્ર થશે પછી વનમાં જઈશ તો મને પુત્રરત્નનું દાન કરો અને પછી વનમાં પધારો. દેવહૂતિની વાત સ્વીકારીને કર્દમ ઋષિ એને ઉત્તમ પુત્રની પ્રાપ્તિ માટેની રીત સમજાવે છે તે અંગેના આ દોહરા છે.

આ પ્રસંગ આપણને ઘણું ઘણું શીખવે છે. એ સમયે સ્ત્રીની સ્વતંત્રતા એવી હશે કે તે પોતાના મનની વાત પતિને બેધડક કરી શકતી હશે અને પતિને એણે કરેલી શરતનું સ્મરણ કરાવી શકતી હશે. ગૃહસ્થ જીવન માટે પુત્રની આવશ્યકતા સ્વીકારાઈ છે. પરંતુ અહીં મીઠાં દામ્પત્યજીવનનું વાતાવરણ જોવા મળે છે. "મને એક પુત્ર થાય પછી જજો" એ કહેવાનો પત્નીનો અધિકાર એ મધુરા દામ્પત્યનું પ્રતીક છે.

માણસને શરૂઆતમાં એમ લાગે છે કે પૈસા હોય તો બધું સુખ મળે છે. પરંતુ પછી એના ખ્યાલો બદલાતા જાય છે અને જીંદગીના છેલ્લા દિવસોમાં એને સત્ય સમજાય છે કે સારાં સંતાનો એ જ માબાપની સાચી સંપત્તિ છે. સંતાનો એ પોતાનું જીવંત સર્જન છે. અને દરેક સર્જકને પોતાનું સર્જન અત્યંત વહાલું હોય છે. આ સર્જનથી એને સંતોષ થાય તો જીવનમાં પરમ શાંતિ અનુભવે. સારાં સંતાનોની પ્રાપ્તિ માટે શું કરવું જોઈએ એનો રસ્તો આ દોહરામાં દર્શાવવામાં આવ્યો છે.

પૂ.શ્રીરંગ અવધૂત મહારાજ વિરચિત દત્તપ્રણતિનો બીજો શ્લોક આ પ્રમાણે છે.

**પ્રાદુર્ભૂતં હ્યત્રિતપ: કિં જગદર્થે,**
**કિં હ્યનસૂયા પાતિવ્રત્યં ફલિતં તત્ ।**
**મૂર્તામૂર્તાતીતંજાતં હ્યજમેનં,**
**દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥**

દત્તપ્રભુને જોઈને પૂ.શ્રી અવધૂતજી પૂછે છે કે આ અત્રિ ઋષિનું તપ છે કે અનસૂયા સતીનું પતિવ્રતાપણું છે? સંતાન એ પતિનું તપ અને પત્નીના પતિવ્રતાપણાનું પરિણામ છે એવું ફલિત થાય છે. જેમ શિલ્પકાર પથ્થરમાંથી મૂર્તિ ઘડે એમ સંતાન પ્રાપ્તિ થવી જોઈએ.

સંવેદનશીલ મન ભક્તિ અને કળા માટે અનુકૂળ છે.

સારાં સંતાનની પ્રાપ્તિ માટે પતિ-પત્નીએ ખૂબ જ જાગ્રત રહેવાનું છે. સંતાન એ દામ્પત્યજીવનનું પ્રતિબિંબ છે. અત્યારનું વિજ્ઞાન ગર્ભાધાન થાય પછીની સારવાર અને ઉછેરની વાત કરે છે જ્યારે આપણું ધર્મ-વિજ્ઞાન ગર્ભાધાન પહેલાનાં વાતાવરણનો પણ વિચાર કરે છે.

આ દોહરામાં કર્દમ ઋષિ દેવહૂતિને બ્રહ્મજ્ઞાની પુત્રની પ્રાપ્તિ માટેની રીત સમજાવે છે. પોતાની તપશ્ચર્યા અને પત્નીના પતિવ્રતાપણામાં અનન્ય વિશ્વાસ હોવાથી પુત્ર જ થશે અને તે પણ બ્રહ્મજ્ઞાની થશે એવું કહે છે અને એમાં શંકા નહિ કરવાનું પણ જણાવે છે.

ભગવાનનું પ્રેમથી ચિંતન કરો એ પહેલી વાત. આવું ધ્યાન નિર્ગુણ બ્રહ્મનું કરવાનું છે. આવું ધ્યાન ધરવાથી ભગવાન કૃપા કરશે અને એની કૃપાથી બ્રહ્મજ્ઞાની પુત્ર થશે. સંતાનના જન્મની સમગ્ર પ્રક્રિયા એવી જટિલ અને ખૂબીભરેલી છે કે ખુદ ડૉક્ટરો પણ અમુક બાબતમાં લાચાર બની જાય છે. સંતાન સર્વાંગ સંપૂર્ણ જન્મે એ ભગવાનની કૃપાનું જ ફળ છે. સોનોગ્રાફી દ્વારા બાળકનો વિકાસ કેવો છે તે જાણી શકાય. બાળક બરોબર વિકસ્યું ના હોય તો ગર્ભપાત કરાવી શકાય પરંતુ ગર્ભ પૂર્ણ વિકસિત જ રહે એની કોઈ ખાતરી આપી શકે નહિ.

ભગવાને પરિક્ષીતનું ગર્ભમાં રક્ષણ કર્યું હતું એ વાત હસી કાઢવા જેવી નથી. ટૂંકમાં ગર્ભાધાન પહેલાં પતિ અને પત્નીની મનની ભૂમિકા પવિત્ર અને ઊંચી હોવી જોઈએ. ગર્ભાધાન પહેલાંનું પતિ-પત્નીનું જીવન કેવું મહત્ત્વનું છે તે પરિક્ષીતના દ્દષ્ટાંતથી જાણવા મળે છે. પતિ-પત્ની વચ્ચે મનમેળ હોય, બંને આનંદમાં હોય, બંને પવિત્ર વિચારો ધરાવતાં હોય અને બંનેનું જીવન સદ્‌ગુણોથી ભરેલું હોય તો પછી જે સંતાનની પ્રાપ્તિ થાય તે દિવ્ય જ હોય.

**સર્વ કર્મનું મૂળ વિચાર છે. વિચાર એ જ સાચું કર્મ છે.**

હિંદુધર્મમાં લગ્ન પાછળ ત્રણ ભાવના રહેલી છે. એક ધર્મ, બીજું રતિ અને ત્રીજું સંતાનપ્રાપ્તિ. લગ્ન કરવાનું કારણ ધર્મનું પાલન છે. યજ્ઞ કરવા માટે પત્નીની જરૂર પડે. બીજું રતિ એટલે અરસપરસ પ્રેમ અને તે દ્વારા પોતાની અધૂરપ પૂરી કરવી અને ત્રીજું સંતાન પ્રાપ્તિ. સંતાનપ્રાપ્તિના એક માત્ર હેતુથી લગ્નજીવન જીવનારને આપણા હિંદુધર્મએ બ્રહ્મચારી જ કહ્યો છે.

વ્યક્તિના જીવનમાં સત્સંગ, શાસ્ત્રનું વાંચન અને ઈશ્વરનું ચિંતન કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે તે અહીં દર્શાવાયું છે. કીટ-ભ્રમરન્યાય પ્રમાણે ભમરીનું ચિંતન કરવાથી જો કીડો ભમરી થઈ જતો હોય તો ઈશ્વરનું ચિંતન કરવાથી માનવ કેમ ઈશ્વર ન થઈ જાય? અને માનવ તો પોતે બ્રહ્મ જ છે એટલે એણે તો ફક્ત ભ્રમણા જ દૂર કરવાની છે. ધ્યાનનું મહત્ત્વ જણાવતાં પૂ.શ્રી લખે છે કે :

**એકાંતે બેસી સદા, ત્યજે સંકલ્પ સર્વ;**
**ધ્યાનાભ્યાસે થાય એ, સ્વયં બ્રહ્મ નર શર્વ.**
**કીટ ભ્રમર ધ્યાને સ્વયં, થાય ભ્રમર સાક્ષાત્;**
**ધ્યાન પ્રભાવ એ નકી, જાણે લોક સુજાત.**
**જીવ બ્રહ્મમૂળે સ્વયં, કરે સ્વસ્વરૂપધ્યાન;**
**થાએ બ્રહ્મસ્વરૂપ તો, શું આશ્ચર્ય સુજાણ?**

(અ.૧૬ દો.૧૨૮-૧૩૦)

આજે વાતાવરણ પ્રદૂષણથી ભરેલું હોય અને જીવન દૂષણથી ભરેલું હોય ત્યારે સારાં સંતાન ક્યાંથી મળે? સંતાન મા-બાપનું આચરણ જોઈને શીખે છે. એના ઉપદેશની ઝાઝી અસર થતી નથી.

“ધર્મથી પૈસો કમાવ અને કમાયેલા પૈસામાંથી થોડો પૈસો ધર્મમાં વાપરવો” એ આપણાં શાસ્ત્રોની શીખ છે. “નેક કમાઈ કર લે ભાઈ, ઈસમેં સબકુછ આઈ” એ આપણા ગુરુમહારાજની શીખ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં ધર્મ પાયો હોવો જોઈએ

ડાહ્યો માણસ તેના વિચારો પર ધ્યાનપૂર્વક ચોકી પહેરો રાખે છે.

અને મોક્ષ એનું છાપરું હોવું જોઈએ. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામ રાખીએ તો એ બંધનરૂપ નથી.

પૂ.મોરારિબાપુ કહે છે કે આજે પણ ભગવાન રામ અને ભગવાન કૃષ્ણ આપણી ધરતી ઉપર અવતાર ધારણ કરવાની ઈચ્છા રાખે છે અને આકાશમાં ફરતા રહે છે પરંતુ એને માટે તેઓ દશરથ-કૌશલ્યા કે વસુદેવ-દેવકી જેવું પતિ-પત્નીનું યુગલ શોધે છે.

પોતાના જીવનને સદ્‌ગુણોથી ભરી દઈને, સંતાન સુખ પામવાનો પ્રયત્ન એ જ સાચી દિશાનો પ્રયત્ન છે. આપણે સારા થવું નથી, સારું કરવું નથી પણ સુખ મળે એવું ઈચ્છીએ છીએ તો એ તો કેમ શક્ય બને? નવાગામમાં પોતાની જન્મજયંતીના ઉત્સવ પર કરેલા પ્રવચનમાં પૂ.શ્રીએ કરેલી ટકોર યાદ રાખીએ અને જાગ્રત રહીએ.

**પુણ્યસ્ય ફલમિચ્છન્તિ પુણ્યં નેચ્છન્તિ માનવા: |**
**ફલં પાપસ્ય નેચ્છન્તિ પાપં કુર્વન્તિ યત્નત: ||**

પુણ્ય કે સત્કર્મનું ફળ સુખ બધાંને જોઈએ છે પણ સત્કર્મ કરવાની વૃત્તિ ભાગ્યે જ કોઈને થાય છે. પાપ કે દુષ્કર્મનું અચૂક ફળ તે દુ:ખ જે કોઈને જોઈતું નથી પરંતુ દુષ્કર્મ કરવામાં તો બધાં જ હોંસાતોંસીથી આગળ ધાય છે.

કામ કર્યા વગર લાભ જોઈએ છે. ઝેર ખાવું છે ને અમર થવું છે, એ તો કેમ બને? માતાનું ચિંતન સંતતિના શરીર પર કેવી અસર કરે છે તેનું ઉત્તમ ઉદાહરણ ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર છે. વેદવ્યાસ દ્વારા સંતતિ પામતી વખતે જે રાણીએ આંખ બંધ કરી તે રાણીને ધૃતરાષ્ટ્ર જન્મ્યા, જે જન્મથી અંધ હતા. જે રાણી ફિકી પડી તેને પાંડુરોગથી ગ્રસ્ત પાંડુ થયા જ્યારે દાસીને આવો કોઈ દુર્ભાવ ન હતો તેથી તેને ભક્તિભાવવાળા વિદુર થયા. સારી સંતતિ પામવાના આ કીમિયાને આપણે સમજીએ અને એનો લાભ ઉઠાવીએ.

□

ઈશ્વરનું ધ્યાન ધરવાથી મનમાં શુદ્ધ વિચારો આવે છે.

# સંકેત : ૧૯

**પડ્યા લોભમાં બ્રાહ્મણો ! દૈવી લીલા એહ-**
**ના જાણી, સોનું તથા માગે મોહે તેહ.**

(અ.૧૩૦ દો.૧૨૩)

આજથી ૭૫૦ વર્ષ પૂર્વે એટલે કે સને ૧૨૫૦ની આસપાસ ડાકોર ગામમાં વિજયસિંહ નામે રાજપૂત રહેતો હતો. બોડાણાના નામથી લોકો એને ઓળખતા હતા. નાનપણથી જ સાત્ત્વિક વૃત્તિનો બોડાણો સન્માર્ગે ચાલતો હતો.

જ્યારે બોડાણો સોળ વરસનો થયો ત્યારે એક તપસ્વી સંતે એને કૃષ્ણમંત્ર આપીને કહ્યું કે તું નિષ્ઠાથી મંત્રજાપ કરજે અને ભક્તિ ભાવથી તુલસી ચઢાવીને ભગવાન વિષ્ણુનું પૂજન કરજે.

અંતરમાં થયેલી પ્રેરણા અનુસાર બોડાણો સંતે કહેલા મંત્રજાપ અને પૂજન ઉપરાંત જમણા હાથમાં તુલસી વાવી પગે ચાલીને દ્વારિકા જવા લાગ્યો. આ રીતે વર્ષમાં બે વાર દ્વારિકાધીશનાં દર્શને જવા લાગ્યો. આ નિયમ અવિરત ચાલુ રહ્યો. બોડાણો વૃદ્ધ થયો. એક વાર દ્વારિકાધીશના મંદિરમાં જઇ ભગવાનને સાષ્ટાંગ-દંડવત્ પ્રણામ કરી જ્યાં વૃત્તિ સ્થિર કરી ત્યાં પાષાણની મૂર્તિ બોલી અને કહ્યું કે તારી ભક્તિથી મને સંતોષ થયો છે. મારે તારે ગામ ડાકોર આવવું છે.

બોડાણો ભાંગ્યુ તૂટ્યું ગાડું અને જેમ તેમ ચાલે તેવા બળદ લઇને આવ્યો. ભગવાને ભક્તના ભાવને વશ થઇ પોતે ગાડું ચલાવ્યું અને પવન વેગે ડાકોર આવી પહોંચ્યા.

બીજી બાજુ દ્વારિકામાં મંગળા આરતીના સમયે પૂજારીઓએ જોયું તો મૂર્તિ ગૂમ ! શોધખોળ શરૂ થઇ. કોણ ચોરી ગયું હશે એવા વિચારો કરતાં હતાં ત્યાં દ્વારિકાના જગદ્‌ગુરુ શંકરાચાર્યએ કહ્યું કે

"ભગવાન બોડાણા સાથે ડાકોર ગયા છે." દ્વારિકાના ગૂગળીઓ (બ્રાહ્મણ પૂજારીઓ) ભગવાનને લેવા ડાકોર આવ્યાં. ડાકોરમાં આવેલી નદીના કિનારે શિવાલયમાં શંકર સાથે દ્વારિકાધીશ બિરાજમાન હતા તે ગૂગળી આવ્યાં છે એવું જાણતાં તળાવમાં જઈને બેસી ગયાં.

ગૂગળીઓને જગદ્‌ગુરુએ તળાવમાં તપાસ કરવા કહ્યું. લોભ અને લાલચથી પૂજા કરનારાં ગૂગળીઓ ભાલાં લઈને તળાવમાં કૂદી પડ્યાં. એક પૂજારીનો ભાલો ભગવાનને વાગ્યો એટલે લોહી નીકળ્યું. લોહીને કારણે પાણી લાલ લાલ થઈ ગયું એટલે માખણચોર અહીંયાં છે એમ કહીને બધા ભેગા થઈને મૂર્તિ ઉઠાવવા ગયા પણ મૂર્તિનું વજન એવું વધી ગયું કે તેઓ મૂર્તિ બહાર લાવી શક્યા નહિ. જગદ્‌ગુરુએ કહ્યું કે તમે ભક્ત બોડાણાને વિનવો કે તે ભગવાનને બહાર લાવે. એનાં વિના ભગવાન બહાર નહિ આવે.

બોડાણો ભગવાન પાસે ગયો એટલે ભગવાને એના કાનમાં કહ્યું કે તું દ્વારિકાના લોકોને કહે કે હું હવે દ્વારિકા આવવાનો નથી. અહીં ડાકોરમાં જ રહીશ. આના બદલામાં તમારે જે જોઈએ તે માગો. દ્વારિકાના લોભી પૂજારીઓએ વિચાર્યું કે આપણી આજીવિકાનું સાધન ગયું તો હવે શું કરશું? ભગવાનની મૂર્તિનું વજન દશ મણ (૨૦૦ કિલોગ્રામ જેટલું) હતું. એટલે એમણે બોડાણાને કહ્યું કે ભગવાન ન જ આવવાના હોય તો ભગવાનની પ્રતિમાના વજન જેટલું સોનું આપ. પૂજારીઓને એમ હતું કે આ ગરીબ બોડાણો આટલું સોનું નહિ આપી શકે અને તેથી ભગવાનને પાછા મોકલી દેશે. ભગવાનની દૈવી લીલા ભગવાનની રોજ પૂજા કરતા બ્રાહ્મણો પણ જાણી શક્યા નહિ. બ્રાહ્મણોની શરત મંજૂર રાખવામાં આવી. બોડાણાની પત્ની ગંગાબાઈના નાકમાં સવા વાલની વાળી હતી. જ્યારે ભગવાનને તોળવામાં આવ્યા ત્યારે ભગવાને પોતાનું વજન વાળી કરતાં પણ ઓછું કરી નાંખ્યું. બ્રાહ્મણોએ ખૂબ કલ્પાંત કર્યું

નિષેધાત્મક વિચારો આધ્યાત્મિક ઉન્નતિમાં અવરોધ ઊભા કરે છે.

અને આમરણ ઉપવાસ  પર ઊતરવાની તૈયારી કરી. તે જોઈ ભગવાને એમને કહ્યું કે દ્વારિકા પાસે આવેલી સાવિત્રી વાવમાં મારી મૂર્તિ છે તેની સ્થાપના કરજો એટલે બધું પૂર્વવત્ થઈ જશે.

આ પ્રસંગના સંદર્ભમાં  દૈવીલીલાનો ઉલ્લેખ કરતો દોહરો છે. આ દોહરા દ્વારા ગુરુ મહારાજ આપણને સાચી ઉપાસના સમજાવે છે. દ્વારિકામાં પૂજા-આરતી કરનાર બ્રાહ્મણો અને ડાકોરથી દર્શને આવતો બોડાણો એ બેમાં બોડાણાની વૃત્તિ સાત્ત્વિક હતી. એને માટે દ્વારિકાધીશ સર્વસ્વ હતા. જ્યારે પૂજારીઓમાં લોભ વૃત્તિ હતી. એમને મન દ્વારિકાધીશ એ સર્વસ્વ મેળવવા માટેનું સાધનમાત્ર હતું. બોડાણો શાંત, દાન્ત અને સાત્ત્વિકતાથી ભરેલો હતો. ભગવાનનો સાચો ભક્ત હતો. જ્યારે પૂજારીઓ બહારથી પૂજા કરતાં હતાં પરંતુ અંદરથી ભગવાનને આજીવિકાનું સાધન માનતા હતાં.

દ્વારિકાના બ્રાહ્મણો એ કહેવા પૂરતા જ બ્રાહ્મણો હતા. બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ કહેવાય. અહીં તો બ્રાહ્મણો ભ્રમમાં જીવતા હતા.

માનવી લોભ અને સ્વાર્થમાં જીવનને કેવું વેડફી નાખે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. સાક્ષાત્ પરમાત્માની પૂજા કરનાર બ્રાહ્મણોએ મૂર્તિને મૂર્તિરૂપે જ જોઈ. જીવંત ભગવાનનો અનુભવ ના કર્યો. યોગક્ષેમ વહન કરનાર ભગવાનના બદલામાં બીજું કશું હોઈ શકે જ નહિ એવો ભાવ બ્રાહ્મણોના મનમાં ના જાગ્યો. મૂર્તિના વજન જેટલું સોનું મળે એવી લાલચમાં ભગવાનને છોડવા તૈયાર થઈ ગયાં. જ્યારે ભગવાને પોતાનું વજન વાળીથી પણ ઓછું કર્યું ત્યારે બ્રાહ્મણોએ જે કલ્પાંત કર્યું અને આમરણ ઉપવાસ પર ઊતરવાનું નક્કી કર્યું તે જ પગલું  પહેલાં લીધું હોત તો? તમે દ્વારિકા ના આવો તો અમે અહીંયાં પ્રાણ છોડી દઈશું એમ કેમ ના કહ્યું? વંશ પરંપરાગત ભગવાન સાથે સંબંધ ધરાવનાર બ્રાહ્મણો ધનના લોભથી પૂજા કરતાં હતાં. ભગવાનને સાધન બનાવી જીવતાં હતાં તેથી ભગવાનની દૈવી લીલા જાણી શક્યા નહિ. કેટલાં વર્ષો પૂજા કરી એ મહત્ત્વનું નથી,

કેવા ભાવથી પૂજા કરી, કેવી સ્વસ્થતાથી પૂજા કરી એ મહત્ત્વનું છે. It is not important what you do, it is more important with what intention you are doing. તમે શું કરો છો એ મહત્ત્વનું નથી પરંતુ તમે કયા ઉદ્દેશથી કરો છો તે અતિ મહત્ત્વનું છે. આમાંથી આપણે શું શીખવાનું છે? ગુરુ મહારાજ આપણને ચેતવે છે કે તમે તમારા ભગવાનની પૂજા કરતા હો કે ભગવાનના મંદિરનો વહીવટ કરતા હો તો સમર્પણ ભાવથી કરજો. સેવા ને સમર્પણના આદર્શથી વહીવટ કરશો તો સુખી થશો. પરંતુ ભગવાનને સાધન બનાવીને, નજીવા આર્થિક લાભ માટે દ્વારિકાના બ્રાહ્મણની જેમ વર્તશો તો ભગવાન તો હાથમાં નહિ આવે પણ તમારા નસીબમાં ભાગવાનું આવશે. ભગવાન દયાળુ હોવા છતાં ખોટું સહન કરતો નથી.

બીજી બાજુ બોડાણાનું જીવન જુઓ. સંતે એને મંત્રજાપ કરી તુલસીથી ભગવાનની પૂજા કરવાનું કહ્યું તો એણે **સ્વત: પ્રેરણાથી** જમણા હાથે તુલસી વાવી ચાલતા દ્વારિકા જવાનું શરુ કર્યું. વૃદ્ધ થવા છતાં એણે ચાલતા જવાનું ચાલુ રાખ્યું. જ્યારે એણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને વૃત્તિ સ્થિર કરી ત્યારે ભગવાને સામેથી બોલવું પડ્યું. ભગવાને કહ્યું કે "ચાલ ! આપણે બંને ડાકોરમાં સુખેથી રહીએ."

બોડાણાની ભક્તિની ગરિમા જુઓ. ભગવાન સામે ચાલીને ડાકોર જવાનું જણાવે છે. બોડાણાએ ભગવાનને આમંત્રણ નથી આપ્યું. કે ક્યારેય ડાકોર આવવાનું પણ કહ્યું નથી. તેમ છતાં ભગવાન એના ઉપર પૂરી રીતે રીઝ્યા છે.એની સ્ત્રી સોનાની વાળી પહેરે તે ભગવાનને ના ગમ્યું તો બોડાણાએ સોનાની વાળી તુલામાં મૂકી દીધી.

આપણે આપણા ઈષ્ટદેવની કે સંતની સેવામાં રહીએ ત્યારે આવી નિષ્કામ વૃત્તિથી રહીએ તો જ સંત રીઝે. ગુરુમહારાજની સેવામાં એવી રીતે રહેવાનું કે જેથી આપણા પર પૂરી રીતે રીઝે. પૂ.શ્રી લખે છે:

ચિત્તવૃત્તિનો નિરોધ કરવો એ જ યોગ છે. યોગશ્ચિત્તવૃત્તિ નિરોધ:।

**સેવા પદ્ધતિ જે લહે તે જાણે સહુ વેદ,**
**મંત્ર તંત્ર કિંકર સહુ ન રહે કાંઈ ખેદ.**

પૂ.પ્રેમ અવધૂતજી જ્યારે બચુભાઈ તરીકે પૂ.શ્રીરંગ અવધૂત મહારાજની સેવામાં રહેતાં હતાં ત્યારે રાત દિવસ બાપજીના જ વિચારો કરતા હોય. પરિણામે બાપજીને તરસ લાગે તો એમને તરત થાય કે લાવ બાપજીને પૂ છું કે "પાણી પીવું છે?" અને પૂછતાંની સાથે જ પૂ.બાપજી હા જ કહે.

પૂ.શ્રીની સેવા કરીને કોઈ ભૌતિક લાભ મેળવવાની વૃત્તિ નહિ. બાપજી પોતે એવો લાભ આપે તો પણ સ્પષ્ટ ના પાડી દે. જેમની પાસેથી આધ્યાત્મિક વસ્તુ મેળવવાની હોય, અલૌકિક વસ્તુ પ્રાપ્ત કરવાની હોય તેમની પાસેથી આવી ક્ષુલ્લક વસ્તુ લેવાય જ નહિ. આ બધાથી ગુરુમહારાજ પ્રસન્ન થયાં. ગુરુમહારાજની સેવા કરવાનો સાચો અર્થ છે પૂ.શ્રીના નિયમોનું અક્ષરશ: પાલન કરવાનું. બાપજીને માગણવૃત્તિ ન ગમતી હોય તો આપણે એનો ત્યાગ કરવાનો. લોકોને હડે હડે કરીએ તે બાપજીને ના ગમતું હોય તો આપણે હડે હડે નહિ કરવાનું. બધા સાથે પ્રેમથી રહેવાનું, નમ્ર થઈને રહેવાનું, નરમ થઈને રહેવાનું. ગુરુમહારાજ સાથે કે સંત સાથે કેટલાં વર્ષો ગાળ્યાં તેનું મહત્ત્વ નથી, પણ કેવી રીતે ગાળ્યાં તેનું મહત્ત્વ છે.

દેવની સાથે કે દેવપુરુષની સાથે રહેવાનું બને ત્યારે લોભથી નહિ પણ નિષ્ઠાથી જીવવાનું છે. **'રાખની આશમાં લાખ ખોયા'** જેવી મૂર્ખામીભરી ભૂલ ન થાય એ જોવાનું છે. આ દોહરા દ્વારા બાપજી આપણને ગુરુભક્તિનું રોકડમાં રૂપાંતર નહિ કરવાનો અને સહુમાં ગુરુમહારાજને જોઈ 'પરસ્પરદેવો ભવ'નો આદર્શ ચરિતાર્થ કરવાનો સંકેત આપે છે. ગુરુમહારાજની વાત કાન ઉપર ધરીને એ રીતે જીવનનો વ્યવહાર ગોઠવશું તો ભગવાન સામે ચાલીને આપણા ઘર આવશે; ભાગી નહિ જાય. જગતને નહિ, જગન્નાથને સાચવવાના છે.

શરીર અને વાણીનો સંયમ વિચારોના સંયમ કરવામાં મદદરૂપ બને છે.

# સંકેત : ૨૦

**નિયમ એહ ઈશ્વરતણો : જ્યાં લગ કુટુંબમાંહ્ય**
**રહે એકતા, ઉર્જિતાવસ્થા ત્યાં લગ ત્યાંય.**
**કલહ પરસ્પર પેસતાં ઘરમાં નિશ્ચય એમ,**
**વિપત્તિઓ દારુણ તિહાં પેસે નિર્ભય તેમ.**

(અ.૧૩૧ દો.૫૭-૫૮)

બ્રહ્માવર્તમાં સુબેદાર નામે એક ગૃહસ્થ રહેતો હતો. સાધુ સંતને તે સદાવ્રત આપતો હતો. એક દિવસ પાંચ-સાત સાધુઓ સદાવ્રતમાં કોરું અન્ન લઈ ગયા. સદાવ્રત લઈ જતાં રાંધવા માટે સુબેદારને પૂછ્યા વિના થોડાં લાકડાં પણ લીધાં. પૂછ્યા વિના લાકડાં લઈ ગયા તેથી ગુસ્સે ભરાયેલા સુબેદારે પોલીસ ફરિયાદ કરી, એટલે પોલીસે બે-ચાર સાધુને જેલમાં નાખી દીધા. સુબેદારના આવા વર્તનથી બાકીના સાધુને દુ:ખ થયું અને ગુસ્સો પણ આવ્યો. એમણે સુબેદારને શાપ આપ્યો કે સાધુ સંત સાથેના આવા બેશરમ વર્તનનું ફળ તારે ભોગવવું પડશે.

થોડા સમયમાં સુબેદારનો મોટો ભાઈ મરી ગયો. સુબેદારના ઘરમાંથી લક્ષ્મીને રાત્રે સ્ત્રીના રૂપમાં રડતી રડતી જતાં સ્વામીમહારાજે જોઈ એટલે એમણે સુબેદારના ભત્રીજાને ચેતવ્યો કે બધા સુમેળથી જીવજો. સુબેદારનો ભત્રીજો એની પત્ની અને મા સાથે રહેતો હતો. થોડા સમયમાં ગામમાં પ્લેગનો રોગ શરૂ થયો. ગુરુમહારાજે ગામની બહાર સૂવાનું સૂચવ્યું તો પણ સુબેદારનો ભત્રીજો માધવ રાત્રે ગામમાં જઈને સૂતો હતો. આખરે એક દિવસ સુબેદારનો ભત્રીજો મૃત્યુ પામ્યો. સુબેદારના ભત્રીજાને કોઈ સંતાન ન હતું અને સુબેદારની ભાભીને પણ સંતાન રહ્યું ન હતું. ભાભીએ અને ભત્રીજા વહુએ અદાલતમાં કેસ માંડ્યા અને એ કેસ લડવામાં સુબેદારની સંપત્તિ નાશ પામી.

ખરાબ વિચારો ભયાનક છે અને સર્વનાશકર્તા છે.

આ બનાવના સંદર્ભમાં ઉપરના દોહરાઓ ટાંકવામાં આવ્યા છે. "સંપ ત્યાં જંપ" અને "United we stand, Divided we fall" (એકતા હશે તો ટકી રહીશું પણ ભેદભાવ હશે તો ગબડી જશું) જેવાં વાક્યો આપણને ઘરમાં કે કોઈ પણ સંસ્થામાં સુમેળનું વાતાવરણ ઊભું કરવાની શીખ આપે છે. કજિયો કે કંકાસ એ પડતીનાં ચિન્હો છે. વિનાશકાળે વિપરીત બુદ્ધિનો અર્થ જ એ છે કે જ્યારે માણસની બુદ્ધિ બગડે ત્યારે ઘરમાં કજિયો, કંકાસ, કલહ શરૂ થાય છે.

**'આપણે એકસો પાંચ'**નો આદર્શ યુધિષ્ઠિરે પાંડવ-કૌરવોને આપ્યો હતો. કૌરવોએ પાંડવોને હેરાન કરવામાં કોઈ કસર રાખી ન હતી. પાંડવો વનમાં હતા ત્યારે કૌરવો પર હુમલો થયો એવું જાણ્યું કે તરત યુધિષ્ઠિરે કહ્યું કે આપણે એમની મદદે જવું જોઈએ. ભીમે કહ્યું કે "એમના પર આ આપત્તિ આવી તો ભલે આવી. એ લોકો એને જ લાયક છે." ત્યારે યુધિષ્ઠિરે કહ્યું કે આમ ભલે કૌરવો અને પાંડવો સામસામા હોય પરંતુ ત્રાહિત પક્ષ હુમલો કરે ત્યારે તો આપણે એક થઈને જ લડીશું. આપણે એકસો પાંચ.

બધાને ભેગા કરવાં એ અઘરું કામ છે. એમાં પણ બધાને ભેગા રાખવાં એ તો એનાથી પણ કપરું કામ છે. અને ભેગા મળીને કામ કરવું એ તો સફળતાની ચાવી છે.

Bringing together is the beginning, keeping together is the progress and working together is the success.

સંપ અને સુલેહથી કામ કરવા માટે સાથે રહેનારમાં સ્વાર્થનું તત્ત્વ અને ભેદભાવનું તત્ત્વ ના હોવું જોઈએ. એક બીજા માટે હૃદયનો પ્રેમ હોય એટલે એને માટે કરી છૂટવાની ભાવના જન્મે. જ્યાં સુધી "મારું અને તારું"ની વૃત્તિ ઓછી હોય ત્યાં સુધી સંપ રહે છે. "ખવરાવીને ખાવાની વૃત્તિ", "ત્યાગીને ભોગવવાના વલણ"થી

ઘરમાં સંપ અને એકતા જળવાઈ રહે છે. "સાથે રમશું, સાથે જમશું, સાથે કરશું ઘરનાં કામ"ની વૃત્તિથી ઘરની ચઢતી થાય છે. દરેક વ્યક્તિ ત્યાગ અને બલિદાનની ભાવનાથી જીવતી હોવાથી અને એક બીજા પ્રત્યે હૃદયનો શુદ્ધ ભાવ રાખતી હોવાથી ભગવાન પણ રાજી રહે છે અને કુટુંબની ઉન્નતિ થાય છે. પતિ પત્નીનો વિચાર કરે, મોટો ભાઈ નાના ભાઈને સંભાળે કે ભાઈ-બહેન અંદરોઅંદર એકબીજાની મદદે દોડી જાય તો આપત્તિનો સામનો કરવાની શક્તિ મળે અને દુઃખ હળવું બની જાય.

ભગવાન રામને વનવાસ મળ્યો ત્યારે લક્ષ્મણજીએ સાથ આપ્યો. "જ્યાં રામ ત્યાં લક્ષ્મણ"ની ઉચ્ચ ભાવના રાખી અને એમાં એની પત્ની ઊર્મિલાએ પણ સહકાર આપ્યો. રામ-લક્ષ્મણનાં વનવાસથી ભરતને રાજ મળ્યાનો આનંદ ના થયો. મારો મોટો ભાઈ જંગલમાં હોય અને હું સુખ ભોગવું તો જીવન મંગલ કેવી રીતે બને? આવા આદર્શને સેવીને જીવનાર ભરતે રામચંદ્રની પાદુકાને સિંહાસન પર મૂકી રાજ્યનો કારભાર ચલાવ્યો. રામચંદ્ર અયોધ્યાની બહાર છે તો પોતે પણ અયોધ્યાની બહાર જઈ નંદિગ્રામમાં રહ્યાં. આ બધાનું પરિણામ એ આવ્યું કે કુટુંબની એકતા જળવાઈ રહી અને સમાજને જીવનનો આદર્શ મળ્યો. આની સામે રાવણે વિભીષણને લાત મારી. વિભીષણે લંકા છોડી દીધી અને રાવણનો નાશ થયો. ધૃતરાષ્ટ્ર અને કૌરવોનાં કલહ અને કંકાસરૂપ એવાં કર્મોથી કંટાળીને વિદુરજીએ હસ્તિનાપુર છોડ્યું અને કૌરવોનો વિનાશ થયો.

પરંતુ જ્યારે વ્યક્તિનું મન સંકુચિત બને, બુદ્ધિ બગડે અને "બધાને સુખી કરીને સુખી થાઉં" એવું વિચારવાને બદલે વ્યક્તિ "હું એકલો કેવી રીતે સુખી થાઉં"એવું વિચારે એટલે મનદુઃખ થાય, ઝઘડા થાય અને ઘરમાંથી લક્ષ્મી જતી રહે. મા દીકરા ઉપર કેસ માંડે, બાપ અને દીકરા વચ્ચે બોલવાના સંબંધ ના રહે અને કુટુંબમાં પડતીનાં

પગરણ મંડાય. સ્વાર્થ આંધળો છે જ્યારે પરમાર્થ એ પરમેશ્વરને રાજી કરવાનો પરમ પથ છે. બે ભાઈઓની જાણીતી વાત આ વિચારના સંદર્ભમાં યાદ રાખવા જેવી છે.

એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. બંને ભાઈઓને અરસપરસ ખૂબ પ્રેમ. પછી લગ્ન થયાં અને બંનેને એક એક દીકરો થયો. સંપને કારણે બધા સાથે રહેતાં અને સમરસ થઈ જીવતાં. દિલમાં ઉદારતા અને પ્રેમ હોવાથી કોઈને કોઈ રીતે અસંતોષ ન હતો. લાચારીથી સાથે રહેતા હતાં એવું ન હતું. તન અને મન બંને એક હતાં.

એક દિવસ મોટા ભાઈએ બજારમાં કેરી જોઈ એટલે મોંઘી હોવા છતાં બંને દીકરા માટે એક એક કેરી લીધી. એક કેરી સહેજ મોટી ને વધુ સારી હતી. જમણા હાથમાં મોટી કેરી ને ડાબા હાથમાં નાની કેરી. મોટા ભાઈ ફળિયામાં આવતા હતા ત્યારે છોકરાઓ આંગણામાં રમતાં હતાં. દૂરથી પિતાને અને કાકાને જોતાં બંને બાળકો દોડ્યાં. જમણા હાથમાં મોટી કેરી હતી એ તરફ નાના ભાઈનો દીકરો આવતો હતો અને પોતાનો દીકરો નાની કેરીવાળા ડાબા હાથ તરફ આવતો હતો. મોટા ભાઈના મનમાં સ્વાર્થનું ભૂત સવાર થયું. શું કરવું કે જેથી પોતાના દીકરાને ભાગે મોટી કેરી આવે? મગજમાં ઝબકારો થયો અને એણે બંને હાથની આંટી પાડી. બંને હાથ સીધા રાખવાને બદલે જમણો હાથ ડાબી બાજુ કર્યો અને એના ઉપર ડાબો હાથ જમણી બાજુ રહે એ રીતે મૂક્યો. મનમાં સ્વાર્થનો રાક્ષસ પેસી ગયો.

ઉપલે માળેથી નાનો ભાઈ આ દૃશ્ય જોતો હતો. એણે તરત જ મોટા ભાઈને કહ્યું કે "મોટા ભાઈ ! હવે આપણે જુદા થઈ જઈએ. આંટી પડી ગઈ. લડીને જુદા નથી રહેવું. સાથે રહીને લડવું પણ નથી. તન ભેગા ને મન જુદાં કરતાં તન જુદાં પણ મન ભેગાં હોય તે સારું."

**પ્રાણીની બે અવસ્થા છે : સ્પન્દ અને નિરોધ.**

આમ પણ સંપ હોય ત્યારે માણસના વિચારો અને વર્તન સારાં હોય છે. ભેગા થઈને જમવું, ત્યાગની ભાવનાથી જીવવું, "ખપી જવું તમારામાં, અમારી મુક્તિ એ જ છે"નો ભેખ ધરવો જેવાં આદર્શભર્યાં કર્મોનું ફળ સુખ અને ઉન્નતિ હોય એ સ્વાભાવિક છે.

આ દોહરા દ્વારા ગુરુમહારાજ આપણને ઘરમાં, સમાજમાં અને સંસ્થામાં સંપીને રહેવાનો સંકેત આપે છે. ભેગા થઈએ એટલે દરેકના સ્વભાવ જુદા હોવાથી પ્રશ્નો તો ઊભા થવાના જ. પરંતુ પારિવારિક વાતાવરણ ઊભું કરીને, એક બીજા પ્રત્યે પ્રેમ રાખીને, સ્વાર્થનો વિચાર છોડી દઈને પ્રેમથી વર્તવાથી આપણે પ્રગતિના પંથે ચઢશું.

**જેને ભજન સાથે કામ, તેને ચર્ચા છે હરામ** સૂત્રાનુસાર આપણે તો આપણા ગુરુમહારાજ રાજી થાય એ રીતે જીવવું છે. વાદ-વિવાદ એ કજિયાની જનેતા છે તેથી વાણીનો સાચવીને ઉપયોગ કરવો.

**વધે વાદ વાદે જ એ વેરઝાળ,**
**બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ.**

(દત્તનામસ્મરણ ૮૪)

આપણે સુખી થવું હોય, આપણી પોતાની, ઘરની અને સમાજની ઉન્નતિ કરવી હોય તો સંપથી જીવવાનો સંકેત ગુરુમહારાજ આપે છે. આ સંકેત સમજીએ અને સંપીને જીવીએ. ભગવાન આપણને હંમેશાં સન્મતિ આપો એવી પ્રાર્થના.

▯

# સંકેત : ૨૧

**શરણાગતને વજ્રપંજર સમ જે નિર્ધાર,**
**સ્મરણમાત્રથી ઈષ્ટફળ આપે જે તત્કાળ.**

(અ.૧૩૨ દો.૨૬)

જયારે સ્વામીમહારાજ નૃસિંહવાડીમાં રહેતા હતા ત્યારે કૌઠાગુલંદ ગામનો તાત્યાસાહેબ નામનો જાગીરદાર એની પત્ની સાથે ગુરુદર્શને આવ્યો. સ્વામીમહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે "ગુરુજી ! મેં આપના કહેવાથી આ સ્ત્રી સાથે લગ્ન કર્યું પરંતુ મારે સંતતિ નથી. બેતાળીસ વરસની સ્ત્રી થઇ તો પણ સંતાન થયું નથી." સ્વામીમહારાજને તાત્યા સાહેબે આવું કહીને તરત જન્મકુંડલી બતાવી. જન્મકુંડલી જોઇને સ્વામીમહારાજે કહ્યું કે "આ જન્મકુંડલી પ્રમાણે તો આને સંતાન યોગ જ નથી. આ સ્ત્રીને સંતાન થાય એવું છે જ નહિ. એ નિ:શંક વંધ્યા જ રહેશે." આવું સાંભળીને જાગીરદારે કહ્યું કે તો પછી આપે મને આની સાથે કેમ પરણાવ્યો? સ્વામી મહારાજે હસીને વંધ્યાદોષ નિવારણનું અનુષ્ઠાન બતાવી શ્રીફળનો પ્રસાદ આનંદથી આપ્યો.

વાડીથી ઘરે જતાં બજારમાંથી સ્વામીમહારાજની છબી લેવા પુરોહિતને મોકલ્યો. એ જે છબી લાવ્યો તે છબી પસંદ ન પડી એટલે છબી બદલાવવા મોકલ્યો. બીજી વારની છબી ગમી. પરંતુ તે જ રાત્રે સ્વપ્નમાં ગુરુમહારાજે કહ્યું કે તને પહેલી છબીનું રૂપ ના ગમ્યું તો મારો પ્રસાદ ગમશે? આમ ઠપકો આપી શ્રીફળનો પ્રસાદ લઇ લીધો. બીજે દિવસે પતિ-પત્નીએ જઇને માફી માગી. ગુરુમહારાજે પ્રસન્ન થઇ, લઇ લીધેલું શ્રીફળ પાછું આપ્યું. કાળે કરીને એ સ્ત્રીને દીકરી થઇ.

આ પ્રસંગના સંદર્ભમાં પૂ.બાપજી આ દોહરો લખે છે.

આ દોહરામાં ચાર વાત સમજવા જેવી છે. સૌ **પ્રથમ** તો ગુરુનું અનન્યભાવે જે શરણું લે છે એવા શરણાગત માટે ગુરુમહારાજ એ વજ્રના પાંજરા જેવા છે અને તેનું અચૂક રક્ષણ કરે છે. **બીજી** વાત એ છે કે સ્મરણમાત્રથી-યાદ કરતાંની સાથે જ ભક્તનું કાર્ય કરી દે છે. **ત્રીજી વાત** એ છે કે એ ભક્ત માગે તે નથી આપતા પરંતુ જેમાં ભક્તનું ભલું થતું હોય તેવું ઈષ્ટફળ આપે છે અને **છેલ્લે** આવું ફળ તત્કાળ આપે છે, એમાં વિલંબ કરતા નથી.

પોતાના ઈષ્ટદેવમાં કે ગુરુમહારાજમાં જીવનો શરણાગતભાવ હોવો જોઈએ. શિષ્યસ્તેऽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ - (ગીતા અ.૨ શ્લો.૭) હું આપનો શિષ્ય છું અને આપને શરણે આવ્યો છું એ મહત્ત્વનું છે. એનાથી પણ વધુ મહત્ત્વનું છે - કરિષ્યે વચનં તવ - આપ કહેશો તેમ કરીશ.

શરણભાવમાં વ્યક્તિ પોતાના વ્યક્તિત્વનો અને અસ્તિત્વનો લય કરી દે છે અને ગુરુમહારાજની ઈચ્છામાં જ પોતાની ઈચ્છા ભેળવી દે છે. ગુરુમહારાજ સારું જ કરશે અને જે કરશે તે સારું જ હશે. શું થાય તો સારું અને શું થાય તો સારું નહિ એ વૃત્તિ જ રહેતી નથી. ગુરુમહારાજ જે કરશે તે સારું જ હોય એવો શરણભાવ થવો જોઈએ. શરણભાવ થતાં જ દુ:ખ રહેતું નથી. પૂ.શ્રી એક પ્રભાતિયામાં લખે છે :

**શરણભાવે થતાં ના રહે ત્યાં કથા -**
**દુ:ખની હે તતા ! બ્રિદ તારું,**
**કેમ ભૂલી દમે? ભક્તજન આ સમે?**
**કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું !**

મુ.અમૃતલાલ મોદી (તપસી)ને લખેલા પત્ર- આત્મવિચારમાં પૂ.શ્રી જણાવે છે કે :

**ગુરુગમ મારગ, પૂરણકામ, સંત ચરણમાં સહુ વિશ્રામ,**
**જાણી કરવી સદ્‌ગુરુ સેવ, રંગ વિલોકે અંદર દેવ !**

જેવું અન્ન તેવું મન. જેવું પાણી તેવી વાણી.

શરણભાવમાં વ્યક્તિ ગુરુમહારાજના ભરોસે જીવે છે. એના જીવનમાં એક જ વાત વણાયેલી હોય છે :

**હું ગુરુનો ગુરુ છે મમ રક્ષક,**
**એહ ભરોસો જાય નહિ;**
**ગુરુ કરશે તે મમ હિતનું,**
**એ નિશ્ચય બદલાય નહિ.**

આવો શરણભાવ પૂર્વજન્મના પુણ્યબળે અને ભગવાન કૃપા કરે તો જ જાગે છે નહિ તો તર્ક-વિતર્ક અને સંશયમાં જ જીવન વહી જાય છે. આપણે 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ' બોલીએ છીએ ખરાં પણ માનીએ છીએ ખરાં? એ પ્રમાણે જીવીએ છીએ ખરાં? પૂ.પ્રેમ અવધૂતજી કહે છે તેમ જીવતા ગુરુને પરબ્રહ્મ માનવાનું ખૂબ કપરું છે. જો એક વાર ગુરુમાં આવો દેવભાવ જાગી જાય અને શરણભાવ થઇ જાય તો પછી જન્મમરણ પણ ટળી જાય. પૂ.શ્રીરંગ અવધૂતજી ઉપાસના કાંડના આરંભે પ્રસ્તાવનારૂપે લખેલી ઓંવીમાં જણાવે છે કે :

**નહિ જન્મ મરણ તેને | ગયો શરણ જે કો એને ||**
**કહ્યું સ્વાનુભવે મને | માન માને તો તપસી ||૧૨||**

સેવક સચ્ચિદાનંદ થાય એ વાતને સમજાવતાં 'સેવાષ્ટક'માં પૂ.પ્રેમ અવધૂતજી લખે છે કે :

**ગુરુવૃત્તિ તે આપણી, ગુરુમાં આપ સમાય,**
**થતાં વૃત્તિ બે એક ત્યાં, સેવક સચ્ચિદાનંદ થાય.**

આમ શરણભાવમાં સેવક પોતાના સ્વામીની વૃત્તિમાં પોતાની વૃત્તિ ભેળવી દે છે, ભક્ત પોતાની વૃત્તિ ભગવાનની વૃત્તિમાં ભેળવી દે છે. ટૂંકમાં એનું 'હું'પણું ઓગાળી દે છે. પૂ.શ્રીરંગ અવધૂતજીની સેવામાં રહેલા મુ.જગજીવનદાસ ગાંધી(માસ્તરકાકા)નો ભાવ આવો

ભૌતિક શરીર એ મનનું બાહ્ય વ્યક્ત સ્વરૂપ છે.

હતો. વરસના ત્રણસો પાંસઠ દિવસ લીલોડથી સવારે પાંચ વાગ્યે અચૂક નારેશ્વર હાજર થઈ જવાનું. લીલોડથી નારેશ્વર આવતાં એ સમયમાં પડતી તકલીફનો વિચાર થાય એવો જ નથી. ઠંડી, ગરમી કે વરસાદ ગમે તે હોય પણ સેવક હાજર હોય જ.

પૂ.પ્રેમ અવધૂતજીએ વર્ણવેલો આ પ્રસંગ છે. પૂ.શ્રી નારેશ્વરમાં હતા ત્યારે દર્શને આવેલી સંત જેવી વ્યક્તિનો સત્કાર કરવાના ખ્યાલથી માસ્તરકાકાને બાપજીએ કહ્યું કે 'અમુક' શાલ લઈ આવો. આ શાલ જે બેગમાં હોય તે બેગની ચાવી અને તે રૂમની ચાવી પૂ.માજીની પાસેથી લેવી પડે. જો માજી કામમાં હોય તો એ જ્યારે ચાવી આપે ત્યારે લઈને પછી રૂમ ખોલી શાલ લાવવાની. શાલ લીધા પછી બેગ અને રૂમ બંધ કરવાનાં. આ બધું કરવામાં ગમે તેટલી ઝડપ કરો તો પણ અમુક સમય તો જાય જ. પરંતુ પૂ.બાપજી તો "માસ્તર, શાલ લાવો" એવું કહ્યા પછી હજી માસ્તરકાકા માજીની ઓરડીએ પણ પહોંચ્યા નહિ હોય ત્યાં તો "કેટલી વાર?" કહેવાનું શરૂ કરી દે ! કાચો સેવક હોય તો કાં તો સ્થાન છોડી દે કાં પૂ.શ્રીને સમજાવે કે "બાપજી ! તમે ઉતાવળ કરો પણ હું માજીની રૂમ પર જઉં, ચાવી આપે ત્યારે ચાવી લઈને રૂમ ખોલું. પછી બેગ ખોલું એટલે સમય તો જાય જ ને?" પરંતુ માસ્તરકાકા તો કશું બોલે જ નહિ, અને એ શાલ લઈને આવે એટલામાં તો પોતાની પાસે જે વસ્તુ હોય તેનાથી બાપજી સામેની વ્યક્તિનો સત્કાર કરી નાખે. માસ્તરકાકાને વઢે પણ ખરા.

પૂ.પ્રેમ અવધૂતજી (ત્યારના બચુભાઈ) મુ.માસ્તરકાકાને કહે કે તમે પૂ.શ્રીને કહો તો ખરા કે વાર થવાનું કારણ શું છે. પરંતુ માસ્તરકાકાનો શરણભાવ એવો ઊંચો કે કશું જ કહે નહિ. તેઓ એવો ભાાવ રાખે કે પૂ.બાપજી અંતર્યામી હોવાથી બધું જ જાણતા જ હોય છે. પરંતુ મારા કલ્યાણ માટે આવી લીલા કરતા હોય છે. એમના

વઢવામાં પણ મારું કલ્યાણ જ થતું હોય છે.

જેને આવો શરણભાવ જાગે એને માટે ગુરુમહારાજ વજ્ર જેવું પિંજરૂં બની જાય છે. વજ્રના જેવું મજબૂત પિંજરૂં હોય ત્યારે એમાં રહેલું પક્ષી-શિષ્ય- સલામત જ રહે. અનન્યભાવથી જે મારું ચિંતન કરે છે તેના યોગ-ક્ષેમ હું વહન કરું છું એવી પ્રતિજ્ઞા ભગવાને ગીતામાં કરી જ છે.

**અનન્યાશ્ચિંતયન્તો મામ્ યે જનાઃ પર્યુપાસતે |**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ||**

(અ.૯ શ્લોક-૨૨)

આવો શરણભાવ થતાં ગુરુમહારાજ સ્મરણમાત્રે ભક્તની મદદે દોડી જાય છે. શરણભાવ જાગે તો તો ભગવાન પાસે માગે જ નહિ પણ કદાચ માગે તો પણ ભગવાન તો એના હિતમાં હોય એ જ આપશે. નાનું બાળક સાપને રમકડું માની પકડવા જાય તો 'મા' એને પકડવા દેશે નહિ. કદાચ બાળક હઠ પકડે અને રડે તો 'મા' એને વઢશે કે મારશે પણ ખરી, પરંતુ સાપ તો નહિ જ પકડવા દે. ભગવાન ભક્તનું અભિમાન દૂર કરવા માટે જે કરવું પડે તે કરશે. પોતે શાપ પણ સ્વીકારશે અને શાપને કારણે એક કરતાં વધુ વાર જન્મ લેવા પડે તો પણ લેશે. જીવનું શામાં કલ્યાણ છે એની પ્રભુને બરાબર ખબર છે.

રામચંદ્રજીના જન્મની પૂર્વભૂમિકામાં નારદજીના જીવનની વાત અને એણે ભગવાન વિષ્ણુને આપેલો શાપવાળો પ્રસંગ જાણીતો છે. પરંતુ આ બધું પણ ભગવાને કર્યું તેનું કારણ નારદજીનું કલ્યાણ જ. પ્રસંગ આ પ્રમાણે છે.

એકવાર નારદજી તપ કરવા બેઠા તો એમનો તપોભંગ કરવાનું કામ કામદેવને સોંપાયું. કામદેવે પ્રયત્ન કર્યા પણ નિષ્ફળતા મળી. કામદેવે છેવટે નારદજીની ક્ષમા માગી. કામદેવના ઉપર વિજય

ચહેરો એ વિચારો અને લાગણીની જાહેરાત કરતું પાટિયું છે.

મેળવીને નારદજી હિમાલય ઉપર કૈલાસમાં વિરાજતા ભગવાન શંકરને મળવાં ગયાં. ભગવાન શંકરને નારદજીએ પોતાના કામવિજયની વાત કરી. શંકર ભગવાને એમને અભિનંદન આપ્યાં અને ચેતવણીરૂપે કહ્યું કે કામવિજયની આ વાત મને ભલે કરી, પરંતુ ભૂલેચૂકે આ વાત ભગવાન વિષ્ણુને ના કરતા. જે કરવાની ના પાડી હોય તે કાર્ય કરવાની વધુ ઉત્કંઠા જાગે એ માનસશાસ્ત્રના નિયમાનુસાર નારદજીએ વૈકુંઠમાં જઈ ભગવાન વિષ્ણુને પોતાના કામવિજયની વાત કરી. ભગવાન વિષ્ણુને ચિંતા થઈ કે મારો ભક્ત કામવિજયના અભિમાનમાં પતનના માર્ગે જઈ રહ્યો છે તે બરોબર નથી એટલે એમણે એમનો માયાવી ખેલ શરૂ કર્યો.

વિવિધ સ્થળે ફરતા રહેતા નારદજીએ જોયું તો એક અતિ સુંદર રાજકુંવરીનો સ્વયંવર યોજાયો હતો અને વિવિધ દેશોના રાજા સ્વયંવરમાં ભાગ લેવા આવી રહ્યા હતા. આ રાજકુમારી પોતાને વરમાળા પહેરાવે એવી નારદજીની ઈચ્છા થઈ એટલે ભગવાન વિષ્ણુ પાસે જઈને વિનંતી કરી કે મારું કલ્યાણ થાય તેવું મને રૂપ આપો. નારદજીને મન કલ્યાણ એટલે રાજકુમારી વરમાળા પહેરાવે એવો અર્થ પણ ભગવાનને મન રાજકુંવરી વરમાળા ન પહેરાવે એવો અર્થ. રાજકુંવરી વરમાળા લઈને નીકળી ત્યારે ભગવાને નારદજીનું મોં વાંદરા જેવું કર્યું તેથી રાજકુંવરીએ વરમાળા તો ન પહેરાવી પણ બધાએ નારદજીની મશ્કરી કરી અને શિવજીના ગણે તો કહ્યું પણ ખરું કે તમારું મોં દર્પણમાં જરા જુઓ તો ખરા !

દર્પણ તો ક્યાંથી લાવે? પરંતુ ગામ બહાર આવેલા તળાવમાં પોતાનું રૂપ જોઈને છળી મરેલા નારદજીને ભગવાન વિષ્ણુ ઉપર અપાર ક્રોધ આવ્યો. ભગવાને આવું કર્યું? અને અધૂરામાં પૂરું એ રાજકુંવરી (મૂળમાં લક્ષ્મીજી) સાથે વરમાળા પહેરીને ભગવાન રથમાં આવતાં હતાં. રસ્તા પર ભગવાનને નારદજી મળ્યા. નારદજીનો ક્રોધ કાબૂમાં

મોં એક સુંવાળો અરિસો છે જે મનનો સ્વભાવ પ્રદર્શિત કરે છે.

ના રહ્યો. ના કહેવાય તેવું બધું જ કહ્યું અને છેલ્લે શાપ આપ્યો કે તમે મને કન્યાથી વંચિત કરી વિરહ કરાવ્યો છે તો તમે પણ પત્નીના વિયોગમાં જંગલમાં ભટકશો અને જે વાંદરાનું રૂપ મને દીધું એ જ વાંદરાની સહાય તમારે લેવી પડશે. ભગવાને હસતાં હસતાં શાપ સ્વીકાર્યો અને એ પ્રમાણે રામ તરીકેના જન્મમાં લીલા આચરી બતાવી.

આપણે ગુરુમહારાજ પાસે માગીએ જ નહિ પરંતુ માગીએ તો બધું માગ્યા પછી છેલ્લે એવું કહેવાનું કે "હે ગુરુમહારાજ ! મેં તો આ બધું માગ્યું પરંતુ એ આપવું કે નહિ આપવું તે તું નક્કી કરજે. મારું કલ્યાણ હોય તે જ આપજે."

શરણભાવ માછલી જેવો હોવો જોઇએ. માછલી પાણી વગર જીવી શક્તી નથી તો એવા અનન્ય શરણભાવને કારણે માછલી નદીના પ્રવાહથી વિરૂદ્ધ દિશામાં પણ જઇ શકે છે. પાણી એનું સદા રક્ષણ કરે છે. પરંતુ એનું અનુકરણ હાથી કરવા જાય તો હાથી તણાઇ જાય છે કારણ કે હાથીનો એવો શરણભાવ નથી. હાથી પાણીની બહાર જમીન ઉપર પણ જીવી શકે છે, માછલીની જેમ તરફડી મરતો નથી. કહેવાયું છે કે:

**જો જાકી શરણ લિયે તાકી રાખે લાજ,**
**ઉલટ જલે મછલી ચલે, બહત જાત ગજરાજ.**

આપણે પણ આવા અનન્યભાવે ગુરુમહારાજનું શરણું લઇએ અને એ જે પરિસ્થિતિમાં રાખે તેમાં આનંદ અનુભવીએ. સાચા સુખી થવા માટેનો સંકેત આપણે ઝીલીએ ને સુખી થઇએ.

ખરાબ વિચારો એ સર્વ વ્યાધિનું મૂળ કારણ છે.

# સંકેત : ૨૨

**અનન્ય નિષ્ઠા એહની જોઈ એમ દયાળ,**
**કરે દૂર સંકટ તદા શ્રીગુરુ એ નિર્ધાર.**

(અ.૧૩૭ દો.૬૩)

નૃસિંહવાડીમાં દત્તુ દીક્ષિત નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને સીતાબાઇ નામે એક દીકરી હતી. ભિલ્લવાડીમાં તેને પરણાવી હતી. પતિસેવામાં હોશિયાર હોવા છતાં એ કાળી હોવાથી એના પતિએ બીજું લગ્ન કર્યું અને સીતાબાઇને ગુજરાન માટે થોડી જમીન આપી. સીતાબાઇ એ જમીનમાં જુવાર પકવીને ગુજરાન ચલાવતી હતી.

સ્વામીમહારાજ પ્રત્યે સીતાબાઇને દેવભાવ હતો. સ્વામીજીનું પગલું ધૂળમાં અંકિત થયું. આ પદમુદ્રા જોઇને સીતાબાઇએ પવિત્ર ચરણરજ ડાબલીમાં ભરી દીધી. ત્યારબાદ એક વાર જુવાર કાપીને ખળામાં ઢગલો કર્યો હતો ત્યાં જ ગાજવીજ સાથે મૂશળધાર વરસાદ વરસવા માંડ્યો. વરસાદનું તાંડવ જોઇને સીતાબાઇ રડવા લાગી. જો બધી જુવાર પલળી જાય તો ગુજરાન કેવી રીતે થાય? ગુરુ વિણ કોણ સહાય કરે? ત્યાં એને ડાબલીમાં ભરેલી ગુરુદેવની પદરજ યાદ આવી. ડાબલીમાંથી થોડી પદરજ લઇ ખળાની ચારે બાજુ નાખતી જાય અને ગુરુદેવને પ્રાર્થના કરતી જાય કે હે ગુરુદેવ ! મારી જુવાર પલળે નહિ તે જોજો અને પછી બાધા રાખી કે જો મને આ સંકટમાંથી ગુરુદેવ મુક્ત કરશે તો હું વાડીમાં જઇને મહાપૂજા કરીશ અને બ્રાહ્મણોને જમાડીશ. બાઇની અનન્ય નિષ્ઠાથી રીઝેલા ગુરુમહારાજે એને સંકટમાંથી બચાવી લીધી. ગામમાં બધે વરસાદ પડવા છતાં આ બાઇના ખળામાં પાણીની એક ધાર પણ ન પડી ! બાઇ સંકટમુક્ત થઇ એટલે એણે બાધા પ્રમાણે વાડીમાં જઇ મહાપૂજા કરાવી બ્રાહ્મણોને જમાડ્યા. આ પ્રસંગના સંદર્ભમાં આ દોહરો લખાયો છે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં શરુઆત શ્રદ્ધાથી થાય છે અને સમાપ્તિ નિષ્ઠાથી. શ્રદ્ધા, વિશ્વાસ અને નિષ્ઠામાં નિષ્ઠા શ્રેષ્ઠ ગણાય. દેવમાં કે ગુરુમહારાજમાં અનન્ય નિષ્ઠા થાય એટલે અડધો આત્મ સાક્ષાત્કાર થઇ ગયો ગણાય.

કેટલાક સંબંધો એવા પવિત્ર અને દિવ્ય હોય છે કે જેમાં વિશ્વાસનું વાતાવરણ આપોઆપ ઊભું થાય છે. શિષ્યને ગુરુમાં, દર્દીને ડૉક્ટરમાં, અસીલને વકીલમાં અને વિદ્યાર્થીને શિક્ષકમાં આવો વિશ્વાસ ઊભો થતો હોય છે. આવા વિશ્વાસને કારણે શિષ્ય ગુરુ કહે તેમ કરવા તૈયાર હોય છે. સગાં વહાલાંના કહેવા છતાં દવા ન પીનાર દર્દી દાક્તરની હાજરીમાં તરત દવા પી જાય છે. 'સદ્‌ગુરુની હૂંફ' વિશે પૂ.શ્રી લખે છે કે:

"જેમ અનુભવી ને નિષ્ણાત દાક્તરને જોતાં દર્દીમાં એક પ્રકારની શ્રદ્ધા જન્મે છે અને તેનો બધો રોગ એ દાક્તરને મુખેથી બે શબ્દ સાંભળતા જ જતો રહે છે તેમ એ જીવંત (સદ્‌ગુરુ)ને પોતાની આંખ સામે હરતો ફરતો જોતાં ભવરોગીને અંતરમાં શાંતિ અને સમાધાનનો સંચાર થાય છે."

શ્રદ્ધા કે વિશ્વાસ એમનેએમ નથી જન્મતાં. શ્રદ્ધા કરતાં વિશ્વાસ વધુ અસરકારક છે. ઘેરી શ્રદ્ધા એટલે વિશ્વાસ. નિષ્ઠા એટલે નિતરામ સ્થિતિ.

ગુરુમહારાજમાં રહેલી અનન્ય નિષ્ઠા સંકટ દૂર કરે છે એનો વૈજ્ઞાનિક અભિગમ પણ તપાસવો જોઇએ.

વ્યક્તિ જ્યારે સંકટમાં આવી પડે ત્યારે ગભરાઇ જાય અને એનું મન તાણ અનુભવે. મન ગભરાઇ જાય ત્યારે બુદ્ધિ પણ અસ્થિર થઇ જાય અને તેથી યોગ્ય નિર્ણય ન લઇ શકે. ખોટા નિર્ણયને કારણે પરિણામ પણ વિપરીત જ આવવાનું. આને બદલે ગુરુમહારાજમાં

મનની ત્રણ અવસ્થા છે : જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ.

અનન્ય નિષ્ઠા હોવાને કારણે મન શાંત રહે છે, બુદ્ધિ સ્થિર અને સાત્ત્વિક રહે છે. પરિણામે યોગ્ય નિર્ણયો લેવાય છે અને તેથી એનું સારું પરિણામ આવે છે. ગુરુમહારાજની કર્તુમ્, અકર્તુમ, અન્યથા કર્તુમ્ એવી શક્તિમાં અડગ વિશ્વાસ હોવાથી શિષ્ય છેલ્લે સુધી નિરાશ થતો નથી કે પ્રયત્નો કરવાનું છોડી દેતો નથી.

નારેશ્વરમાં પૂ.શ્રી રંગ અવધૂતજીને સ્થિર કરવામાં જેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તે હરજીવનદાસ સોની(મુ. મૂળીફોઈના પિતાશ્રી)-(દાસકાકા) માંદા પડ્યા હતા ત્યારે પૂ.શ્રી એમના ઘરે પલાંઠી મારીને બેઠા હતા. ગંભીર માંદગી હોવા છતાં પૂ.શ્રીએ ખીચડીમાં ઘી નાખવા જણાવ્યું ત્યારે પૂ.શ્રીની હિંમતે અને એમનામાં રહેલી નિષ્ઠાએ મુ.મૂળીફોઈની પાસે ઘી નખાવ્યું.

નિષ્ઠા એ નિતરામ સ્થિતિ છે. આપણને આપણા ગુરુમહારાજમાં અનન્ય નિષ્ઠા હોય તો વિશ્વ શક્તિ પણ પ્રવાહિત થાય છે અને આપણા માટે કાર્ય કરે છે. આ બધું કેવી રીતે થાય છે એની આપણને સમજ પડતી નથી પરંતુ જેને અનન્ય નિષ્ઠા હોય છે તેણે આ સમજવું જરૂરી પણ નથી. નામદેવની હઠ આગળ લાચાર થઈને ભગવાને દૂધ પીવું પડ્યું. આપણે ગુરુમહારાજને પોકારવામાં-બોલાવવામાં -મોડું કરીએ છીએ, બાકી એ તો આવવા માટે તૈયાર જ હોય છે.

## પુકારનેકી દેર હૈ, આનેકી નહિ |

ગુરુમહારાજ દયાળુ છે, કરુણાના સાગર છે તેથી એના ભક્તની મદદે તરત જ દોડી જાય છે. આપણે ઘણી વાર તર્ક-વિતર્ક કરીને, સંશય સેવીને મદદ માગતા નથી, બાકી અનન્ય નિષ્ઠા રાખીને બૂમ પાડીએ તો ગુરુમહારાજ આપણને સંકટ મુક્ત કરે જ.

જ્યારે મન હિતા નામની નાડીમાં પ્રવેશ કરે છે ત્યારે સ્વપ્ન જુએ છે.

પ્રાગજી મિસ્ત્રીના દીકરાને લાકડાં વહેરવાની કરવતથી કપાતાં આપણા ગુરુમહારાજે બચાવેલા એ કેમ ભૂલાય? પૂ.ગોવિંદકાકાને પરીક્ષાના સમયે જઇને મદદ કરેલી. આવા તો કંઇક પ્રસંગો ટાંકી શકાય.

નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી, કુંવરબાઇનું મામેરું પૂર્યું, મીરાંબાઇનું ઝેર પીધું, દ્રૌપદીનાં ચીર પૂર્યાં, પ્રહ્લાદને હિંમત મળે તે માટે ધગધગતા થાંભલા ઉપર કીડીની હાર ચલાવી અને નૃસિંહરૂપે પ્રગટી પ્રહ્લાદનું રક્ષણ કર્યું. આવાં તો અનેક દષ્ટાંતો ટાંકી શકાય. પરંતુ નિષ્ઠા પામવા માટે આવી લાલચુ વાતો જરૂરી નથી.

માણસ સાત્ત્વિક હોય અને એની બુદ્ધિ શુદ્ધ હોય તો એનામાં નિષ્ઠા પ્રગટે છે. પૂ.બાપજી કહેતા કે, **"ગુજરાતમાં શ્રદ્ધા ઘણી છે પણ નિષ્ઠા ઓછી છે."** નિષ્ઠા વગર પરિણામ મળતું નથી. નિષ્ઠામાં વ્યક્તિ વિચલિત થતી નથી. જ્ઞાન વગર મુક્તિ નથી. જ્ઞાની વ્યક્તિ એક જગ્યાએ સ્થિર થાય છે.

દોહરામાં નિર્ધાર શબ્દ સહેતુક છે. ગુરુમહારાજ અનન્ય નિષ્ઠાવાળાનાં સંકટો અચૂક દૂર કરે જ છે. કોઈને શંકા ન જાગે એટલા માટે નિર્ધાર શબ્દ વાપર્યો છે. માનવીનું મન વિચિત્ર છે. ગ્રહો સીધા હોય ત્યારે એ વાંકો ચાલે અને ગ્રહ વાંકા હોય ત્યારે એ સીધો ચાલે.

નિષ્ઠાનું મહત્ત્વ ઘણું છે. સંતાન પ્રાપ્તિમાં સ્ત્રી અને પુરુષ બંને જરૂરી છે પરંતુ એમાં પણ સ્ત્રીનું મહત્ત્વ વિશેષ છે. નિષ્ઠા એ માતા સમાન છે. માતાની અનુકૂળતા વગર સંતાન જન્મી શકતું નથી. દત્તનામસ્મરણમાં પૂ.શ્રી લખે છે:

**વળી દેહ સહ્યાદ્રિ માહૂર હદ્ ત્યાં,**
**તથા જ્ઞાન અત્રિ સતી એકનિષ્ઠા,**

સ્વપ્ન અવસ્થામાં બધા ખેલ એકલું મન પોતે જ કરતું હોય છે.

**નકી સ્વચ્છ વિજ્ઞાન તે ધામ દત્ત,**
**તરે જન્મ ને મોત ધ્યાતાં જ સંત.**

(દ.ના. ૭૮)

જ્ઞાન અત્રિ(પિતા) છે, નિષ્ઠા અનસૂયા(માતા) છે. આ બંનેનું રહેવાનું સ્થળ માહૂરગઢ (હૃદય) છે. શરીર એ સહ્ય પર્વત (અદ્રિ) છે અને જ્ઞાન તથા નિષ્ઠાને કારણે થતું અનુભવ જ્ઞાન એ દત્ત (પુત્ર) છે.

ઘણી વ્યક્તિઓ સંત પાસે રહેવા છતાં, સેવા કરવા છતાં આધ્યાત્મિક ઉન્નતિ કરી શકતી નથી તેનું કારણ નિષ્ઠાનો અભાવ જ છે. આપણામાં અનન્ય નિષ્ઠા જન્મે તો અડધો સાક્ષાત્કાર થઈ ગયો એમ કહેવાય.

ઈશકૃપા, ગુરુકૃપા અને આત્મકૃપાનો સંગમ આપણામાં અનન્ય નિષ્ઠા જન્માવે એવી ભગવાનને પ્રાર્થના કરીએ. પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે એમના ગુરુમહારાજનું આઠ વર્ષની ઉંમરે એક જ વાર દર્શન કરેલું. છતાં પૂ.શ્રી એમ કહેતા કે ગુરુમહારાજના ખોળામાં મૂકેલું માથું મેં ત્યાંથી ઉઠાવ્યું જ નથી. સ્વામીમહારાજે સ્વપ્નમાં આદેશ આપીને આપણા ગુરુમહારાજ પાસેથી ઘણું કામ લીધું છે.

પૂ.શ્રીના જીવનને આદર્શરૂપ ગણી આપણામાં એકનિષ્ઠા વધે એવી પ્રાર્થના.

જ્યારે મન પુરિત નાડીમાં પ્રવેશ કરે છે ત્યારે સુષુપ્તિ અવસ્થા કહેવાય છે.

# સંકેત : ૨૩

**સેવાથી મા-બાપની અધિક પુણ્ય ના ક્યાંય,**
**કોટિ યજ્ઞ યાગાદિનું પુણ્ય ન ગણત્રીમાંહ્ય.**

(અ.૧૪૦ દો.૬૧)

કથા પ્રસંગ આ પ્રમાણે છે : પંઢરપુરમાં જહ્નુ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. સાત્ત્વિક, સુશીલ, જ્ઞાની અને જિતેન્દ્રિય જહ્નુ અને તેની પત્ની સત્યકી ભગવદ્ ભજનમાં જીવન ગાળતાં હતાં. એમને પુંડલીક નામે એક દીકરો હતો.

સોળ વર્ષે પુંડલીકનાં લગ્ન થયાં. કમનસીબી એવી થઈ કે પુંડલીક નાલાયક નીકળ્યો અને પત્ની સાથે જુદો રહેવા લાગ્યો. બધા જ દુર્ગુણો એનામાં એકઠાં થયાં હતાં. મા-બાપ સાથે ગમે તેમ બોલવું, ભાંડ-ભવૈયામાં રમવું અને વેશ્યાની સોબત કરવી જેવા દુર્ગુણોથી ભરેલું તેનું જીવન હતું. મા-બાપને પણ જીવવું ગમતું ન હતું, પણ શું કરે?

એક વાર યાત્રાળુઓનો એક સંઘ કાશીએ જતો હતો. મા-બાપે પુંડલીકને કહ્યું કે “બેટા ! ચાલ આપણે પણ આ સંઘમાં કાશી જઈએ.” પુંડલીક કહે : “તમે બંને જણ મરી કેમ ના ગયાં? તમારે જવું હોય તો જાવ. હું પણ તમારા જવાથી સુખી થઈશ.” મા-બાપને ખૂબ દુ:ખ થયું. કંટાળીને તેઓ સંઘમાં જતાં રહ્યાં. મા-બાપ ગયાં અને થોડી વારમાં બીજો સંઘ આવ્યો. પુંડલીકે એની પત્નીને કહ્યું કે આપણી પાસે ઘણું ધન છે. ચાલ, જવું છે કાશી? બે ઘોડા લીધા. એક પર પુંડલીક અને બીજા પર એની પત્ની બેઠી.

ઘોડા પર જતાં હતાં એટલે સંઘમાં ચાલતાં ગયેલાં મા-બાપને જોયાં. પુંડલીક એમની મશ્કરી કરતો આગળ જતો રહ્યો. કાશીની

સુષુપ્તિમાં મન તેના કારણ ચૈતન્યમાં લય પામે છે.

પાસે સંઘ આવી પહોંચ્યો ત્યારે પુંડલીક રસ્તો ભૂલી જવાથી કુક્કુટ મુનિના આશ્રમે પહોંચી ગયો. આજે પણ કુક્કુટ મુનિનું સ્મરણ કરવાથી ખરાબ સ્વપ્ન આવતાં નથી. જ્ઞાનમાં બૃહસ્પતિ જેવાં, તેજમાં નારાયણ જેવાં અને તપમાં સાક્ષાત્ શિવ જેવાં કુક્કુટ મુનિના આશ્રમે પુંડલીક આવ્યો.

કુક્કુટ મુનિ માત-પિતાના ભક્ત હતા. મા-બાપની સેવા એ જ એમનું જીવન હતું. માત-પિતાની સેવા કરવી, એમને શાસ્ત્રો વાંચી સંભળાવવાં અને એમને રાજી રાખવામાં જ જીવન વહી જતું હતું. કાશીનગરી પાસે હોવા છતાં ગંગાનાં દર્શને જઇ શક્યા ન હતાં.

બધાં યાત્રિકો રાત્રે સૂઇ ગયાં. મધરાતે પુંડલીકે જોયું તો પિશાચ જેવી ત્રણ સ્ત્રીઓ માથે ગાગર મૂકીને આવતી હતી. એમણે કુક્કુટ મુનિનું આંગણું વાળીઝૂડીને સાફ કર્યું, પાણી છાંટ્યું અને આશ્રમને લીંપ્યો. એની સાથે જ ત્રણેય સ્ત્રી સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતી જેવી સુંદર થઇ ગઇ અને જવા લાગી.

પુંડલીકને ખૂબ જ આશ્ચર્ય થયું. એણે ત્રણે સ્ત્રીઓને પૂછ્યું કે “આપ કોણ છો?” આ ત્રણે સ્ત્રીઓએ કહ્યું કે “તારા જેવા નાલાયક સાથે અમારે વાત કરવી નથી.” પુંડલીકે ચરણ પકડીને કહ્યું કે “હે માતા ! મારો ઉદ્ધાર કરો.” પ્રસન્ન થઈને એ ત્રણે કહ્યું કે “અમે ગંગા, જમના અને સરસ્વતી છીએ. અમારા જળમાં સ્નાન કરીને પાપી પવિત્ર થઇ જાય છે. એ બધું પાપ અમને લાગતાં અમારું મોં પિશાચ જેવું કાળું થઇ જાય છે. પરંતુ અમે અહીં આવીને સેવા કરીએ છીએ એટલે અમારાં પાપ ધોવાઇ જાય છે અને અમે આવી દેવીરૂપ બની જઇએ છીએ.” પુંડલીકે પૂછ્યું કે “કુક્કુટ મુનિએ એવું તે શું પુણ્ય કર્યું છે?” ત્યારે ત્રણે માતાઓએ કહ્યું કે “એમણે આ જન્મે મા-બાપની સેવા કરીને એમને સંતુષ્ટ કર્યાં છે. માતા-પિતાને પૃથ્વી પરના દેવ માનીને એમણે જે સેવા કરી છે તે દિવ્ય છે અને એના

સુષુપ્તિમાં અવસ્થામાં મનનાં બધા ખેલો બંધ થઇ જાય છે.

પુણ્યબળે અમારાં પાપ ધોવાય છે.” આ પ્રસંગના સંદર્ભમાં આ દોહરો લખાયો છે.

“ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ” એવું પુનિત મહારાજનું ભજન જેણે વાંચ્યું હશે એનું અંતર મા-બાપને રાજી કરવાનું સ્વીકારતું હશે. પૂ.બાપજીએ લખ્યું કે : ન માતુ: પર દૈવતમ્ - ‘મા’થી બીજું કોઈ મોટું દૈવત નથી અને માતા માતૈવ કેવલમ્- મા તે મા.

મા-બાપ માટે જેટલું લખાય એટલું ઓછું છે. હિંદુ ધર્મ ચાર જણામાં દેવભાવનું નિરૂપણ કરે છે જેમાં સૌ પ્રથમ માતા છે.

માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ અને અતિથિદેવો ભવના સુંદર આદર્શો અને સંસ્કારો રેડતાં હિંદુધર્મએ ‘મા’નું સ્થાન સૌથી ઊંચું રાખ્યું છે.

આ દોહરામાં પૂ.શ્રી ત્રણ વાત કરે છે. **એક** તો મા-બાપની સેવાનું કામ એ પુણ્યનું કામ છે. **બીજું** એનાથી વધારે પુણ્યનું બીજું કોઈ કાર્ય નથી અને **ત્રીજું** મા-બાપની સેવા દ્વારા મળતા પુણ્યની સામે કરોડો યજ્ઞ-યાગાદિના પુણ્યની કોઈ ગણતરી નથી.

મા-બાપની સેવાનો આ દોહરો એ સ્વસ્થ સમાજ જીવન માટે અતિ આવશ્યક છે. જ્યારે કુટુંબો તૂટતાં જાય છે અને ઘરડાઘરની સંખ્યા વધતી જાય છે ત્યારે આ પ્રદૂષિત વિચારધારાને રોકવામાં આ દોહરો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. **તમારી આંગળી પકડીને જેઓ તમને બાલમંદિરે મૂકવા આવ્યાં હતાં, તેમની આંગળી પકડીને તમે તેમને મંદિરે લઈ જવાનું ભૂલશો નહિ.** આ વાક્ય ઉપદેશાત્મક પણ છે અને કરુણ પરિસ્થિતિ અંગે વર્ણનાત્મક પણ છે.

આજે વિભક્ત કુટુંબમાં બાળકો મા-બાપને સાથે રાખવા કે તેમની સેવા કરવા તૈયાર નથી. મા-બાપની મિલકત જોઈએ છે, પણ મા-બાપ જોઈતાં નથી. **એક મા-બાપ પાંચ દીકરાને પોષી શકે પરંતુ પાંચ દીકરા મોટા થઈને એક મા-બાપને પોષી શકતા**

મન વડે ઉદ્‌ભવેલ દ્વૈતભાવ જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં જ હોય છે.

**નથી** એ કરુણ વાસ્તવિકતા છે.

મા-બાપની સેવા કરવાનું મહત્ત્વ એ છે કે તમને સેવા કરતા જોઈને તમારા સંતાનો તમારી સેવા કરશે.

પૂ.પુનિત મહારાજ લખે છે કે :

**"સંતાનથી સેવા ચહો, સંતાન છો સેવા કરો."**

મા અને બાપ એ આ ધરતી પરના દેવો છે. સમાજ આ પ્રગટ પ્રભુનું આરાધન કરે એ સમાજની તંદુરસ્તી માટે ખૂબ જરૂરી છે. બાળકો સારાં નીકળે એ જ સાચી મૂડી છે.

શ્રીગુણવંત શાહ લખે છે કે **મૃગજળ હોતું નથી પણ દેખાય છે જ્યારે 'મા' ભગવાન છે પણ દેખાતી નથી.** પૂ.મોરારિબાપુ લખે છે કે માતામાં ત્રણ પ્રવાહ છે. જન્મ આપતી વખતે રક્તનો પ્રવાહ, બાળકને ઉછેરવામાં દૂધનો પ્રવાહ અને બાળક માંદું પડે ત્યારે અશ્રુપ્રવાહ. **જે રક્ત વહાવી શકે તે જ વિરક્ત થઈ શકે.**

મા-બાપ પ્રત્યેનો આદરભાવ ટોચ ઉપર દર્શાવવા ગણપતિની કથા વર્ણવવામાં આવે છે. પૃથ્વીની પ્રદક્ષિણા કોણ પહેલું કરે એવી ભગવાન ગણપતિ અને કાર્તિકેય વચ્ચે શરત લાગી. કાર્તિકેય તો મોર પર બેસીને ઊડ્યા. ગણપતિ શું કરે? એમણે મા પાર્વતી અને પિતા શંકરને સાથે બેસાડી ત્રણ પ્રદક્ષિણા કરી અને શરત જીતી લીધી. માત-પિતાની પ્રદક્ષિણા એ પૃથ્વીની જ પ્રદક્ષિણા છે.

માતૃઋણ અને પિતૃઋણમાંથી મુક્ત થવા માટે પણ માત-પિતાની સેવા કરવી જોઈએ. માત-પિતાનું કહેલું માનવું અને તે પ્રમાણે વર્તવું એ મોટી સેવા છે. આપણા મા-બાપની જ નહિ, કોઈનાં પણ મા-બાપની સેવા કરવાની વૃત્તિ હોવી જોઈએ.

જીવતાં માત-પિતાની સેવા ના કરીએ, એમને દુ:ખી કરીએ, ઘરડાઘરમાં મૂકી આવીએ અને પછી મંદિરમાં મૂર્તિની પૂજા કરી ભોગ ધરાવીએ તો ભગવાન કાંઈ રાજી થતો નથી. આ તો ભાગેડુવાદ

(Escapism) છે. પૂ.શ્રી એક ભજનમાં ગાય છે :

**ગંગાદિક તીર્થોમાં ન્હાયા, ડાઘા દિલના ન કદી ધોયા,**
**દુ:ખિયાનાં આંસુ ના લોહ્યાં, તેનું હરિપોથીમાં નામ નથી.**

આજે સમાજમાં મંદિરોની સંખ્યા વધતી જાય છે એનું એક કારણ એ છે કે જેમણે મા-બાપને તરછોડ્યાં છે, સેવા કરી નથી તેઓ પ્રાયશ્ચિતરૂપે મંદિરો બાંધે છે. ખરેખર ઘરને મંદિર બનાવવું જોઇએ તેને બદલે આજે લોકો મંદિરને ઘર બનાવે છે.

શ્રીગુરુલીલામૃતમાં મા-બાપની વંદનારૂપ આવતા કેટલાક દોહરાનું સ્મરણ કરીએ.

- જેની શુભ આશિષથી તર્યો રંગ આ દીન,
  માત-પિતા ચરણે થજો ચિત્ત સદાય વિલીન.
- એક ઘડી સ્તનપાનનો, વળે ન કદી ઉપકાર,
  માતૃવધ ત્રૈલોક્યમાં થશે હન્ત ફિટકાર.
- અહા કષ્ટ માતાતણાં ! કોણ વર્ણવે એહ?
  શબ્દે પણ દુ:ખ આપતાં, જાય રૌરવે તેહ.
- એક ઘડી સ્તનપાનનું દેવું માથે જેહ,
  આપું ત્રિભુવન દાનમાં, તોએ મટે ન તેહ.
- ના પર દૈવત માતથી ! વળે માતૃઋણ કેમ?
  માતા સાક્ષાત્ પાર્વતી, પિતા સદાશિવ તેમ.
- જેમ ઇંદિરા ને હરિ તેવાં મા ને બાપ-
  માની, અહર્નિશ તેમને ભજે એહ નિસ્તાપ.
- માતપિતા પ્રત્યક્ષ છે દેવ ભૂતલે આંહ્ય,
  વેદશાસ્ત્ર એવું કથે, શંકા લેશ ન ત્યાંય.

જે ઘરમાં મા-બાપની સેવા થાય છે, એનું માન જળવાય છે તે ઘરમાં ભગવાન વસતા હોય છે.

આપણા ગુરુમહારાજે આ બાબતમાં એક ઊંચો આદર્શ જીવી બતાવ્યો. એમણે કહ્યું કે **"મારે મન મારી મા એ સુપ્રીમ કોર્ટ છે."** એની આજ્ઞાનું પાલન જ કરવાનું હોય, એની સામે અપીલ હોય જ નહિ. કહેવાયું છે કે : **મારે મન મારી મા મહિલા નથી, મહિમા છે.**

'મા' શબ્દ જોડણીકોશમાં જોવાનો હોતો નથી, એ જીવનકોશમાં જોવાનો હોય છે. ૧૯૬૭માં ભાગવત વિદ્યાપીઠ, સોલાના ખાતમુહૂર્ત વખતે પૂ.કૃષ્ણશંકર શાસ્ત્રી-દાદાજી-એ પૂ.શ્રીરંગ અવધૂતજીને ખાતમુહૂર્ત માટે પધારવાનું નિમંત્રણ આપ્યું. પૂ.માજીની તબિયત સારી રહેતી ન હોવાથી એમણે પૂ.બાપજીને એવી આજ્ઞા કરેલી કે તારે હવે રાત્રી નારેશ્વરમાં જ ગાળવી. આને કારણે પૂ.બાપજીએ શાસ્ત્રીજીને લખ્યું કે "માતાજીની આજ્ઞા છે કે રાત્રી આશ્રમમાં જ ગાળવી. માતૃઆજ્ઞાવશ હું લાચાર છું."

પૂ.બાપજીની મહાનતા એ છે કે તેઓ રાત્રે સોલા જવા નીકળી જાય અને માતાને કશું જ ના થાય એવી શક્તિ ધરાવતા હતા છતાં પોતાની દિવ્ય શક્તિનો પરચો આપીને લોકોને દંગ કરવાને બદલે માતાની આજ્ઞાનું પાલન કરવાનું ઉચિત ધાર્યું.

નારેશ્વરમાં સર્જીકલ કેમ્પ થયો ત્યારે પૂ.શ્રીએ દર્દીઓને એમ કહ્યું હતું કે તમે તમારે નિશ્ચિંત બનીને ઓપરેશન કરાવજો. યમરાજાની તાકાત નથી કે તે નારેશ્વરમાં પગ મૂકે. જે અભયવાણી એમણે દર્દીઓ સમક્ષ ઉચ્ચારી એવી અભયવાણી માતાજી સમક્ષ ના ઉચ્ચારી.

પાદુકા પૂજન બંધ કરી દેવાની પોતાની આજ્ઞાને ભૂલી જઈને વડોદરાથી સંઘ લઈને આવેલા મુ.વિષ્ણુકાકાને પૂ.માતાની આજ્ઞાને કારણે પાદુકા પૂજન કરવા દીધું. મુ.મોદીકાકાને બાપજીએ

અહંકારના નાશ વિના પરમેશ્વરનો સાક્ષાતકાર શક્ય જ નથી.

કહ્યું કે "માજીની આજ્ઞા છે તો આપો." પૂ. બાપજી આટલું બોલ્યા કે : "માજી સામે આપણું શું ચાલે?"

હિંદુધર્મમાં મા-બાપની સેવાનો અનેરો મહિમા છે અને સંતોએ તે જીવી બતાવ્યો છે. એક 'મા'ને રાજી રાખવા માટે પૂ.મોટા (પૂર્વાશ્રમના ચુનીભાઇ)એ લગ્ન કર્યાં હતાં.

**યે મા, તેરી સૂરતસે અલગ ભગવાનકી સૂરત ક્યા હોગી?** એ 'મા'ને અપાયેલી શ્રેષ્ઠ અંજલિ છે.

**મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,**
**એથી મીઠી તે મોરી માત રે,**
**જનનીની જોડ સખી નહિ જડે રે લોલ.**

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને મા-બાપની સેવા દ્વારા જીવનને સુખી બનાવવાનો સંકેત આપે છે. જે જનેતાની સેવા ના કરી શકે તે જનતાની સેવા શું કરવાનો? આપણા જીવનને મહેકતું કરવા માટે આપણે સંકેતને ઝીલીએ અને જીવીએ એ જ રંગ જન્મ શતાબ્દી નિમિત્તે પૂ.શ્રીનું કરેલું સાચું પૂજન બની રહેશે.

# સંકેત : ૨૪

**શ્રદ્ધા ચાહે સો કરે, ના એમાં સંદેહ;**
**શ્રદ્ધા વિણ સઘળું વૃથા જાણ નિશ્ચયે તેહ.**

(અ.૧૪૧ દો.૮૭)

વડોદરામાં આનંદરાવ શિંદે કરીને નોંધણી કામદાર રહેતો હતો. તે સ્વામીમહારાજનો ભક્ત હતો. એને સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો. એને પહેલાં ખૂબ કફ પડતો હતો અને એમાંથી એને ક્ષય રોગ લાગુ પડ્યો. દવા કરવા છતાં મટ્યો નહિ. દાક્તરોએ તો ચાર-પાંચ દિવસનું આયુષ્ય જણાવી વતન જતા રહેવા સૂચવ્યું.

જીવનથી હારેલા શિંદેએ પ્રભુનાં ચરણે શીશ ઝૂકાવ્યું. રાત્રે દત્તપ્રભુએ સ્વપ્નમાં જણાવ્યું કે તું વાડી જા અને ત્યાં ગાંડાને અને સ્વામીમહારાજને મળ. ભત્રીજાને પુનાથી લઈ વાડી આવેલા શિંદેને સ્વામીમહારાજે  પૂછ્યું કે એવો તે દેવનો શું અપરાધ કર્યો છે? શિંદેએ બધી વાત કરી અને ભગવાનની આજ્ઞા છતાં અને પૂ.ગાંડા બુવાના સહકાર છતાં દેવને રીઝવી ના શક્યો તે વાત કરી.

સ્વામીમહારાજે શિંદેને કહ્યું કે તું પાદુકા પાસે જઈ અપરાધની માફી માગ અને મહાપૂજાની બાધા રાખ. સ્વામીમહારાજે ગાંડાબુવાને આજ્ઞા કરી કે તું એને સંગ્રહણીની દવા બતાવ. ગાંડા મહારાજે શિંદેને કહ્યું કે ચાર માસા (વજનનું એક માપ) ચિત્રાનું મૂળિયું છાસમાં ઘસી ભાત સાથે ખાવ. એ પ્રમાણે કરતાં શિંદેનો રોગ ગયો. આ સંદર્ભમાં ઉપરનો દોહરો લખાયો  છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી શ્રદ્ધાનું મહત્ત્વ સમજાવે છે અને શ્રદ્ધા વગરનું જીવન નકામું છે એમ જણાવે છે. ગોસ્વામી તુલસીદાસજી શ્રદ્ધા અને વિશ્વાસને શંકર-પાર્વતી સાથે સરખાવે છે.

માણસ પોતે જ પોતાનો મિત્ર છે અને દુશ્મન પણ છે.

**ભવાની શંકરૌ વંદે શ્રદ્ધા-વિશ્વાસરૂપીણૌ ।**
**યાભ્યાં વિના ન પશ્યન્તિ સિદ્ધાઃ સ્વાન્તઃસ્થમીશ્વરમ્ ॥**

શ્રદ્ધા અને વિશ્વાસ એ જીવન નૈયાને ભવસાગર પાર કરવામાં મદદરૂપ બનતાં હલેસાં છે. શ્રદ્ધા અને વિશ્વાસ એ માનવીરૂપી પક્ષીની પાંખો છે. બે પાંખો વગર પક્ષી ઊડી ના શકે, બે હલેસાં વિના નાવ ગતિ ન કરી શકે તેમ શ્રદ્ધા અને વિશ્વાસ વિના સારું જીવન ના જીવી શકાય.

જીવન જીવવા માટે શ્રદ્ધા પ્રેરણારૂપ છે. એ જુસ્સો વધારે છે અને વર્તમાન અંધારામાં પણ ટકી રહેવાનું મનોબળ પૂરું પાડે છે.

માનવીના જીવનમાંથી શ્રદ્ધા અને વિશ્વાસની બાદબાકી કરીએ તો શું રહે? માનવીનું જીવન 'શ્વાસ' અને 'વિશ્વાસથી' જ ચાલે છે. 'મા' બાળકને કહે કે આ તારા પપ્પા છે એટલે બાળક સ્વીકારી લે છે, પુરાવો નથી માગતો. શ્રદ્ધા એ સ્વીકારી લેવાની વસ્તુ છે. એને હૃદય સાથે સંબંધ છે. એમાં તર્ક લડાવવાનો હોતો નથી કે બુદ્ધિ ચલાવવાની હોતી નથી.

**કાચા ઘટમાં ના ટકે, પાણી જેમ સુજાણ;**
**તેમ ભક્તિ-શ્રદ્ધા વિના, કાચો રંગ પ્રમાણ !!**

(અ.૪૭ દો.૧૨૦)

એક જ ગુરુ એક જ મંત્ર બે શિષ્યોને આપે છતાં બંનેની શ્રદ્ધા જુદી જુદી હોવાથી તેમને જુદું જુદું ફળ મળે છે.

**અનુષ્ઠાનકર્તા તથા હોય શ્રદ્ધાળુ જાણ,**
**તો જ ફલપ્રદ મંત્ર એ; નહિ તો નિરર્થ માન.**

(અ.૧૧૨ દો.૨૫)

સલૂનમાં દાઢી કરાવવા બેઠેલો માણસ વાળંદના હાથમાં ધારદાર અસ્ત્રો જુએ છે છતાં ગભરાતો નથી. કારણ કે એને શ્રદ્ધા છે

સારો વિચાર વિચાર કરનારને, સામી વ્યક્તિને અને માનવજાતને માટે ફાયદારૂપ છે.

કે હજામ દાઢી જ કરશે, ગળું નહિ કાપે. શ્રદ્ધામાં મડદું બેઠું કરવાની શક્તિ છે.

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે પાતળી ભેદરેખા છે. શ્રદ્ધામાંથી અંધશ્રદ્ધામાં ના સરી પડાય તેની સતત જાગૃતિ રાખવાની છે. શ્રદ્ધામાં મહાન વ્યક્તિના વચનનો સ્વીકાર છે. અંધશ્રદ્ધામાં લોભને કારણે લે-ભાગુ કે કહેવાતા મોટા માણસના વચનમાં જડ વિશ્વાસ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે : "**સંશયાત્મા વિનશ્યતિ**" અને "**શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં.**" શ્રદ્ધા એ ભક્તિનો પાયો છે. આકરા અને કપરા સંજોગોમાં શ્રદ્ધા માણસને જીવન જીવવાનું બળ પૂરું પાડે છે. બધું સારું થશે એવી આશા રાખો એમ કહેવામાં વિધેયાત્મક વલણનો જ સ્વીકાર છે. શ્રદ્ધા પ્રેરક બળ છે, ચાલક બળ છે અને કપરા સંજોગોમાં ટકી રહેવાની હિંમત આપે છે.

શાસ્ત્રના કથનમાં, સંતના વચનમાં અને ગુરુના પ્રવચનમાં અડગ શ્રદ્ધા હશે તો વ્યક્તિ ગમે તેવા સંજોગોમાંથી પણ જીવનનૈયાને કિનારે લઈ આવશે.

શ્રદ્ધાનું મહત્ત્વ પ્રગટ કરતું એક દૃષ્ટાંત જાણવા જેવું છે.

એક ભાઈ ઘણા દિવસથી માંદગીના બિછાને હતા. ધીરે ધીરે તબિયત બગડતી જતી હતી. જે ઓરડામાં સૂતા હતા તે ઓરડાની સામે આવેલી ગેલેરીમાં કૂંડાં હતાં અને એમાં તુલસી અને ફૂલના છોડ રોપ્યા હતા. કૂંડાંની પાછળ દીવાલ હતી. આ દીવાલ અને કૂંડાં માંદા માણસને દેખાતાં હતાં. એના મનમાં એવી શ્રદ્ધા હતી કે જ્યાં સુધી તુલસીના છોડ પર પાન હશે ત્યાં સુધી હું જીવીશ. તુલસીના છોડ પર એક પણ પાન નહિ હોય ત્યારે પોતે જીવતો નહિ હોય એવી ગાંઠ પણ વાળી હતી. એનો મિત્ર આ વાત જાણતો હતો. ચોમાસાના દિવસોમાં એક વાર ભયંકર વાવાઝોડું આવ્યું અને વરસાદ ચાલુ થયો.

સૂર્ય ઢંકાઈ ગયો. માંદો માણસ તો તુલસીના છોડને જ જોયા કરે. ભયંકર વાવાઝોડામાં હવે તુલસીનાં બધાં પાન ખરી પડશે અને પોતે મરી જશે એવી કલ્પના મનમાં આવી. પરંતુ ભારે વાવાઝોડું અને વરસાદ હોવા છતાં તુલસીના છોડ પર ત્રણ પાંદડાં ટકી રહ્યાં હતાં. આ જોઈને માંદગીના બિછાને વિરાજેલી વ્યક્તિને થયું કે ભગવાન મને જીવાડવા માગે છે અને એ શ્રદ્ધાને જોરે સ્વસ્થ થઇ ગયો.

સ્વસ્થ થયા પછી એના મિત્રે પૂછ્યું કે કઇ શ્રદ્ધાના બળે તું જીવતો રહ્યો? મિત્રએ તુલસીના છોડ ઉપરનાં પાંદડાંની વાત કરી. મિત્ર એને તુલસીનાં કૂંડાં પાસે લઈ ગયો અને એને છોડ બતાવ્યો. એ છોડ પર તુલસીનું એક પણ પાન ન હતું. પરંતુ મિત્રને ખબર હતી એટલે એણે દિવાલ પર ઓઈલ પેઈન્ટથી ત્રણ પાંદડાં ચિતર્યાં હતાં. આ ચિતરેલાં પાંદડાંને સાચાં પાંદડાં માની શ્રદ્ધાના બળે જીવી ગયો.

આ દોહરા દ્વારા ગુરુમહારાજ જીવન શ્રદ્ધાથી હર્યુંભર્યું બનાવવાનો આપણને સંકેત આપે છે. “શ્રદ્ધા ચાહે સો કરે” એ કથન અનુસાર અશક્યને શક્ય બનાવવાની તાકાત શ્રદ્ધામાં છે.

સવારના પહોરમાં બચ્ચાને માળામાં મૂકી ચણ ચણવા ઊડતાં પંખીમાં બચ્ચાને શ્રદ્ધા છે કે સાંજે આ મા-બાપ ચાંચમાં ચણ લઈને અમારી પાસે પાછાં આવશે અને અમને ખાવાનું આપશે. આવી શ્રદ્ધા ના હોય તો? બાળકનો ઉછેર કરતાં મા-બાપને એવી શ્રદ્ધા છે કે ઘડપણમાં બાળકો અમને પાળશે.

ખેતરમાં વાવણી કરતા ખેડૂતને ભગવાનમાં શ્રદ્ધા છે કે વરસાદ આવશે અને એક કણમાંથી અનેક કણથી ભરેલાં કણસલાં તૈયાર થશે. ટ્રેનમાં મુસાફરી કરતાં મુસાફરને શ્રદ્ધા છે, વિશ્વાસ છે કે રાત્રે બધા સૂઈ જશે પણ એન્જિન ડ્રાઈવર તો નહિ જ સૂઈ જાય.

મંત્ર, તીર્થ, બ્રાહ્મણ, દેવ, વૈદ્ય, જ્યોતિષી અને ગુરુમાં જેને જેવી ભાવના હોય, જેવી શ્રદ્ધા હોય તેવી તેને સિદ્ધિ મળે છે.

સારા વિચારો કરો અને સારા વિચાર કરનારની સોબત કરો.

**મંત્ર તીર્થ દ્વિજ દેવ ને વૈદ્ય ગણક ગુરુમાંહ્ય,**
**જેવી જેની ભાવના તેવી સિદ્ધિ થાય.**

આ દોહરામાં ગુરુમહારાજ યોગ્ય જગ્યાએ અડગ શ્રદ્ધા રાખવાનો સંકેત આપે છે. શ્રદ્ધા વિના માણસ પાંગળો છે. પાર્વતી એ શ્રદ્ધાનું પ્રતિક છે અને એના વિના ભગવાન શંકરની પ્રાપ્તિ થતી નથી.

આપણા ગુરુમહારાજમાં અનન્ય અને અડગ શ્રદ્ધા રાખનાર અનેક ભકતોના જીવનને પૂ.શ્રીએ સુખથી હર્યું ભર્યું બનાવ્યું છે. અછાલિયાના ભકત શ્રીરાવ પૂ.શ્રીમાં અડગ શ્રદ્ધા રાખીને જ જીવન જીવી ગયા અને જીતી ગયા.

આ સંકેત દ્વારા ગુરુમહારાજ આપણને અડગ અને ઊંડી શ્રદ્ધા રાખવાનો સંકેત આપે છે. આપણે એક માત્ર શ્રદ્ધાના બળે સાચું જીવન જીવીશું તો જીવનમાં પસ્તાવાના દિવસો નહિ આવે.

□

ગુરુસેવા જેવું ત્રિભુવનમાંહી સાધન નથી.
ગુરુસેવા જેવું પ્રગટ પ્રભુ આરાધન નથી.
ગુરુસેવા જેવું ફલદ વ્રત ઉદ્યાપન નથી.
ગુરુસેવા જેવું ઈતર હૃદયાશ્વાસન નથી.

# સંકેત : ૨૫

**વસ્તુમાત્ર સત્પુરુષની એવી પવિત્ર આંહ્ય;**
**સેવનથી જેના તથા પૂર્ણ કામના થાય !**

(અ.૧૪૩ દો.૭૯)

પૂ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજ ફરતાં ફરતાં કુરવપુરમાં આવી પહોંચ્યા. પરંતુ ત્યાંના પૂજારીઓનો શૂદ્રાચાર જોઈને સ્થાન છોડવાનો સ્વામીમહારાજ જ્યાં વિચાર કરે છે ત્યાં જ દત્તપ્રભુએ આજ્ઞા કરી કે અહીં જ ચાતુર્માસ કરો. પૂજારીનો આચાર ઠીક નથી પણ દ્રવ્યશુદ્ધિ ઘણી છે તેથી અહીં રોજે રોજ જુદા જુદા પૂજારીને ઘરે જઈને ભિક્ષા લો.

કુરવપુરમાં શ્રીદત્તભગવાન ભિક્ષા લેતા હતા. આ દત્ત સ્થાનમાં દત્તાવતારી સ્વામીમહારાજ પધાર્યા. ભક્તોની ઠઠ જામવા માંડી.

તુળજારામ પતંગે નામનો રાયચુરનો એક શેઠિયો આવીને રહ્યો હતો. તે શ્રીમંત હતો. તેની પત્નીને અને પુત્રવધૂને પિશાચ પીડા હતી. દર્શનાર્થે આવતાં તમામ ભકતની જમવાની વ્યવસ્થા આ શેઠિયો કરતો હતો. સંન્યાસીનું ચોમાસું ગુરુદ્વાદશી (વાઘબારસ)ના રોજ પૂરું થતું હોવાથી ગુરુમહારાજે કુરવપુર છોડવાની તૈયારી કરી ત્યારે શેઠિયો સ્વામીમહારાજને પગે લાગ્યો અને બધી વાત કહી સંભળાવી પણ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજ કશું બોલ્યા નહિ. આથી નિરાશ થયેલો વાણિયો ગાંડાબુવાને મળ્યો અને બધી વાત કરી.

ગાંડા મહારાજે સ્વામી મહારાજ જે કોથળા પર સૂતા હતા તે કોથળો શેઠિયાને આપી દીધો. તેનું પૂજન કરવા કહ્યું અને પત્ની

અને પુત્રવધૂને પિશાચપીડા થાય ત્યારે કોથળાનો એક છેડો પાણીથી ધોઈ એ પાણી બંને સ્ત્રીઓને આપવાનું કહ્યું.

ગાંડાબુવાની આજ્ઞા પ્રમાણે વર્તતાં બંને સ્ત્રીઓ પિશાચ પીડામાંથી મુક્ત થઈ. આ દોહરો આ પ્રસંગના સંદર્ભમાં લખાયો છે.

આ દોહરામાં પૂ.શ્રી આપણું બે વસ્તુ પ્રત્યે ધ્યાન દોરે છે.

**એક** તો સત્પુરુષે વાપરેલી કોઈ પણ વસ્તુ પવિત્ર હોય છે અને **બીજું** એના સેવનથી આપણી ઈચ્છા પૂર્ણ થાય છે.

સ્પર્શનો મહિમા કેવો છે અને કેટલો છે તેનું વર્ણન આ દોહરા દ્વારા થયું છે. અંધજનોની બ્રેઈલ લિપિમાં સ્પર્શ દ્વારા જ અક્ષરજ્ઞાન આપવામાં આવે છે. જે લોકો જોઈ શકતા નથી તેઓ સ્પર્શ દ્વારા અક્ષર ઓળખીને વાંચન કરે છે.

જો રમતવીરો કે એક્ટર, એક્ટ્રેસે વાપરેલી વસ્તુનું વેચાણ માતબર રકમ ઉપજાવી શકતું હોય તો સત્પુરુષોએ વાપરેલી વસ્તુ ઈચ્છા પૂર્ણ કરે એમાં શું નવાઈ?

સ્પર્શનું વિજ્ઞાન ધર્મ દ્વારા રજૂ થાય ત્યારે ટીકા થાય છે પરંતુ એ જ વાત જ્યારે વિજ્ઞાન દ્વારા રજૂ થાય ત્યારે કાંઈ નવું શોધાયાનો આનંદ થાય છે.

હાથી પોતાના કુટુંબની સાથે જ ફરતો હોય છે. સમૂહમાં ફરતાં હાથીઓ સૂંઢ વડે એક બીજાનો સ્પર્શ કરીને સલામતીનો અનુભવ કરે છે. આજનું સંચાલનનું શાસ્ત્ર (Science of Management) કર્મચારીને પ્રોત્સાહિત કરવા માટે સ્પર્શની અસરકારકતાનો સ્વીકાર કરે છે. કર્મચારીના ખભે હાથ મૂકીને અભિનંદન આપવાથી અથવા વાત કરવાથી વધુ આત્મીયતા કેળવાય છે.

યોગીજનો સ્પર્શ દ્વારા પણ શક્તિપાત કરતા હોય છે. પોતાનામાં રહેલી શક્તિનું સ્પર્શ દ્વારા સામી વ્યક્તિમાં સંક્રમણ થઈ શકે છે.

સિદ્ધપુરના પ્રસિદ્ધ સંત પૂ.દેવશંકર બાપા કોઈને સ્પર્શ નો'તા કરતા. એટલું જ નહિ પરંતુ કોઈ પ્રસાદ દઈ જાય તો એના ઉપરનો સૂતરનો દોરો પણ દૂર કર્યા પછી જ એમની સમક્ષ પ્રસાદ મૂકવામાં આવતો. સ્પર્શની અસર દૂરગામી છે. સ્પર્શ દ્વારા વિષયોનું સેવન થઈ શકે છે. આંખ દ્વારા રૂપ અને ચામડી દ્વારા સ્પર્શનો વિષય સંતોષાય છે. ચુંબન કે આલિંગન દ્વારા વ્યક્તિ જે લાગણી અનુભવે છે તે સ્પર્શનો મહિમા સૂચવે છે. આવા સ્પર્શ દ્વારા માનવીના શરીરમાં લાગણીનો પ્રવાહ કેવો ઊભરાય છે, એનાં અંગો પર કેવી અસર થાય છે તે બધા જાણે છે.

કોઈ વ્યક્તિ મૂગો હોય અને આંધળો હોય તો એનો જીવન વ્યવહાર સ્પર્શ દ્વારા જ થતો હોય છે. કામવાસનાના સંતોષમાં સ્પર્શના મહિમાનો જ સ્વીકાર છે.

જો સ્પર્શનો આવો મહિમા હોય તો પછી સત્પુરુષોએ વાપરેલી વસ્તુના સ્પર્શનો મહિમા કેવો હશે? સ્પર્શ દ્વારા પ્રવાહિત થતાં આંદોલનો એ વસ્તુને પણ અસર કરે છે. જે ભૂમિમાં સંતે તપ કર્યું હોય, જે ભૂમિ પર સંત વિચર્યા હોય એ ભૂમિની ધૂળ પવિત્ર ગણાય છે અને તેથી હજારો વર્ષ પછી પણ વ્રજરજને માથે ચઢાવવામાં આવે છે અને આવાં તીર્થોમાં વ્યક્તિ પગરખાં પહેર્યા વિના ખુલ્લા પગે ફરે છે જેથી એ પવિત્ર રજનો એને સ્પર્શ થાય અને એ પવિત્ર આંદોલનો એનામાં પ્રવાહિત થાય.

સત્પુરુષ એટલે સત્ તત્ત્વને પામી ગયેલો પુરુષ. જેણે સત્ તત્ત્વ પારખી લીધું છે એવા દિવ્ય પુરુષે પહેરેલાં વસ્ત્રો કે વાપરેલી વસ્તુ અતિ પવિત્ર ગણાય એમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. એનું સેવન કરનાર ભાવિક અને શ્રદ્ધાળુ હોવો જોઈએ. આપણા હિંદુધર્મમાં ચરણ સ્પર્શનો મહિમા ઘણો છે. રામાયણમાં ગૌતમઋષિની પત્ની અહલ્યા પતિના શાપને કારણે શલ્યા (પથ્થર) થઈ ગઈ હતી.

ભગવાન રામના ચરણના સ્પર્શથી એ પાછી અહલ્યા થઈ. ગોસ્વામી તુલસીદાસજી તો ચરણસ્પર્શને છોડીને ચરણની રજ (ધૂળ)ના સ્પર્શથી શલ્યા અહલ્યા બની એવું જણાવે છે. ભગવાન રામચંદ્રના ચરણની રજ પવનથી ઊડીને શલ્યાને સ્પર્શે અને પરિણામે શલ્યા અહલ્યા બને એ કલ્પના જ કેવી રોમાંચક છે !

સામાન્ય વ્યક્તિ એનાં છીછરાં જ્ઞાનથી સત્પુરુષોને અને એની દિવ્યતાને કેવી રીતે સમજી શકે? વર્ષો પહેલાં અંગ્રેજ લેખક H.G.Wells દ્વારા લખાયેલું પુસ્તક Joueney to the Moonમાં આવતું વર્ણન એ વખતે કાલ્પનિક મનાતું હતું. પરંતુ અમેરિકાએ જ્યારે ચંદ્ર ઉપર માનવી ઉતારવા માટેનું સંશોધન શરૂ કર્યું અને માનવીને ઉતાર્યો ત્યારે ચંદ્ર ઉપરની મુસાફરીની વાસ્તવિકતા H.G.Wellsના વર્ણન સાથે ઘણી રીતે સરખાપણું ધરાવતી હતી. જેમ આપણા ઋષિ મુનિઓ આર્ષદ્દષ્ટા હતા એ રીતે આવા લેખકોની કલ્પના એ કેવળ કલ્પના નથી હોતી, કલ્પનાથી કંઈક વિશેષ હોય છે. ઘણી વ્યક્તિઓમાં છઠ્ઠી ઈન્દ્રિય (Sixth Sense) વિકાસ પામેલી હોય છે અને તેથી એમને ભવિષ્યમાં બનવાના બનાવોનું બનાવ બને તે પહેલાં જ્ઞાન થઈ જાય છે.

દેહદમન અને મનોશમન દ્વારા પોતાની શક્તિ ખીલવનારાં સત્પુરુષોનો દેહ બહારથી આપણા દેહ જેવો જ હોય છે પરંતુ અંદરથી ઘણો જુદો હોય છે.

અણિમા, મહિમા, ગરિમા અને લઘિમા એ ચાર દેહસિદ્ધિઓ અને પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિતા અને વશિતા જેવી અન્ય ચાર સિદ્ધિઓ એમ અષ્ટસિદ્ધિને પ્રાપ્ત કરનાર સિદ્ધ પુરુષો કરતાં પણ સત્પુરુષો ઊંચા સ્થાને વિરાજે છે. સિદ્ધ પુરુષની સિદ્ધિની વાત સાંભળતાં કાં તો અહોભાવ જાગે કાં તો જૂઠાણું લાગે પરંતુ એ નરી વાસ્તવિકતા છે એ ના ભૂલવું જોઈએ.

મનકો બિન મારે ગોસાંઈ મિલે ન કબહૂ ભાઈ.

પોતાના આસન પર બેઠા બેઠા હજારો માઈલ દૂર આવેલી વ્યક્તિને સ્પર્શવું એ પ્રાપ્તિ સિદ્ધિ છે. હનુમાનજી લંકા જતા હતા ત્યારે સુરસા રાક્ષસી સાથે પહેલાં મહિમા સિદ્ધિનો અને પછી અણિમા સિદ્ધિનો પ્રયોગ કરે છે.

જાગ્રત અને સુષુપ્ત એમ બે પ્રકારના મનમાં સુષુપ્ત મનનો સૂઝ સમજથી ઉપયોગ કરવામાં આવે તો એ વ્યક્તિનાં ઘણાં કામો કરી આપે છે. સુષુપ્ત મન એ માનવીનો આજ્ઞાંકિત નોકર છે. માનસશાસ્ત્રીની આ વાત સામાન્ય વ્યક્તિ ક્યાંથી સમજી શકે? આપણે સ્થૂળ શરીરને જોઈ શકીએ છીએ એટલે શરીર એટલે સ્થૂળ શરીર એવો જ અર્થ કરીએ છીએ. પરંતુ સૂક્ષ્મ શરીરની અને એની શક્તિની આપણને જાણકારી નથી. યોગી પુરુષો પોતાનું શરીર એક જગ્યાએ હોવા છતાં બીજી જગ્યાએ સૂક્ષ્મ શરીરથી કાર્ય કરતા હોય છે. પ્રકૃતિ સાથેનું એમનું તાદાત્મ્ય એવું હોય છે કે પ્રકૃતિ એમને અનુકૂળ થાય છે.

ઝેરી સાપ સાથે રહેનારાને જોયા પછી આપણને ખ્યાલ આવે છે કે આપણે જે કાંઈ જાણીએ છીએ એનાથી અનેક ગણું જાણવાનું બાકી રહે છે. મહાસાગરના એક બિંદુ જેવું આપણું જ્ઞાન છે. કોમ્પ્યુટરના આગમન પછી જુદા જુદા સ્થળે થતા રેલવેના રિઝર્વેશનની પ્રક્રિયા આશ્ચર્ય પમાડે છે, છતાં હકીકત છે. વિજ્ઞાને કોમ્પ્યુટરનો જે ઉપયોગ કર્યો છે તે કલ્પનાથી પર છે.

જો વિજ્ઞાનીઓ આ બધું કરી શકતાં હોય તો સત્પુરુષો શું ના કરી શકે? પૂ.જગદ્‌ગુરુ શંકરાચાર્યએ કરેલો પરકાયા પ્રવેશ એ કલ્પના નથી. પૂ.ગાંધીજી તેમને કોઈ મળવા આવવાનું હોય અને આવવાની પાંચ મિનિટ બાકી હોય તો એ દરમ્યાન ઊંઘી જઈ શકતાં હતાં. મનનાં સંકલ્પો દ્વારા વ્યક્તિ ઘણું કરી શકે. સંકલ્પ બળ એ શ્રેષ્ઠ બળ છે.

રે મન! મસ્ત સદા દિલ રહેના, આન પડે સો સહેના.

સત્પુરુષે વાપરેલી વસ્તુ માત્ર એ આપણાં શ્રદ્ધાનાં કેન્દ્રો છે. મુસલમાન માટે "હઝરત બાલ" એ શ્રદ્ધાનું કેન્દ્ર છે. સંતરામ મંદિર, નડિયાદમાં "જ્યોત"નાં દર્શન કરવાના હોય છે. એ જ્યોત એ ભક્તની શ્રદ્ધાનું કેન્દ્ર છે. અવધૂત પરિવારમાં પૂ.શ્રીએ પહેરેલી કે સ્પર્શ કરેલી પાદુકા એ શ્રદ્ધાનું કેન્દ્ર છે અને શ્રદ્ધા હોય તો શું ન થાય? "શ્રદ્ધા ચાહે સો કરે" એ વિધાન તદ્દન સત્ય જ છે.

જ્યારે સત્પુરુષ દેહની લીલા સંકેલી લે છે ત્યારે તે પોતાનું તેજ, પોતાની શક્તિ, પોતાની વાપરેલી વસ્તુ જેવી કે પાદુકા અથવા ભગવદ્‌ગ્રંથોની રચના કરીને તેમાં મૂકે છે. એ રીતે જોતાં શ્રીગુરુલીલામૃત એ પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે લખેલું પુસ્તક નથી પરંતુ એમના દ્વારા લખાયેલો વિરલ ગ્રંથ છે અને એમાં એમણે પોતાનાં તપનું તેજ રેડ્યું છે. તેથી એ પવિત્ર છે અને અભણ વ્યક્તિઓ એ ગ્રંથની પ્રદક્ષિણા કરીને પોતાની મનોકામના સિદ્ધ કરે છે.

આ દોહરા દ્વારા પૂ.શ્રી આપણને સત્પુરુષોએ વાપરેલી વસ્તુને દિવ્ય ગણી, તેની જાળવણી કરવાનો સંકેત આપે છે. પૂ.શ્રી ડોંગરે મહારાજ કહેતા કે **તુલસી એ છોડ નથી, ગાય એ પશુ નથી, ગંગા એ નદી નથી અને ભાગવત એ પુસ્તક નથી.** ટૂંકમાં એમાં દિવ્યતા છે અને આપણે એ દિવ્યતાને પિછાની એને સાચવવાની છે, એનો લાભ ઉઠાવવાનો છે. નારેશ્વરમાં જે લીમડાની નીચે પૂ.શ્રી વર્ષો સુધી બિરાજતા હતાં એ લીમડો એ વૃક્ષ નથી પણ આપણા માટે પૂ.શ્રીની પવિત્ર સ્મૃતિ છે. આવી સ્મૃતિને જીવની જેમ જાળવવાનો, જતન કરવાનો સંકેત છે. ગુરુમહારાજે વાપરેલી વસ્તુઓ એ જડીબુટ્ટી કે પારસમણિથી પણ વધુ કિંમતી છે.

ભરવાડ પારસમણિની કિંમત ન જાણે અને તેથી બકરીના ગળે બાંધે તો એમાં ભરવાડની દયા જ જાણવાની રહે. પૂ.બાપજીએ આપણને આપેલો દિવ્ય વસ્તુનો અમર વારસો જાળવીએ એ જરૂરી છે.

પૂ.પ્રેમ અવધૂતજીએ લીંચમાં આવો અમર વારસો જાળવ્યો છે. પૂ.શ્રીના માથાના વાળ અને નખ ૐ આકારમાં ગૂંથીને સાચવ્યા છે. હાથના નખનું મહત્ત્વ તો ખરું જ પરંતુ એની પાછળ રહેલી દિવ્ય લીલાનું મહત્ત્વ તો અનેક ગણું. પૂ.ગોવિંદકાકાએ કરેલી અને પૂ.પ્રેમ અવધૂતજીનું સમર્થન પામેલી આ લીલા છે. પ.પૂ.રંગ અવધૂતજીનો પોરમાં મુકામ હતો ત્યારે એમના નખ કાપતાં કાપતાં પૂ.ગોવિંદકાકાને નખ સાચવવાનો વિચાર આવ્યો. પરંતુ ત્યાં તો પૂ.શ્રીએ નખ નદીમાં પધરાવી દેવાનો હુકમ કર્યો. ગોવિંદકાકા નખ પધરાવવા ગયા પણ મનમાં ઇચ્છા એવી કે ચોરી છૂપીથી સાચવી રાખવાં. ત્યાં તો પૂ.બાપજીએ એવો હાકોટો કર્યો કે "ગોવિંદ ! નખ પધરાવી દીધા કે?" અને ગોવિંદકાકાની ઇચ્છા હોવા છતાં નખ સાચવી શક્યા નહિ. ત્યારે બીજી બાજુ પૂ.શ્રી લીંચમાં હતા અને મુ.બચુભાઇ (હાલના પૂ.પ્રેમ અવધૂતજી) નખ કાપતા હતા ત્યાં બાપજીએ સામેથી કહ્યું કે તારે નખ સાચવવા હોય તો સાચવ. પૂ.શ્રીએ વાપરેલું પોર્ટેબલ સંડાસ પણ લીંચમાં સચવાયું છે. મુ.બચુભાઈ એટલે પૂ.રંગ અવધૂતજીનું મન એમ અમસ્તું કહેવાયું હશે? લીંચ એટલે મિનિ નારેશ્વર. લીંચ એટલે રંગનું ગોકુળિયું. લીંચ એટલે ડાકોર અને પૂ.શ્રી એટલે રાજા રણછોડ. આવી અનેક વાતોનો સાર જ એ કે પૂ.શ્રીની સ્પર્શ પામેલી દિવ્ય વસ્તુઓનું જતન કરીએ જ; પણ એમની દિવ્ય વાણી અને દિવ્ય વિચારધારાનું પણ જતન કરીએ અને એને અનુસરવાનો પ્રયત્ન કરીએ.

ગુરુમહારાજ આને માટે આપણને મતિ અને ગતિ આપે એવી શુભ પ્રાર્થના. પૂ.શ્રીનાં સ્મૃતિ ચિહ્નોની સાચવણીનું કાર્ય એ જ આપણી ઉપાસના બની રહો.

# સાચી ઉપાસના

કહે ઠાકોરજી સૂણ પૂજારી દુઃખ હૃદયનું મારું રે
તારી પૂજા કેમ સ્વીકારૂં?

કરે દૂધનો અભિષેક ને અત્તરથી નવરાવે,
દૂધ વિના ટળવળતાં બાળની કેમ દયા ના તને આવે રે?
... તારી પૂજા.

ગુલાબ, ચંપો, મોગરા કેરી માળ લાવે તું મારે માટે,
વસ્ત્ર વિનાના વૃદ્ધજનોની કાયા કેમ ના ઢાંકે રે ... તારી?

રોજ રોજ તું નવા નવા પકવાન મને રે ધરાવે,
ભૂખ્યા જનોના પેટ જોઈને મને ખાવાનું નહિ ભાવે રે ... તારી

તને ગમે તે કર્યા કરે તું મને ગમે તે નથી કરતો,
દેવને આગળ રાખી પૂજારી તારી તિજોરી તું ભરતો ... તારી

દેવે દીધું તે દઈ બીજાને આંતરડી જો તું ઠારે,
કહે ઠાકોરજી સૂણ **ગણુ પાપી** બળતાંને જો ઉગારે.
તો તારી પૂજા રોજ સ્વીકારું.

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# ઉપાસના-સાર

## ઈશોપનિષદ્‌ની રત્ન કણિકા

(ભાવાનુવાદ)

છે હરિનું આ જગત રહેઠાણ બસ!
ને વ્યાપ્ત એનાથી બધું જીવન ખરે!
લઈ નામ પ્રભુનું, ત્યાગ કર તું પ્રેમથી,
જે કંઈ મળે તેનો કરી લે ભોગ તું,
ના વાસના તું રાખજે પરધન તણી.

જે આત્મમાં સહુને નિરન્તર દેખતો,
ને સર્વભૂતોમાં જુએ છે આત્મને,
એવો પુરુષ કદી કોઈને પણ ના કરે-
હડધૂત, નિંદા, ના રહે અળગો કદી.

આ સર્વ પ્રાણીને જુએ પોતામહીં,
એકત્વનું દર્શન નિરંતર જે કરે,
એવી દશાના સંતજનને તો પછી,
શું શોક ને વળી મોહ શું એને ભલા.

વિદ્યા અવિદ્યા બેઉના સંગાથમાં,
જે મનુજ પામી જાય આત્મજ્ઞાનને,
તરી જાય મૃત્યુ એ અવિદ્યાથી ખરે!
વિદ્યા થકી અમૃત એ આરોગતો.

ઢંકાયેલું મુખ સત્યનું એ પાત્રથી-
જે હેમમય છે, વિશ્વપોષક હે પ્રભો!
તું દૂર કરજે આવરણ મુજ કાજ એ,
હું સત્યધર્મા, લાભ દર્શનનો મળે.

આ દેહ ભસ્મીભૂત જ્યારે થાય ને-
વળી પ્રાણ થાયે લીન ચેતન તત્ત્વમાં,
લો નામ ઈશ્વરનું અરે! સંકલ્પમય,
તું સ્મરણ કર, તું સ્મરણ કર એનું સદા.
હે જીવ! તું મૂકી બધા સંકલ્પને,
એનું કરી લે સ્મરણ નિત્યે પ્રેમથી.

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય